શ્રી અરિહંત પરમાત્માની
ઓ ળ ખા ણ

વિદ્વદ્વર્ય પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવરની
તલસ્પર્શી પ્રેરક પ્રસ્તાવના સાથે

લેખક
સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્ય ભગવંત
શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. ના વિદ્વાન શિષ્યરત્ન
પ્રભાવક પ્રવચનકાર પૂ. મુનિરાજ
શ્રી ભાનુવિજયજી ગણિવર

પ્રકાશક
દિવ્યદર્શન કાર્યાલય
મહુધીની પોળ, અમદાવાદ

કિંમત સવા રૂપિયો

મુદ્રક
ચંદ્રકાંત રતિલાલ શાહ
રાધાકૃષ્ણ પ્રીંટીંગ પ્રેસ
માણેકચોક અમદાવાદ

વિ. સં. ૨૦૧૪
ઈ. સ. ૧૯૫૭

પ્રકાશક બાબુભાઈ ચી. ઝવેરી
૧૬૭-૬૯, ફોર્ટસ્ટ્રીટ, મુંબઈ-૪

પ્રાપ્તિસ્થાનો

(૧) સોમચંદ ડી. શાહ — પાલિતાણા

(૨) સરસ્વતી પુસ્તકભંડાર
હાથીખાના, રતનપોળ, અમદાવાદ

(૩) દાનસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા
ઠે. ધર્મશાળા, ગોપીપુરા સુરત

ખર્ચમાં ટેકો આપનાર પુણ્યશાળીઓ
(૧) શ્રી જયસુખલાલ ચુનીલાલ
૧૨ ([illegible]) મુંબઈ-૨૮
(૨) શ્રી જયન્તિલાલ આર. શાહ
મુંબઈ-૨

—. પ્રાગ્ વચન —

વિ સં ૨૦૦૭માં મુંબઈ, લાલબાગ ઉપાશ્રયમાં લગભગ ચાર માસ સુધી 'શ્રી અરિહંત પરમાત્માની' ઓળખાણ એ વિષય પર પૂ મહારાજશ્રીએ આપેલાં વ્યાખ્યાનના આધારે બહુ જ સંક્ષિપ્તમાં તૈયાર કરેલાં લખાણો ક્રમશ 'દિવ્યદર્શન' સાપ્તાહિક પત્રમાં પ્રગટ થઈ ચૂકયા હતા, તેનું હવે આ પુસ્તિકારૂપે સળંગ પ્રકાશન વાચકોના કરકમલમાં મૂકતાં અનેરો આનંદ થાય છે

અનંત-ગુણસંપન્ન અગમ અગોચર ત્રિલોકનાથ શ્રી અરિહંત પરમાત્માની ઓળખાણ તે થયું ? પરંતુ પ્રસ્તુત પુસ્તિકાના ચિંતનપૂર્વક અભ્યાસ કરવાથી એ વિશ્વોપકારી દેવાધિદેવના સ્વરૂપ, જીવન ગુણ શક્તિ અને ઉપકારની અદ્ભૂતતાનો ખ્યાલ આવશે પ્રભુ શ્રી અરિહંતદેવની પ્રત્યે ઉછળતી શુદ્ધ પ્રીતિ જગાડ્યા વિના સાંસારિક મલિન પ્રીતિઓ ટળી આત્માનું ઉર્ધ્વીકરણ થવું અશક્ય છે એ પ્રીતિ જગાડવાની ભવ્ય પ્રેરણા પ્રભુની ઓળખ થવાથી મળે એ માટે પ્રસ્તુત પુસ્તિકા ખૂબ જ સહાયક બનશે

વિશેષત આગ્રહભરી વિનંતિને માન આપી આ પુસ્તિકા ઉપર વિદ્ વર્ય શાતમૂર્તિ પૂ પં યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર્યે વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના લખી આપી તે બદલ અમે એમના ઘણા આભારી છીએ

દિવ્ય દર્શન કાર્યાલય તરફથી 'નિશ્ચય વ્યવહાર' અને 'અરિહંતની ઓળખ' જેવા તાત્ત્વિક વિષયના પ્રકાશનોનું પ્રુફ–સુધારણાદિ કાર્ય સંભાળવાનું મને મળ્યાથી મારી જાતને હું અહોભાગ્ય સમજુ છું. મુદ્રણમાં પ્રેસદોષ અને મારા મતિમાંદ્યના કારણે કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે બદલ હું ક્ષમા યાચુ છું. શ્રી રાધાકૃષ્ણ મુદ્રણાલયના માલિક શેઠ શ્રી બાબુભાઈ દામજીના સૌજન્યને કેમ વીસરી શકું?

કાળુશીની પોળ કાળુપુર
અમદાવાદ
વીર સં. ૨૪૮૩ શ્રાવણ સુદ ૧૫
શનિવાર

લિ.
શાહ શાંતિલાલ કુવચંદ
C/o દિવ્યદર્શન કાર્યાલય

પ્રખર પ્રવચનકાર, સમર્થ વિદ્વાન, શાંતમૂર્તિ પૂ પંન્યા
સજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર્યની વિદ્વત્તા
અને ઉહાપોહભરી કલમે આલેખાયેલ

— આદિ–વક્તવ્ય —

અનાદિ અનંત સંસારમાં કર્મ–પરવશ આત્મા, ચાર ગતિઓમાં પાંચ જાતિરૂપે અનંતકાળથી પરિભ્રમણ કરતો આવ્યો છે સુખાભાસરૂપ સુખોમાં આનંદ હર્ષ કે ઉન્માદને આધીન બનતો તથા પાપો વર્જનિત સાંસારિક દુ:ખોમાં શોક આક્રંદ અને દૈન્યને ધારણ કરતો સંસારી આત્મા અનંત ભૂતકાળમાં ક્યાંયે કોઇ રીતે ઠરીઠામ બનીને રહ્યો નથી જન્મ, જરા, મૃત્યુ અને તેના કારણરૂપ કર્મ, કષાયના ક્લેશની પરંપરાને વૃદ્ધિ પમાડતો આ જીવાત્મા, પોતાના સાચા સ્વરૂપને ખોઇ બેઠો છે માટે જ તેના માથે સંસાર પરિભ્રમણ નિરવધિ ચાલુ છે સંસારી જીવને પૌદ્ગલિક ઇષ્ટ સંયોગજન્ય કે અનિષ્ટ વિયોગજન્ય સુખ ગમે છે તે આવે ત્યારે જાણે જીવનમાં આ સુખ જોયુ–અનુભવ્યુ ન હોય તેમ ક્ષુધાતુર અન્નને જોઇને ભાનભૂલો બને તે રીતે ભાન–સાન ખોઇ બેસે છે, પણ તેને ઇષ્ટ વિયોગજન્ય કે અનિષ્ટ સંયોગજન્ય દુ:ખ નથી ગમતુ

આત્માને જગતનાં ઐશ્વર્ય સંપત્તિ કે અફાટ વૈભવો, અને પૌદ્ગલિક સુખોનો વિરાટ સમુદાય પ્રાપ્ત થવા છતાં સુખ, શાંતિ કે સ્વસ્થતાની તેની ભૂખ સાચી રીતે શમી નહિ. અકારણ જગદ્ બંધુ અનન્ત કરુણાસિંધુ દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માનો એ ઉપકાર છે કે, તેઓએ સંસાર સમસ્તના આત્માઓના મંગલ કાજે વાસ્તવિક શ્રેય માટે અવ્યાબાધ સુખ અનંત સામર્થ્ય તથા અક્ષય સમૃદ્ધિની પ્રાપ્તિ માટે ધર્મતીર્થની સ્થાપના દ્વારા સદ્ધર્મનો ભવ્ય સંદેશ વહેતો કર્યો.

* * *

એ અનન્ત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માનાં સ્વરૂપની, તેમનાં ધર્મશાસનની યથાર્થ ઓળખ માટે પ્રસ્તુત પ્રકાશન ખૂબ જ ઉપકારક છે. જગત આજે જ્યારે ચૈતન્યવાદને ભૂલી જડવાદની પૂજામાં જોર શોરથી લાગી રહ્યું છે, આત્માનાં સાચા સુખનાં સાધનોને મૂકી, સુખાભાસમાં જકડી રાખનાર બાહ્ય પૌદ્ગલિક રંગરાગમાં ગળાડૂબ ડૂબી રહ્યું છે. તેવા સમયે આ પુસ્તક સંસારના વિચારક વર્ગને વાસ્તવિકતાના રાહે દોરવણી આપવાના એક મંગલકાર્યને કરી રહ્યું છે.

શરીર, સંપત્તિ તથા સ્વજનની ત્રિપુટિના મોહમાં અંધ બનેલો અને રાગ દ્વેષ ક્રોધ, માનાદિ કષાયો, તથા અજ્ઞાન, અવિરતિમાં અથડાતો આ આત્મા, અનંતકાળથી જે અસીમ વેદનાઓના મહાસાગરમાં ડૂબી રહ્યો છે, તેમાંથી તેનો ઉદ્ધાર કરનાર તેનો હાથ પકડી તેને અનંત સુખસાગરમાં નિમગ્ન રાખનાર દેવ ગુરુ તથા ધર્મરૂપ ત્રિપુટિ કે જેમાં ધર્મ સાક્ષાત્ ઉપકારક છે છતાં તે શુદ્ધ ધર્મરૂપી રત્નનું દાન કરી, સંસાર

સમસ્તના ભવ્ય જીવો પર અનંત ઉપકાર કરનારા વિશ્વમાં કોઈ હોય તો તે શ્રી અરિહંત પરમાત્મા છે ગુરુપદે રહેલા સુસાધુઓ પણ જગતને જે ધર્મમાર્ગમાં સ્થાપે છે, તેના પ્રવર્તક-પ્રચારક તથા સંસ્થાપક તો શ્રી અરિહંત ભગવંતજ છે માટે જ શ્રી અરિહંત પરમાત્માની ઓળખાણ વાસ્તવિક રીતે થવી-કરવી ખૂબ જ જરૂરી છે એ ઓળખાણ જ રત્નોની ખાણ છે

પ્રસ્તુત પુસ્તકના લેખક વિદ્વાન મુનિપ્રવરશ્રીએ આજ એક ઉદ્દેશને હૃદયગત રાખીને આ પુસ્તકમા શ્રી અરિહંત પરમાત્માની ઓળખાણ માટે મનનીય ઉદ્બોધક તથા જીવનોપયોગી સાત્ત્વિક તાત્ત્વિક તેમજ કલ્યાણકારી જે વિચારધારા રજૂ કરી છે તે ખરેખર અતિશય ઉપકારક છે, એમ કહ્યા વિના ચાલતુ નથી અતિશયોકિત કે અત્યુકિત નહિ, પણ વાસ્તવિક રીતે વિચારતા પુસ્તકના એકે એક વિષયનુ સાંગોપાંગ અધ્યયન મનન તથા ચિંતન કરતાં કોઈ પણ સહૃદય વિચારક આત્માને આ ગ્રંથમાં સર્વ ધર્મશાસ્ત્રોનો, દાર્શનિક તથા તાત્ત્વિક ગ્રંથોનો સાર સંગૃહીત થયેલો જણાયા વિના નહિ રહે।

કોઈપણ તાત્ત્વિક ચર્ચા દાર્શનિકવાદ યા શાસ્ત્રીય વિચારણાને લેખક વિદ્વાન મુનિપ્રવરશ્રીએ અહીં જતી કરી નથી પૂર્વ પક્ષને સ્થાપિત કરીને તેનો યુક્તિપૂર્વકનો સમજી શકાય તેવી સરળ શૈલીએ સચોટ ઉત્તર અને તેમા રહેલુ શાસ્ત્રીય તત્ત્વ ઇત્યાદિનુ સરળ પદ્ધતિએ તેઓ અહીં આલેખન કરે છે માટે જ આ ન્હાના પણ તાત્ત્વિક દૃષ્ટિએ મહાન ગ્રંથને સંસારના સનાતન સ્વ-પરોપકાર તત્ત્વોનો ઉદ્બોધક આકર-

વાળો જ હોય છે ક્રમશઃ એ ઉચ્ચતા વિકાસ સાધતી સર્વશ્રેષ્ઠ ભૂમિકાએ આવે છે એ છે શ્રી અરિહંત પરમાત્માનો છેલ્લો ભવ, શ્રી અરિહંત પરમાત્માના અંતિમ ભવની મંગલ જીવનરેખા શાસ્ત્રીય દૃષ્ટિએ ખૂબ જ સુંદર શૈલીમાં ટૂંકમાં પણ સમગ્ર જીવનને સ્પર્શતી અહિં બીજા પ્રકરણમાં આલેખાઇ છે

શ્રી તીર્થંકર પરમાત્માના અંતિમ ભવની લોકોત્તર આરાધના કલ્યાણકર જીવન સાધનાને આલેખવામાં મુનિરાજશ્રીએ અહિં એકેય પ્રસંગને જતો કર્યો નથી છતાં પ્રાસંગિક વર્તમાનના વાતાવરણને સ્પર્શીને પ્રશ્નોની છણાવટ કરવામાં પણ તેઓએ કશી ન્યૂનતા રાખી નથી એકંદરે ૨૭ પેજના આ પ્રકરણમાં લેખક વિદ્વાન મુનિવરશ્રીએ શ્રી અરિહંત પરમાત્માના અંતિમ ભવની લોકોત્તર જીવન સાધનાને પોતાની આગવી શૈલીથી ટૂંકમાં શબ્દ દેહ આપી શ્રી તીર્થંકર પરમાત્મા પ્રત્યેના અદ્ભૂત ગુણાનુરાગની સાથે પોતાના હૈયામાં રહેલા દેવાધિદેવ શ્રી અરિહંત ભગવંત પ્રત્યેના અપૂર્વ ભક્તિભાવને પોતાના કલમ દ્વારા અહિં પ્રદર્શિત કર્યો છે ટૂંકમાં શ્રી અરિહંત ભગવંતના જીવનનું સિંહાવલોકન આ પ્રકરણમાં આવી જાય છે

લેખક મુનિવર શ્રી પ્રૌઢ છે શાસ્ત્ર રહસ્યોના જ્ઞાતા છે પૂજ્ય પા૦ પરમ ગુરુદેવશ્રીની સેવામાં પરમ વિનયભાવે વર્ષો સુધી રહી તેઓએ સુંદર જ્ઞાનસાર ગ્રહણ કર્યો છે આજ કારણે તેઓની લેખન શૈલીમાં અનુભવની પરિપક્વતા તેમજ ... તથા યુક્તિઓનો ભંડાર ને પ્રાસંગિક કથનની પુષ્ટિ

માટે સમગ્ર ગ્રંથમાં દષ્ટિગોચર થાય છે તે યુક્તિઓ સામાન્ય નહિ પરપક્વ ને પ્રૌઢ તથા સચોટ દષ્ટાંતોની શૈલી પણ તેવી જ આકર્ષક તેમજ સંગીન યુક્તિની સચોટતા તથા અનુભવની પરિપક્વતા લેખક મુનિરાજશ્રીમાં કેવી સચોટ છે તે માટે એક જ દાખલો આ પ્રકરણમાંથી આપણે લઇએ! શ્રી અરિહંત પરમાત્મા કે સિદ્ધ પરમાત્મા મોક્ષે ગયા બાદ જે અનંત સુખનો આસ્વાદ કરે છે જે અનંત સુખના સ્વામી બને છે, તે સુખ સર્વ જીવોનાં સુખ કરતાં અનંતગુણ હોય છે તેને અંગે શ્રી પંચસૂત્રમાં આવતા નિર્દેશ પરથી લેખક મુનિવર શ્રી કેવા વેધક તથા સચોટ તત્ત્વસ્પર્શી વર્ણન કરે છે તે માટે તેઓના જ શબ્દો જોઇએ 'સિદ્ધના આત્માઓ અક્ષય અવ્યાબાધ, અનંત સુખમાં ઝીલે છે એ સુખ સર્વ જીવોના સુખ કરતાં અનંતગુણ હોય છે સંયોગની અપેક્ષા વિનાનું નિરપેક્ષ આત્મસુખ હોય છે સંયોગજન્ય સુખના અભ્યાસીને એના અનુભવનો ખ્યાલ નથી આવી શક્તો, પણ તે વાસ્તવિક સુખ છે અને અનંત પ્રમાણવાળું છે કેમકે જીવને જો એક શત્રુના નાશથી ય મહા આનંદ થાય છે, એક ઇચ્છાની પૂર્તિ અને નિવૃત્તિ થવાથી અપૂર્વ આનંદ લાગે છે એક રોગ એક પીડા ને એક ઉપદ્રવના નાશથી અદ્ભુત સુખનો અનુભવ થાય છે, એક સારા પદાર્થની પ્રાપ્તિથી અપૂર્વ મઝા આવે કે તો પછી સર્વ શત્રુના અભાવથી સર્વ ઇચ્છાની નિવૃત્તિથી સર્વ પદાર્થની પ્રાપ્તિથી અને સર્વ રોગ-પીડા-ઉપદ્રવના નાશથી અનંત સુખ પ્રાપ્ત થાય, અનુભવાય કે એમાં શી નવાઇ?

ત્માનો જ કહેવાશે' આ પીઠિકાથી લેખક મુનિરાજશ્રી દ્વારા આ સમગ્ર પ્રકરણમાં શ્રી જિનેશ્વર ભગવાનના લૌકિક-લોકોત્તર દ્રવ્ય તથા ભાવ ઉપકારોનું ભિન્ન ભિન્ન દૃષ્ટિએ અદ્ભૂત વર્ણન કરવામાં આવ્યું છે ઇહલોકનો કે પરલોકનો, પાપી કે પુણ્યવાન ઉપરનો પણ શ્રી અરિહંત પરમાત્માનો અમાપ ઉપકાર કેવી રીતે છે? તેનું આલેખન મુદ્દાસરના શબ્દોમાં સુંદર રીતે અહિ થયું છે અર્થશાસ્ત્ર, આરોગ્ય, દેશ, સમાજ કુટુંબ, કુળ ઈત્યાદિ દૃષ્ટિએ જે કાંઈ સારું, અનુકૂળ કે ઇષ્ટ બની રહ્યું છે, સંસારી જીવને જે કાંઈ સુખ, સગવડો સંપત્તિ કે જગતમાં માન સન્માન, પદ, પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ રહ્યા છે, તે બધું યે ધર્મના પ્રભાવે, અને તે ધર્મના પ્રવર્તક સ્થાપક શ્રી અરિહંતદેવ જ છે એટલે જે લૌકિક કે લોકોત્તર સર્વ ભાવો સંસારમાં આ માને પ્રાપ્ત થઈ રહ્યા છે તે બધામાં મૂળ શ્રી અરિહંતતત્ત્વની અસીમ કરુણા જ કારણરૂપ છે

આ પ્રકરણમાં આ હકીકત પર ભાર મૂકીને શ્રી અરિહંત પરમાત્માના નામ સ્થાપના ઇત્યાદિની પૂજનીયતા ઉપર સચોટ નિરૂપણ કરવામાં આવ્યું છે સાથે શ્રી તીર્થંકરદેવના દેહનો, ને આત્માનો વિશ્વના સમસ્ત આત્માઓ ઉપર જે ઉપકાર થઈ રહ્યો છે, તેનું ટૂંક આલેખન અહિ વિદ્વાન મુનિપ્રવરશ્રીએ કર્યું છે યાવત્ સંસાર સમસ્તના અભયદાનના દાતા, ઉપદેશક અને અક્ષયમાર્ગના સાચા સાર્થવાહ તરીકે પણ શ્રી અરિહંતદેવના ઉપકારને અહિ વર્ણવ્યો છે

વિવિધ દૃષ્ટિકોણથી, અનેક રીતે શ્રી તીર્થંકર પરમાત્માના ત્રણ લોક પરના અનંતાનંત ઉપકારોનું ભવ્ય આલેખન

૧૭ પેજના આ પ્રકરણમાં ભાવવાહી શૈલીમાં ગણિવરશ્રીએ કર્યું છે

પ્રકરણ ૯૬ઠ્ઠું સમગ્ર ગ્રંથના વિષયોમા તાત્ત્વિક ચર્ચા તથા જૈન દર્શનની અને અનંત ઉપકારી પરમતારક શ્રી અરિહંત પરમાત્માની સુસવાદી તત્ત્વ-વ્યવસ્થાને સાંગોપાંગ વિવિધ પાસાઓની રજુઆત દ્વારા મહત્ત્વનું બન્યુ છે આ પ્રકરણ શ્રી અરિહંત પરમાત્માએ વિશેષ શું આપ્યુ ?" એ શિર્ષકથી શરૂ થાય છે વાસ્તવિક દૃષ્ટિએ તો સંસારના સર્વશ્રેષ્ઠ આચારો તથા સર્વશ્રેષ્ઠ વિચારોનુ કેન્દ્ર-ઉગમ સ્થાન જૈનદર્શન છે, અરિહંત ભગવંતનુ વિશ્વકલ્યાણકર ધર્મતીર્થ છે એટલે જે કઇ સુસવાદી આત્મહિતકર સદ્‌વિચારો સંસારમા ઉપલબ્ધ છે તે બધાયનુ મૂળ જૈન દર્શન છે જૈન સિદ્ધાન્તમાની અનેકાન્ત દૃષ્ટિ એ વિશ્વના સમસ્ત કુમતો મિથ્યાવાદો એકાંતપ્રધાન માર્ગ, એ બધાયની સામે લાલબત્તી ધરે છે વસ્તુમાં રહેલા અનંત ધર્મો સાપેક્ષ દૃષ્ટિએ સમજવા માટે જૈનદર્શનની અનેકાન્ત વ્યવસ્થા ખૂબ જ ઉપકારક તથા માર્ગદર્શક છે સર્વ દાર્શનિક વ્યવસ્થા, કે આત્મા-પરમાત્મા આદિ તત્ત્વોની વિચારણા કેવળ એકાંત દૃષ્ટિના કારણે નિષ્ફળ વા મિથ્યા બની જાય છે અને જ્યા આત્માદિ તત્ત્વોની વિચારણા સુસંગત નથી ત્યાં આત્માને કર્મબંધનોથી મુક્ત કરવા માટેના આચારો કે અનુષ્ઠાનોનુ સુસંગતત્ય જળવાઇ ન રહે એય સ્વાભાવિક છે

આજ કારણે જૈન દર્શનનાં તત્ત્વજ્ઞાન તથા તે તત્ત્વજ્ઞાનના પૂરક સત્નુષ્ઠાનોનુ યથાર્થ જ્ઞાન પણ તેના પ્રરૂપકો પ્રત્યેના શ્રદ્ધા, સદ્‌ભાવ તેમજ સમર્પણ ભાવનુ પ્રેરક બને છે શ્રી અરિહંત પરમાત્માના સ્વરૂપની સાચી પિછાણ તેમજ તેમના

તેનો પાર ન આવે તો પછીના સંબંધમાં તો પૂછવાનું જ શું ! આવા સ્વરૂપવાળા પરમાત્મા એજ ખરેખર પરમ આત્મા છે કે જે આ ભવ, પરભવ અને ભવોભવના હિતકારી, ઉપકારી અને સુખકારી છે ' ઉપરોક્ત તેઓ સર્વ કોઇ કલ્યાણકામી આત્માઓને દિવ્ય સંદેશ આપતાં સ્પષ્ટપણે ઉપદેશે છે કે 'માટે જ શ્રી અરિહંત પ્રભુના શરણને જ સ્વીકારી એમની આજ્ઞાનુકૂલ જીવન બનાવવું હિતાવહ છે '

મારે પણ વિદ્વદ્વર્ય મુનિવર્ય શ્રી ભાનુવિજયજી ગણિવરના શબ્દોમાં શબ્દો જોડતાં પ્રસ્તુત પુસ્તકના વિષયોનું સિંહાવલોકન પૂર્ણ કરતાં એજ કહેવાનું રહે છે કે, 'જેઓએ આત્માનું સાચું શિવ સાધવું છે, અનંત વેદનાઓ, દુઃખો તથા દ્વંદ્વોથી પરિપૂર્ણ ભવસાગરના પારને પામવો છે તેઓ માટે શ્રી અરિહંત પરમાત્માના શાસન સિવાય અન્ય કોઇ જ શરણ નથી એ ત્રિકાલસત્ય કદી ભૂલાવું જોઇએ નહિ '

આવા અદ્ભુત ગ્રંથરત્નના લેખક મુનિપ્રવર શ્રી ભાનુવિજયજી ગણિવર્ય શ્રી માટે ખરેખર આપણને સદ્ભાવ ઉત્પન્ન થયા વિના નહિ રહે ! વિદ્વદ્વર્ય લેખકશ્રીએ પોતાના જ્ઞાન સંયમ શ્રદ્ધા, ચિંતન મનન નિદિધ્યાસન તથા અખંડ ગુરુ સેવા, સ્વાધ્યાય તપ ઇત્યાદિના પરિપાકને આ ગ્રંથમાં જાણે શબ્દ દેહ આપ્યો છે એમ કહેવામાં અતિશયોક્તિ પણ અયુક્તિ નથી ૨૪ વર્ષની યૌવનવયે સંસાર સમરાંગણના પ્રલોભનોને ત્યજી વૈરાગ્યના રંગે રંગાઇને જેઓએ પૂજ્યપાદ, પરમગુરુદેવ સિદ્ધાન્ત મહોદધિ સુવિહિત શિરોમણિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમ સૂરીશ્વરજી મહારાજના શરણને સ્વીકારી ચારિત્ર-રત્નને ગ્રહણ

કરેલ છે, તે મુનિવર્ય શ્રી ભાનુવિજયજી ગણિવરનુ સયમ સમ્યગ્જીવન તપ સ્વાધ્યાય તથા અખડ ધ્યાનોપાસનાથી એ ત પ્રોત છે ગભીર વિદ્વત્તા અદ્ભુત વકતૃત્વ તથા સુંદર શાસન-પ્રભાવકતા, અ ધ્યાપનો સગમ તેમના ચારિત્રશીલ જીવનમાં કોઇ અપૂર્વ રીતે રહેલો છે તપ, જપ, સ્વાધ્યાય, પઠન પાઠન ઇત્યાદિ સયમી જીવનના નિત્ય અલકારરૂપ અનુષ્ઠાનોમાં સદા જાગ્રત રહેવા છતા પરોપકાર કાજે વ્યાખ્યાનાદિ પ્રવૃત્તિઓ દ્વારા અનેક આત્માઓ પર તેઓ અનુપમ ઉપકાર કરી રહેલા છે આમ તેઓના જીવનમાં થી વીતરાગ શાસનની આરાધના, રક્ષા, તથા પ્રભાવના જે રીતે થઇ રહી છે તેમાં તેઓના હૃદયમાં પૂજ્યપાદ, પરમોપકારી, પરમસયમ મૂર્તિ સુવિહિત શિરોમણિ પરમગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રી પ્રત્યેનો અદ્ભુત ભક્તિભાવ તથા તે પરમતારણહાર પૂજ્યપાદશ્રીનો તેઓ પ્રત્યેનો કૃપાભાવ જ મુખ્ય આલબનરૂપ છે

લેખક મુનિરાજશ્રીએ અત્યાર અગાઉ અનેક વિષયો પરના શ્રી અરિહતદેવના શાસનપ્રત્યે તે તેમના વિશ્વોપકારક સદ્ધર્મ માર્ગ પ્રત્યે સર્વ કોઈ યોગ્ય આત્માઓનો શ્રદ્ધાભાવ દૃઢ બને તેવાં પ્રકાશનો લખીને, સમ્યગ્જ્ઞાનની-શ્રુતજ્ઞાનની ભક્તિ કરી છે તે જ રીતે આ ગ્રથ જે 'દિવ્યદર્શન' સાપ્તાહિકમાં ક્રમશ પ્રસિદ્ધ થયેલ લેખમાળાનુ સસ્કારિત-રૂપાંતર છે તે પણ શ્રી જૈનશાસન પ્રત્યેના અહો ભાવથી પ્રેરાઈને સસારના અભ્યાસી મુમુક્ષુ જીવોના કલ્યાણકાજે તેઓએ પરિશ્રમ લઇ તૈયાર કર્યો છે ચિંતન તથા મનનનો આ ગ્રથ, જગતની ત્રણેય લોકની

સાત્વિક, શ્રેષ્ઠ તથા અજસ્રરૂપ વિચારધારાના પ્રતીકરૂપે છે વર્તમાનકાળના જડવાદમાં અધિકીઆ કરનારા છતાં અધ્યાત્મ-દૃષ્ટિ જેઓમા જીવત છે, તેવા વિચારક વર્ગને પણ આ ગ્રંથ ઉદ્બોધક તેમજ માર્ગદર્શક છે

લેખક મુનિવર શ્રી ભાનુવિજયજી ગણિવરશ્રી પૂર્વકાળમા વર્તમાનના કૉલેજ સુધીના પ્રાશ્ચાત્ય શિક્ષણને પામી, પોતાની તાત્ત્વિક દૃષ્ટિને વિકસાવી જૈનદર્શન પ્રત્યે સમજણ, શ્રદ્ધા તેમજ સમર્પણથી ભાવિત બનેલા સત્વશીલ વિચારક છે તેઓશ્રીની લેખિની શાંત તેજસ્વી છતાં સ્વસ્થ છે તેઓનુ વક્તૃત્વ પ્રભાવશાલી, સચોટ તથા સર્વ કોઈ સાંભળનારના હૈયામાં શ્રી વીતરાગદેવના વૈરાગ્યમાર્ગમાં વાળનાર પ્રભાવક છે તેઓ વૈરાગ્યમય વાણીને સુમધુર કંઠે જ્યારે લલકારે છે ત્યારે શ્રોતાગણ તે સાંભળતાં ખરેખર તદાકાર બની જાય છે

આવા મુનિવરશ્રીના વ્યક્તિત્વનુ પ્રતિબિંબ તેઓની આ સાત્વિક તથા શ્રેયમાર્ગની સાધક વિચારધારામાં પ્રતિબિંબિત થએલ જોઇ શકાય છે થી જૈન દર્શન પ્રત્યે તેના સ્થાપક દેવાધિદેવ શ્રી અરિહંત દેવ પ્રત્યે સંસાર સમસ્તને શ્રદ્ધા, સદ્ભાવ તથા સમર્પણભાવ જાગ્રત બને, અજ્ઞાન મોહ તથા મિથ્યાભાવનો ગાઢ અંધકાર જે વિશ્વની ચોમેર ફેલાઇ રહ્યો છે તે આવા સમ્યગ્જ્ઞાન પ્રકાશના તેજસ્વી કિરણોથી ટળે તેવાં પ્રકાશનો તેઓ પ્રગટાવતાં રહે એવી અભિલાષા હુ અવશ્ય રાખી શકુ !

ને પ્રસ્તુત પ્રકાશનના વિષયનુ સારગ્રાહી વિચારક આત્માઓ દન કરી, શ્રી અરિહંત દેવનાં પરમતારક શરણને સ્વી

કારી આત્મમિત્ર સાધરા સવિ[illegible] [illegible] રત્નના લેખક, સયોજક તથા [illegible] બનાવો એ શુભકામના સહ [illegible]

અમર જૈનશાળા, રેકરી,
ખભાત

[illegible] મણિ
[illegible] ૨૬ાર
[illegible] ૨૪૮૨

— અનુક્રમણિકા —

વિષય	પા ન

વિષય	પા ન

[સમાપ્ત]



– પરમાત્માનુ સ્વરૂપ :–

આત્મોન્નતિમા અનિવાર્યરી

શ્રી અરિહંત પરમાત્માની ઓળખાણ.

ઊંચી અને નીચી ગતિઓમાં વિવેક—

ને
મ
ગ

મા
ને
થી
ગુ
ના-
ના-
ની
ના
ધે
છે કે
ળા,
નથી

માટે
દર્શ
અને
પણ

કોટિની છે માનવની ઉપર કહેવા બળવાન હાર્દિક માનસિક અને આત્મિક શક્તિઓ અતિ ઉચ્ચ અને કિંમતી છે ત્યારે વિચારો કે નીચી કોટિની કાયા-ઇન્દ્રિયો વગેરેની શકિતઓનો ખૂબ ઉપયોગ કરી લેવાય અને ઉચ્ચ કોટિની એ હૃદય, મન અને આત્માની શકિતઓનો ઉપયોગ ન કરાય કે ઓછો કરાય એ શું મૂર્ખતા નથી? જેની પાસે ગાડી, મોટર બનેય છે એ બળદગાડીમાં રોજ બહુ ફરે અને મોટરમાં વર્ષમાં કોકવાર ફરે, તો એને લોક મૂર્ખ કહે કે બીજુ કાંઈ?

ત્યારે તમે કહેશો કે અમે હૃદય, મન અને આત્માની ભાવના-બુદ્ધિ-પુરુષાર્થ શકિતઓનો પણ ખૂબ ઉપયોગ કરીએ જ છીએ,

તો તમને એ પ્રશ્ન છે કે એ ઉપયોગ કેવો કરો છો? સદુપયોગ કે દુરુપયોગ? પશુ કરે એવો ઉપયોગ કે દેવ પણ ન કરી શકે એવો ઉપયોગ? મળેલી આ વિશિષ્ટ કોટિની દુર્લભ શકિતઓનો દુરુપયોગ ખૂબ પ્રમાણમાં કરાય અને સદુપયોગનું દેવાળું હોય, એ કેટકેટલું દુઃખદ, દયાપાત્ર અને અજ્ઞાનતાભર્યું કહેવાય! ભૂલવા જેવું નથી કે આ શક્તિઓનો દુરુપયોગ કાયિકાદિશક્તિના દુરુપયોગ કરતાં ઘણોજ નુકશાનકારક નીવડે છે, અને ભયંકર દુર્ગતિઓમાં ભવભ્રમણ કરા

વનારો બને છે માટે જ એવા નુકસાનથી બચવા અને અતિ ઉચ્ચ કોટિના લાભો મેળવવા માટે દુર્લભ શક્તિઓના સર્વ દુરુપયોગ ટાળી સુદર સદુપયોગ કરવાનો સતત પુરુષાર્થ આદરાવો જોઇએ

ઉચ્ચ શક્તિના ઉપયોગ —એ સદુપયોગમા (૧) ભાવના બળથી **હૃદયમા સદ્ભાવનાઓ અને પવિત્રતાને ભરચક ભરી દેવાની,** (૨) બુદ્ધિબળથી **મનને ઉચ્ચ કોટિની સદ્બુદ્ધિઓમા રમતુ** રાખવાનુ, મનને સૂક્ષ્મ અને સુદર કોટિની તાત્ત્વિક વિચારણા-યોજના-મનોરથો કરતુ બનાવવાનુ, તથા (૩) નિર્ણય-પુરુષાર્થબળથી આત્માની પાસે મહાન **તત્ત્વશ્રદ્ધાના નિર્ણય મોક્ષમાર્ગના** અને સિદ્ધાન્તોના નિર્ણયો તેમજ **મોક્ષસાધનાના પુરુષાર્થ આદરાવવાના** તાત્પર્ય એ છે કે ત્રિવિધ બળથી અતરથી ઉચ્ચ આદર્શ-મનોરથોવાળા, સુમતિયુક્ત, સદ્વિચારક, વિવેકી, સત્કર્તવ્યના નિર્ધારવાળા, પવિત્ર અને સત્પુરુષાર્થી બનવાનુ છે

સદુપયોગનુ પહેલુ સાધન —આ માટે પહેલ તો આપણી નજર સામે (૧) **ઉચ્ચ આદર્શ પુરુષો,** (૨) **ઉચ્ચ આદર્શ જીવન** (૩) **ઉચ્ચ આદર્શ સિદ્ધાન્તો જોઇએ**

આત્મામાથી અનાદિની કાળીને ભરેલી મલિનતા દૂર જાય, અન આત્મામા એ ઉચ્ચ આદર્શો, પવિત્રતા, પુરુષાર્થ વગેરે ઝગમગતા તથા જીવનવ્યાપી બની જાય

આત્મિક મલિનતા બે પ્રકારની છે એક તો ગમે તેવી અપ્રામાણિક વ્યકિત, વસ્તુ કે માન્યતા પર શ્રદ્ધા અને રુચિ એ મલિનતા છે ત્યારે બીજી મલિનતા અસદ્ આચરણની મલિનતા છે એ બન્નેને ટાળવા માટે સમ્યકત્વ અને ચારિત્ર (વિરતિ) જ સમર્થ છે જ્યારે બન્નેય મલિનતા દૂર કરાશે ત્યારેજ આત્મા ઉન્નતિની ટોચે પહોચશે એમાય જો પહેલી મલિનતા દૂર થશે તાજ બીજી મલિનતાને નીકળી જવાના અવકાશ મળશે

શ્રદ્ધાની મલિનતાથી તો માણુમની કાઈ જ કિમત નથી રહેતી તેમ **વર્તનની મલિનતાથી** પણ માણુમ ઉચો નથી આવી શકતો દુનિયામાય જુઓ ક જેને યોગ્ય વ્યક્તિ પર શ્રદ્ધા નહિ યોગ્ય પ્રવૃત્તિની રુચિ નહિ અને સુયોગ્ય સિદ્ધાન્ત તથા મર્યાદા પર આસ્થા નહિ, તો એવા માણુસની કાઈજ કિમત નથી હોતી સારો અમલ હજીય સુકરેન હોય, પણ સારી આસ્થામાથીય જ્યારે માણુસ જાય ત્યારે જીવનમા શુ રહ્યુ ? રોગી માણુસ અનેક વૈદ ડાક

ટરો બદલ્યા તો કરે, પણ પાછી જે વખતે જેની દવા ખાતો હોય એ વખતે પણ જો એના પર શ્રદ્ધા ન રાખે, તો વહેમી અને હૈયા વિનાનો જ ગણાય ને ? અથવા જીવનમા જેની સાથે સબ ધ લાગ્યો છે એવા માતા, પિતા, પત્ની, પુત્ર, શેઠ, વકીલ વગેરે ઉપર શ્રદ્ધા ન રાખે, તેમ શુદ્ધવ્યવહારના સિદ્ધાન્તો અને સારી પ્રવૃત્તિની રુચિ ન હોય તો એવાને માનવભવ મળ્યા પછી જીવન તો ગમે તેમ પુરૂ થાય છે, પણ તે ઠ ગધડા વિનાનુ અને કુશ્રદ્ધા કુવિક પો અને કુપ્રવૃત્તિમા અથડાઈ-કુટાઈને પૂર્ણ થાય છે તો આ લૌકિક દૃષ્ટિની જેમ લોકોત્તર દૃષ્ટિએ માણસે યોગ્ય વ્યક્તિ, યોગ્ય તત્ત્વો અને યોગ્ય વતન ઉપર શ્રદ્ધા કેળવવી જોઇએ છે સાથે, પ્રવૃત્તિ પણ પાપસ્થાનકોના ત્યાગપૂર્વક એકાતે દર્શન-જ્ઞાન-ચારિત્રમા આદરવી ઘટે છે એ માટેજ ઉચ્ચ આદર્શ પુરુષો, આદર્શ સિધ્ધાન્તો અને આદર્શ જીવનસરણીને સતત નજર સામે ને નજર સામે રાખવાના છે એ ઉચ્ચ આદર્શોની આ સ્થામા અને એને યોગ્ય અમલમા હૃદય, મન અને આત્માના ભાવનાબળ, બુધ્ધિબળ, વિવેકબળ અને પુરુષાર્થબળ ખરચવાના છે આસ્થામા આત્માનો સમ્યક્ત્વ ગુણ પ્રગટે છે, અમલમા ચારિત્ર ગુણ પ્રગટે છે ચારિત્ર સર્વથા અને અશે એમ બે

છે અને ચારિત્રમા ગૃહસ્થને યોગ્ય બાર વ્રતો આને છે સર્વથા ચારિ। સાધુનુ હોય છે મોક્ષ સર્વાશ-ચારિત્રથી જ મળે છે પણ એ પામવા અશેય ચારિત્ર જોઇએ તેના મૂળમા જે સમ્યકત્વ જરૂરી છે, તેના માટે અહીં આદર્શ પુરુષ તથા એમના વચન ઉપર શ્રધા કેળવવા અને એમનેજ નજર સામે સ્થિર રાખી લેવા પૂર્વે આદર્શ પુરુષ તરીકે શ્રી અરિહન્ત પરમાત્માને વ્યવસ્થિતપણે ઓળખી લેવા જોઈએ મોક્ષના અનન્ય ઉપાયભૂત સમ્યકત્વમા શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે અટલ વિશ્વાસ અને પ્રીતિ આવશ્યક છે તે પ્રસગત સમ્યક્ત્વનો ન્ઝિ ખ્યાલ કરી લઈ, પછી એના એક વિષય તરીકે સુદેવની શ્રધ્ધાના પ્રસગમા પરમાત્વ તત્ત્વનો વિચાર કરીશુ

સમ્યકત્વ-સમ્યગ્દર્શન

વ્યાખ્યા—મનુષ્યના પવિત્ર મનરૂપી મદિરમા શ્રી અરિહત પરમાત્મા પ્રતિષ્ઠા કરાવા યોગ્ય છે એવા માનવ મનોમદિરે પહેલા તો જે ઉચ્ચ આદર્શો, નિર્મળ શ્રધ્ધાબળ અને પવિત્ર વિચારસરણીના અજવાળા પાથરવાના છે, એના માટે સમ્યકત્વરૂપી દીપક પ્રગટાવવો જોઇએ સમ્યકત્વ એટલે સમ્યગ્દર્શન પૂ વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજ **શ્રી તત્ત્વાર્થ મહાશાસ્ત્રમા** કહે છે કે,

तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्।'

'તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન'

કલિકાલ સર્વજ્ઞ પૂ. આચાર્યપુંગવ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ શ્રી યોગશાસ્ત્રમાં ફરમાવે છે કે,

'रुचिर्जिनोक्ततत्त्वेषु सम्यक्श्रद्धानमुच्यते '

જિને કહેલા તત્ત્વો ઉપર આસ્થા, તે સમ્યક્શ્રદ્ધા કહેવાય છે

સાર એ છે કે સર્વજ્ઞ વીતરાગ શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા તત્ત્વો પરની હાર્દિક શ્રદ્ધાનું નામ સમ્યગ્દર્શન છે અર્થાત્ 'જે જિનોએ કહ્યું તેજ સાચું અને શંકા વિનાનું છે तमेव सच्चं निस्संकं, जं जिणेहिं पवेइअं' એવી હાર્દિક શ્રદ્ધાનું નામ સમ્યગ્દર્શન છે

૩ તત્ત્વ — એ તત્ત્વો ત્રણ પ્રકારે છે — જ્ઞેય તત્ત્વો, હેય તત્ત્વો અને ઉપાદેય તત્ત્વો એ તત્ત્વો પર રુચિ એટલે કે ત્રણેય પ્રકારના તત્ત્વો માંથી જે જે તત્ત્વ જેવા સ્વરૂપવાળું છે તે તે તત્ત્વ પ્રત્યે એને અનુરૂપ હાર્દિક વલણ રાખવું તેનું નામ સમ્યક્શ્રદ્ધા છે 'અનુરૂપ' એટલે કે (૧) તત્ત્વ જો હેય સ્વરૂપવાળું છે તો એના આત્માનું અસારતા-નિર્ગુણતાનું ભાન,

ભય, તિરસ્કાર, અને ત્યાજ્યતાનુ વલણ એમ (ii) ઉપાદેય તત્ત્વો તરફ સારભૂતતાની અને સુખકારિતાની બુધ્ધિ, ગમવાપણુ, નિર્ભયતા-નિશ્ચિન્તતા, અને કર્તવ્યતાનુ વલણ, અને (iii) જ્ઞેય તત્ત્વ તરફ શુધ્ધ જ્ઞાન દૃષ્ટિ અર્થાત્ રાગદ્વેષરહિત ઉદાસીનતાનુ વલણ,- આ ત્રિવિધ વલણ એ સમ્યક્ત્વની અવસ્થા છે

બીજી રીતે ૩ તત્ત્વ —અથવા તત્ત્વ એટલે ઉપાસ્ય તત્ત્વો એ ત્રણ પ્રકારે,-(૧) સુદેવ, (૨) સુગુરુ, અને (૩) સુધર્મ એના પર રુચિ એટલે કે હાર્દિક અખંડ પ્રેમ અને શ્રધ્ધા, એ સમ્યગ્દર્શન

અહીં પહેલા આ સુદેવાદિ ત્રણ ઉપાસ્ય તત્ત્વોનો વિચાર કરીએ કેમકે (૧) શ્રી જૈન સંઘમા આબાલવૃધ્ધ પ્રસિધ્ધ છે કે 'ભાઈ! દેવગુરુધર્મ પર શ્રધ્ધા રાખો '-બીજુ વધારે કાંઇ ન બની શકે તોય આટની શ્રદ્ધા અવશ્ય રાખો વળી (૨) ઉપર જે કહી આવ્યા કે ઉચ્ચ આદર્શ પુરુષો, આદર્શ જીવન સરણી અને આદર્શ સિદ્ધાન્તોને બરાબર નજરમા રાખ્યા કરો, તેનો ખ્યાલ આ સુદેવ-ગુરુ-ધર્મ માથી મળે છે, અને આ મુખ્ય વસ્તુ છે જીવન જીવતા એકવાર હૃદય સામે નિરંતર આદર્શ બરાબર રમ્યા કે, પછી તો આત્મામાથી મલિનવૃત્તિઓ દૂર થઈ

પવિત્રતા આવવામા તથા મલિન પ્રવૃત્તિઓ અટકી પવિત્ર પ્રવૃત્તિઓના ભગીરથ પુરુષાર્થ જાગવામા વાર નહિ લાગે દુનિયામા પણ જુઓ કે ઉચા વિદ્યાર્થી પર નજર રાખનારો નીચા નબરનો વિદ્યાર્થી પ્રેરણા પદ્ધતિ મેળવી ઉચે આવે છે મોટા વેપારી પર દૃષ્ટિ રાખીને નાનો વેપારી આગળ વધે છે એવી રીતે આપણે પણ આદર્શ પુરુષ-પરમાત્માના આલબને આત્મવિકાસ સાધવાનો છે જગતમા અનાદિકાળથી સુદેવ-સુગુરુ-સુધર્મનુ તત્ત્વ એક સરખુ એકજ જાતનુ ચા યુ આવે છે અર્થાત અનતકાળ પૂર્વેનુ પૂછો, કે અનત કાળ પછીનુ પૂછો, કે સુદેવ કોણ? સુગુરુ કોણ? સુધર્મ કયો? તો એકજ જવાબ છે કે,

સુદેવ-સુગુરુ-સુધર્મની વ્યાખ્યા —

સુદેવ —અઢારેય દુષણ રહિત અને ચોત્રીશ અતિશયોથી યુક્ત, તથા સદ્ધર્મના આદ્ય ઉપદેશક શ્રી સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા એજ સુદેવ છે

સુગુરુ —આ જીવન પ્રતિજ્ઞાપૂર્વક પચમહાવ્રતધારી, સર્વ સાવદ્ય યોગના અને એના કારણભૂત કચન કામિનીના ત્યાગી, તથા જિનોકતશાસ્ત્રમર્યાદાથી રહેનારા અને શ્રી જિનવચનાનુસારી જ પ્રરુ કરનાર શ્રી સાધુ ભગવતો એજ સુગુરુ છે

સુધર્મ —રાગાદિ દોષ રહિત એવા અનત જ્ઞાની સર્વજ્ઞ ભગવતોએ (શ્રી કેવલી ભગવતોએ) ભાખેલો ત્રિકાલાબાધ્ય તત્ત્વસિદ્ધાન્તોથી સપન્ન જે ધર્મ, તેજ સુધર્મ છે

આમા, જોશો તો જણાશે કે કોઇ વૈયક્તિક દેવ-ગુરુ-ધર્મની વાત નથી અહીં તો દેવત્વના ગુણથી સપન્ન હોય તે દેવ, પછી ભલે નામ ગમે તે હો તે પણ સસારી જીવ બની શકે છે ગુરુત્વના ગુણથી યુક્ત હોય તે ગુરુ, વ્યક્તિ ગમે તે હો, અને સાચી ધર્મતાના સ્વરૂપવાળો હોય તે ધર્મ વિશાળ વિશ્વમા એક માત્ર જૈન દર્શન નિષ્પક્ષપાતપણે આ વસ્તુ દર્શાવે છે, તેથી જ જૈનદર્શન એજ વિશ્વ-દર્શન છે, સૌ કોઈ માન્ય કરી શકે એવુ શાસન છે સર્વશ્રેષ્ઠ દર્શન છે માટે જ સસારમાથના પડતી મૂક એજ એક આદરણીય છે, યાવત્ મોક્ષ સુધી ઉપાસનીય છે, અવશ્ય આરાધના યોગ્ય છે આની શ્રેષ્ઠતા માટે યુક્તિ અને હેતુ અહીં બતાવવામા આવશે

સુદેવ

જુદા જુદા ધર્મોના ઇશ્વર — સુદેવ એટ મોક્ષ, ધર્મ અને તત્ત્વોના મૂળભૂત આદ્યપ્રરૂપક એ એજ સાચા દેવાધિદેવ જગતમા અનાદિ અન

ળથી એવા સુદેવ તરીકે જીવન્મુક્ત, પણ પછી વિદેહ મુક્ત બનનારા એવા, અને તદ્દગુણસ પન્ન વીતરાગ સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્મા જ હોય છે નૈયાયિકાદિ કેટલાક સુદેવ એટલે દેવાધિદેવ પરમાત્મા તરીકે અનાદિસિદ્ધ જગતકર્તા ઇશ્વરને માને છે, ત્યારે વેદાન્તીઓ યુગ્મિકાળે ઉત્પન્ન સૃષ્ટિકર્તા ઇશ્વરને માને છે મિમાંસકો વેદના ઉપદેશક કે સર્જનહાર નહિ પણ માત્ર મ ત્રદેવતાને ઉપાસનીય રૂપે કહે છે ત્યારે વળી યોગદર્શન વાળા પ માત્મા તરીકે અનાદિ શુદ્ધ સહજ શકિતમાન આત્માને સ્વીકારે છે તો કેટલાક મહેશ્વરવાદી જેવા મહેરબાની અને કોપ કરનાર સર્વ શકિતમાન ઇશ્વરને પર માત્મા તરીકે ભજે છે ત્યારે સાખ્ય અને બૌદ્ધો વળી તત્ત્વોના આવપ્રરૂપક એવા પરિમિતજ્ઞાની કપિલ અને બુદ્ધ જેવાને પરમ પુરુષ કહે છે તો અવતારવાદીઓ વળી યુગે યુગે સાધુજનોના રક્ષણ માટે અને દુષ્કૃત્યકારીઓના વિનાશ માટે અવતાર લેનારને પરમાત્મા તરીકે સ્વીકારે છે તેમ, કઈ સર્જનહાર બ્રહ્માને, કોઈ રક્ષણહાર વિષ્ણુને, કોઇ સંહારક મહાદેવને, કોઈ પવિત્ર પુરુષ રામને, અને કોઈ દેવી શક્તિ ચંડી, ભવાનીને ઇષ્ટદેવ સુદેવ તરીકે પૂજે છે આધુનિક જે ક્રિશ્ચિયનો વળી આદમ-ઇવ દ્વારા જીવો સર્જનાર અને ક્રાઇસ્ટ દ્વારા ધર્મના સ દેશો

નારા ગૉડ (God) ને પરમાત્મા તરીકે માને છે તો મુસ્લીમો મહમદ પેગબર દ્વારા જગતને ધર્મદેશ આપનારા અલ્લાહને ખુદા-ઈશ્વર કહે છે

સુદેવનાજ આધારે આત્મામા વલણ-વૃત્તિ પ્રવૃત્તિ-ઘડતરને અવકાશ —

સુદેવના સ્વરૂપમા આટલા બધા ભેદની વચ્ચે પરમાત્માનુ સાચુ સ્વરૂપ ઉપર કહ્યુ તેમ સદેહ-મુક્ત એવા વીતરાગ સર્વજ્ઞ ની અરિહંતનુ જ શાથી, એ એક બુદ્ધિમાનો માટે ખાસ વિચારણીય વસ્તુ છે સુદેવ પરમાત્મા એ તો જીવનમા અતિ જરૂરી આદર્શ અને આદેશકારી પરમપુરુષ છે તેથી એમને સાચા રૂપમા ઓળખી રાખવા જ જોઇએ એમના આધારે જ પછી જીવનમા આત્માનુ વલણ, વૃત્તિ, પ્રવૃત્તિ અને ઘડતર થશે બીજુ એ પણ જોવુ જરૂરી છે કે, કોઈએ અલ્પજ્ઞ અજ્ઞાન મનથી અમુક નીચા આદર્શની કદાચ જરૂર પણ માની, છત શુ પરમાત્મામા ખરેખર! એવા આદર્શ ને ગુણ હોય છે? દા ત કોઈને એમ થયુ કે જીવવા માટે જરૂરી હવા, પાણી, વનસ્પતિ વગેરે કોઈ બનાવનાર વિના કેમ બને? અને ન બને, તો આપણુ શુ થાય? એમ વિચારી પરમાત્મામા કર્તાપણાનો આદર્શ કલ્પ્યો પણ વિચા

ત્રાનુ એ છે કે જેને પરમ આત્મા કહીએ, એનામા
શે સાચેજ ઘટી શકે? આ માટે પહેલુ એ જુઓ કે

પ્ર૦—સુદેવની શી વિશેષતા છે? અને આ
દુનિયામા ચિરકાળથી ફસેલા આપણા આત્માને સુદે-
વનીજ જરૂર શા માટે છે? તેમજ શુ જીવના સદા
આવા ને આવા ભટકતારામના હાલ અને દુખમય પરા
ધીન દશાજ રહે છે કે એમાથી કદાપિ છૂટકારો
થય છે?

ઉ૦—અહીં ઉત્તર એ છે કે જીવના ભવભ્રમણ
અને કર્મને પરાધીન દશાનો અત આવી શકે છે
કા ણુ ક જે હિંસા મિથ્યાત્વાદિ કારણોએ કરીને એ
ભવભ્રમણ અને પરાધીનતા નીપજે છે, એ કારણો જો
બધ થાય તો સ્વાભાવિક છે કે ભવભ્રમણ અને પરા
ધીનતાનો અત આવે હવે જો આ સ્થિતિ ઉભી
કરવી હોય તો એ કારણો કેવી રીતે બધ કરવા,
એનો માર્ગ અને એનુ વિજ્ઞાન અર્થાત્ મોક્ષમાર્ગ અને
સમારમોક્ષનુ **સ્વરૂપ** જાણુવુ જોઈએ તેમજ બીજુ એ,
ક આપણને એ માગ ને જીવનમા ઉતારનારનો આદર્શ
પણ મળવો જોઈએ આ જણાવનાર અને આદર્શ આપ
નાર પ્રથમ અને શ્રેષ્ઠ કોટિના કોઇ હોય તો તે સુદેવ
કેમકે સુદેવે પ્રથમત પોતાના જીવનમા આદર્શ

મોક્ષમાર્ગ ઉતાર્યો હોય છે, અને પહેલા સ્વય ઉગ્ર
સાધનાથી સર્વજ્ઞ વીતરાગ બની પછી જગતને મોક્ષ
માર્ગનો તથા સ સાર-મોક્ષના સ્વરૂપનો બોધ આપે
છે શ્રેષ્ઠ આદર્શતા અને પ્રથમ ઉપદેશકતા, એ બે
વિશેષતા સુદેવની છે આપણે જો ચતુર્ગતિમય સ સા-
રની ર ગભૂમિ પર આપણા જીવની થતી દુર્દશા,
કેવી ? ક એકવાર દેવનુ ખોળીયુ, તથા તે પછી
તરત કૂતરાનુ ખોળીયુ, એક જીવનમા રાજાપણાનો
દમામ, તો પછીના જ જીવનમા ઢેડ-ભ ગીનો અવ-
તાર, એકવાર મહાશ્રીમ તનુ જીવન, તો પછી તરતજ
ઘોર દુ ખમય નારકનો જન્મ,—આવી દુર્દશાનો
અ ત લાવી પરમ સુખ અને સ્વાધીનતાભર્યો મોક્ષ
નીપજાવવા માગતા હોઇએ તો સ્વાભાવિક છે કે આપણે
આખ સામે ઉ ચો આદર્શ રાખી સત્ય તત્ત્વ સમજવા
સાથે સાચા મોક્ષમાર્ગની આરાધના કરવી જોઇએ અ
બેય વસ્તુ સુદેવ થકીજ મળે એમ છે

બીજાઓએ કલ્પેલુ ઇશ્વરનુ સ્વરૂપ ઇશ્વરમ
દોષયુક્તતા બતાવે છે — કેટલાકો પરમાત્માન
અવતારને એવી વૃત્તિ-પ્રવૃત્તિ અને અવસ્થાવાળા માને
છે કે જેથી એમનામા રાગદ્વેષાદિ દોષો હોવાનુ સ્પષ
જણાય તો શુ એવા દોષવાળા ઈશ્વર હોય ? દા ત
એમણે ખોળામા કે બાજુમા પોતાની તરીકે સ્રી રાખ

હોય, તો એ રાગનુ ચિહ્ન છે વળી એમને પેટને જો સતાન હોય તો એ કાનવાસનાની અને કામચેષ્ટાની ક્રિયાની નિશાની છે હાથમા શસ્ત્ર હોય તો એ દ્વેષનુ સૂચક છે તેમ જો આતતિવૃત્તિ બન્નેને યુદ્ધના સહાય કરવાની થતી હોય, અને ઘરે નરી નવાય કરવાનુ ઈશ્વરે કર્યું પણ હોય તો તેના ની નિશાની છે ત્યારે દુષ્ટ માણસનો અત કરવાની વૃત્તિ હોય, જેમ કહે છે ને કે 'विनाशाय च दुष्कृताम्, सम्भवामि युग युगे।' અર્થાત્ 'દુષ્ટ કાર્યો કરનારના વિનાશ માટે અર્થાત્ વિનાશ કરવાની વૃત્તિથી દરેક યુગમા હુ અવતરુ છુ,' તો આવી વૃત્તિ એ રાગ એના ઉપર પાછી દુષ્ટના નાશની પ્રવૃત્તિ હોય, એ દ્વેષને સાબિત કરે છે એમ જગતના સર્જનની પ્રવૃત્તિ હોય તો એમા તો દિવ્યસુખકારી સ્વર્ગ અને દારુણ દુખકારી નરકનાય નિમાણ આવે, એય કરવાના રાગદ્વેષ તો જોઈએ જ, વવાના [illegible] જોઈએ કેમક ઈશ્વરે જને માટે નરક બનાવી ને પાપી જીવોને બિચારાને પાપ કરતી વખતે કેમ અટકાવ્યા નહિ! અને હવે [illegible] સજા કરવા તૈયાર થાય છે! એ તો એ [illegible] છે માતાએ છતા પોતાના અજ્ઞાની [illegible] પછી એની જીભ પર [illegible]

કરવા દીધી પછી હાથે ડામ દીધા અથવા કોઈ માતાએ પહેલા જોયા કર્યું કે 'પોતાનો એક દુષ્ટ દીકરો બીજા સજ્જન દીકરાને ખોટી રીતે મારે છે!' આ જોવા છતા માતાએ એમ મારતાને અટકાવ્યો નહિ, પણ મારી રહ્યા પછી દુષ્ટ દીકરાને ક્રૂરપણે પીટવા લાગી ત્યારે જો એમ કહેવામા આવે કે ઈશ્વર ગુનો થવાનુ જાણતા નથી કે અટકાવી શકતા નથી, તેથી અટકાવતા નથી, તો તો એમનામા અજ્ઞાનતા કે અશક્તિ સાબિત થશે ત્યારે શુ અજ્ઞાની ઈશ્વર સ્વય સાચુ તત્ત્વસ્વરૂપ અને મોક્ષમાર્ગ જાણી શકે? કે જગતને બતાવી શકે? ઈશ્વર એટલે તો સર્વ દોષથી મુક્ત અને તજ્ઞાની પૂર્ણ પુરુષ એને બદલે દોષયુક્તતા, અલ્પ જ્ઞતા, અને અપૂર્ણતા એ ઈશ્વરત્વના વિરોધી છે

સદોષ ઈશ્વર શુ આપે? —આમ ઈશ્વરમા જો રાગ, દ્વેષ, ક્રૂરતા, કઠોરતાદિ દોષોની વૃત્તિ-પ્રવૃત્તિ હોય તો સાધક મનુષ્ય એવા ઈશ્વરને આદર્શ તરીકે સામે રાખવાથી શુ મેળવશે? ભલે ઈશ્વરનો ઉપદેશ નિર્દોષ બનના માર્ગનો હોય, પણ ખુદ ઈશ્વરજ પોતાના જીવનમા દોષોનુ પ્રદર્શન કરે તો એ અનાદિના દોષમા સબડતા જીવને કેવો આદર્શ આપે? શાળાનો શિક્ષક ગમે તેવો સારો ઉપદેશ આપે કે 'બીડી ન પીવાય,' પણ પોતેજ વિદ્યાર્થી સામે ઉભો ઉભો ટેસથી જો

બીડી પીતો હોય તો શું એ સારો આદર્શ આપી શકશે? એ વિદ્યાર્થી બીડીથી શું આઘો રહેશે કે ઉલટું બીડી પીનારો બનશે? ભલે એને ઈશ્વરની લીલા માનવામાં આવે, પરંતુ એવી લીલામાં કોઈ દોષરૂપતા નથી એવું તો ભક્તને જરૂર લાગશે, તેથી પોતાની ય તેવી રાગદ્વેષ કામની વૃત્તિ-પ્રવૃત્તિમાં કાંઈ બાધો નહિ લાગે એથી સંસારનો હ્રાસ કે પુષ્ટિ?

આરોપ ઈશ્વરથી ધર્મના નામે પાપપોષણ —

બીજું એ છે કે ઈશ્વરનો ઉપદેશ તો મોક્ષમાર્ગનોજ હોય, એમાં જો એ કહે, 'अपुत्रस्य गतिर्नास्ति-અપુત્રીયાની સદ્ગતિ ન થાય,' તો ભક્ત શું સમજે? એજ કે "ઈશ્વરના આદેશથી પુત્ર અવશ્ય જોઈએ અને એ માટે પત્ની પરિગ્રહ તથા વિષયસેવન જરૂર જોઈએ તો એ પાપ નહિ, પણ કર્તવ્ય" આવી સમજ-શ્રદ્ધા ધરવામાં પરિગ્રહ અને વિષયસેવન ઉપર સુગ-ઘૃણા થવાની યા રહી? પાપપણું માનવાનું ક્યાં રહ્યું? જીવને અનાદિકાળથી એ બે મારી રીતે પ્રિય તો છે જ, એમાં હવે આથી મસ્તી વધે કે ઘટે? અને તેય મસ્તી પાછી ઈશ્વરીય આદેશના નામે, ધર્મના નામે!! કેવું મરમું અજ્ઞાન! એથી જ આવો ધર્મના નામે કહેવાતો ઈશ્વરીય ઉપદેશ મૂઢ જીવોને અનાદિના રાગ, કામ, મૂર્છાદિ ભયંકર દોષોની પોષક પ્રવૃત્તિ સેવતા રખા-

વશે એટલુ જ નહિ, પણ એને કર્તવ્ય માનવાની મિથ્યામતિ પોષવા સાથે એ પાપોમા ડ ખ, ક પ, ભય બુદ્ધિ વગેરે થવાનુ પણ ઉડાવી દેશે! એમ જે ઘર સ સાર ઉપર જીવને અનાદિકાળથી પ્રીતિ તો છે જ અને સ સારના અનેક નિમિત્તના યોગે જ પુન સ સારવધક રાગદ્વેષાદિ દોષો પોષાયા છે, એને સર્વથા ત્યાગ નહિ, પણ ઉલટુ કર્તવ્ય પાલ ι, માનવધર્મ, સાચુ પરીક્ષા સ્થાન, વગેરે કલ્પિત ધર્મના નામે એ ઘર સ સારને એ ગૃહસ્થપણાને જીવનભર ચલાવવાનુ ઈશ્વર ઉપદેશે તો જીવો એ સ સારપાલન નિ સ કોચ પણે અને પાપ માન્યા વિના કરવાના! તેથી એ સાસારિક જીવન ભૂતકાળની જેમ અહીં પણ એ જીવમા ય રાગદ્વેષાદિ દોષોનુ સિંચન કર્યે જશે, તો જીવ ઉ ચો ક્યારે આવશે? તેમ એ પણ છે કે ઈશ્વર જો સવ જ્ઞ નહિ તો આખા જગત સાથે અન તાન ત કાળથી સ કળાયેલા તત્ત્વો કેવી રીતે ઉપદેશી શકશે? એટલે, કહેવાનો સાર એ છે કે,

સુદેવ કેવા ન હોય —

(૧) જે ઇશ્વર કહેવાવા છતાં સ્વ જીવનમા રાગ-દ્વેષાદિની પ્રવૃત્તિવાળા હોઇ ભક્તાને આદર્શ તેવો પૂરો પાડે છે.

(૨) જેમના ઉપદેશમા મિથ્યાત્વ, હિંસાદિ, તથા રાગ-દ્વેષાદિ પાપોના સર્વત્યાગનો અને એને અનુરૂપ ત્યાગમય જીવનમાર્ગનો મુખ્ય સુર નથી, કે એ જ કર્તવ્ય એવો નિર્દેશ માત્ર પણ નથી

(૩) જે પોતે અ-સર્વજ્ઞ હોવાથી અનંતાનંત કાળના સમસ્ત જગતના ભાવો જાણતા નથી, તેથી તેની સાથે સંકળાયેલા તત્ત્વોને જાણતા ન હોવાથી એવા સનાતન સત્ય તત્ત્વોને જગતને ઉપદેશી શકતા નથી

એની વ્યક્તિ સાચા પરમાત્મા કે સુદેવ હોઈ શકે નહિ સુદેવ તરીકે એવાને માની શકાય નહિ

સુદેવ કેવા હોય? —સુદેવ એવા જોઇએ કે

(૧) જેમના ઉચ્ચ આદર્શની દીવાદાંડીને નજરમા રાખવાથી આપણુ જીવન જહાજ ફરી ય ફરીથી રાગદ્વેષ-કામકષાયાદિ દોષોની ખડક સાથે અથડાઈ પડે નહિ, પાછુ

(૨) જેમના સંપૂર્ણ ત્યાગ-વિરાગ અને સમ્યગ્દર્શનના ઉચ્ચ ઉપદેશથી પણ રાગાદિ-પોષક જીવનને છોડવાનુ બને તેમજ

વિશિષ્ટ કોટિનુ હોય છે! તો જ તે બહાર નીકળ્યા પછી સશોધન પામીને બીજા કરતાં મહાચઢીયાતા તેજવાળુ અને પાણીદાર હોય છે, એવી રીતે સુદેવ પરમાત્મા બનનાર આત્માઓ પણ અનાદિ કાળથી બીજા આત્મા કરતા મૌલિક વિશિષ્ટતા ધરનારા હોય છે કાલક્રમે એ માનવભવ સુધી ઉચે આવીને વિશિષ્ટ સાધના દ્વારા તીર્થંકરપણાનુ પુણ્ય ઉપાર્જે છે એ પછી બીજા ભવે મનુષ્યપણે એ ઉત્કૃષ્ટ પુણ્યના ઉદય કાળે ઘાતીકર્મનો ક્ષય કરવાપૂર્વક દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા બને છે આ ભરતક્ષેત્ર જેવામા અમુક અમુક કાળે જ માત્ર ચોવીસ-ચોવીસ તીર્થંકર દેવો થયા કરે છે, અને મહાવિદેહ ક્ષેત્રમા સદા તીર્થંકર દેવો થયા કરે છે

તીર્થંકર પરમાત્મામા ચોત્રીસ પ્રકારની વિશેષતાઓ (અતિશયો) હોય છે, જેનુ વર્ણન આગળ કરાશે એમાથી મુખ્ય ચાર અતિશયો બરાબર તીર્થંકરપણાની અવસ્થાનો આછો પણ ચોક્સ પ્રકારે ખ્યાલ આપે છે તે આ —૧ **અપાયાગમાતિશય,** ૨ **જ્ઞાનાતિશય,** ૩ **પૂજાતિશય** અને ૪ **વચનાતિશય** પરમાત્મામા આ ચાર અતિશયો પ્રગટયા પછી જ એ ઉપદેશ કરે છે

૧ અપાયાપગમાતિશય બે પ્રકારે છે [illegible] જોતા
સામાન્ય અને બીજો વિશેષ. સામાન્યમા, અપાય=[illegible] ભાવે
પ્રકારના દૂષણો, તેનો અપગમ=નાશ [illegible] પ્રતિ
અર્થમા અપાયાપગમ એટલે ૧૮ દૂષણોનો [illegible] નમા
અર્થમા પોતે વિચરતા હોય તેના [illegible] ગણિત
શમા અપાય=મારી, મરકી, વગેરે ઉપદ્રવે [illegible] આવા
કારની 'ઇતિ' દૂર થાય છે ૧ અતિવૃષ્ટિ, [illegible] હવે
(તીડોસુડા [illegible]), ૩ ઉંદર [illegible] તમા
૪ પતંગીયા તીડ વગેરેનો ઉપદ્રવ, [illegible] દાર્થ
વગેરે મારક રોગો, ૬ સ્વચક્રભય ([illegible] ગધુ
બળવો), અને ૭ પરચક્રભય ([illegible]
તેનો **અપગમ**=શાંતિ, [illegible] ય
વિચરતા હોય ત્યાંથી ચારે [illegible] શ્રી
માથી મારી, મરકી વગેરે [illegible] હિ
ટળી જાય છે **અઢાર** દૂષણો [illegible]
વામા આવે છે એક તો, [illegible]
પામે છે, એમા [illegible]
અજ્ઞાન, દર્શનાવરણકર્મથી [illegible] નિદ્રા [illegible] ને
અંતરાય કર્મ થી થતા દાન [illegible] પાંચ લબ્ધિ (શક્તિ)ના [illegible]
પાંચ વિઘ્ન,—એમ [illegible] ના સાત [illegible]
મોહનીય કર્મના [illegible] દોષ—૮ [illegible]
અવિરતિ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ, અને [illegible]

પાચ અને ૧૩ થી ૧૮ હાસ્યાદિ ૭ (હાસ્ય, શોક, રતિ, અરતિ, ભય, જુગુપ્સા), એમ કુલ ૧૮

બીજી રીતે ૧૮ દૂષણો —૧ અજ્ઞાન, ૨ નિદ્રા, ૩ અતરાય એ ત્રણ કર્મના ત્રણ મોહનીય કર્મના ૫ ૬૨, તે આ,-ક્રોધાદિ ૪ કષાય, ૬ હાસ્યાદિ એમ ૧૩, ૧૪મુ નિંદા, ૧૫ કામ, ૧૬ મોહ, ૧૭ મિથ્યાત્વ, અને ૧૮મુ અવિરતિ શ્રી તીર્થંકર પરમાત્મામા આમાનુ કોઈ પણ દૂષણ સૂક્ષ્મ કોટિનુ પણ હોતુ નથી, તો જ તે પરમ એટલે સર્વોચ્ચ અને સર્વશુદ્ધ આત્મા છે ઉપર ગણાવેલા દૂષણો તો તે તે કર્મના ઉદયથી આત્મામા ઉભી થતી સ્ખલનાઓ અને વિકારો છે પરમ આત્મામા એટલે કે શુદ્ધ આત્મામા એવી કોઇ પણ સ્ખલના હોઇ શકે જ નહિ તેથીજ સાધક આત્મા માટે એ જ સર્વશ્રેષ્ઠ આદર્શ નજર સામે રાખવાનો હોય છે

૨ જ્ઞાનાતિશય—અગાઉના દૂષણો નાશ પામ્યાથી તીર્થંકર પરમાત્મામા કેવલજ્ઞાન કેવલદર્શન પ્રગટે છે તેનાથી લોક, અલોક સમસ્ત જગતના સર્વ જીવો અને સર્વ પુદ્ગલાદિ અજીવ દ્રવ્યોની સર્વ ભૂત-ભાવી વર્તમાનકાળની દરેકે દરેક અવસ્થા સ્વરૂપ વગેરે પ્રત્યક્ષ જાણે છે અને જુએ છે એ અનત જ્ઞાન દર્શનમા જોવા-જાણવામાથી કયાય કશુ જ બાકી રહેતુ

નથી તે પ્રભુ અને ઉપયોગ મૂક્યા વિના [illegible]
જાણતા જ [illegible] છે [illegible]
એની [illegible] બધી ખુલ્લી [illegible]
મિત્ર પડે છે, એવી રીતે આ [illegible]
સમસ્ત દ્રવ્યોના ત્રિકાળ વર્તી [illegible]
થાય છે, દરેક ભાવ પર [illegible]
જ્ઞાનથી એ પ્રભુ સર્વજ્ઞ બન્યા [illegible]
લેશ માત્ર અજ્ઞાનતા નથી. [illegible]
ક્યારે ય, ક્યાં ય પણ કોઈ પણ [illegible]
કે પ્રવૃત્તિને ન જાણવા-જોવાપણું [illegible]
જોવા મુજબ જ જે તત્ત્વો [illegible]
એ ઉપદેશે છે મોક્ષ-સમાર્ગ [illegible]
માગ બરાબર અર્થાત્ ટોચ [illegible]
અસત્યનો લેશ પણ નથી. [illegible]
અઢાર દૂષણો નીકળી જવા [illegible]
એ દોષોના નિમિત્તે બોલ [illegible]
અહીં અવકાશ નથી, માટે [illegible]
પરમાત્માનો જ ઉપદેશ [illegible]
આદરણીય છે એજ હોઈ [illegible]

૩ પૂજાતિશય — [illegible]
કઠોર આત્મસાધનાથી વી[illegible]
તીર્થંકરપણાનું પુણ્ય પ્રક[illegible] એમ [illegible]

ઈન્દ્રો અને કરોડો અબજો દેવ-દેવીઓ અહીં આવી એમની ભારે પૂજાભક્તિ કરે છે સમવસરણ રચે છે, દુન્દુભિ બજાવે છે, ઇન્દ્ર જેવા ચામર વીંઝે છે, દેવ તાઓ નૃત્ય કરે છે, પ્રભુના ગુણગાન કરે છે, સુગ ધિત જલ અને પુષ્પની વૃષ્ટિ કરે છે, પ્રભુના સુરમા મીઠી બ સરીના મધુરા ઝીણા સુર પૂરે છે પ્રભુને ઝુકી ઝુકીને પ્રણામ કરી અપૂર્વ હર્ષ અને આતુરતાથી પ્રભુની મીઠી દેશના સાભળે છે શ્રી તીથ કર પર માત્માની પૂજા થવામા મર્વજ્ઞ બન્યા ત્યારથી સદા જઘન્યથી એક કો૦ દેવતા પ્રભુની સેવામા સાથે જ રહે છે પ્રભુને પગ મૂકવા નવ સુવર્ણ કમલો રચાઇ જાય છે તે, પ્રભુ ચાલે છે ત્યારે, જાણે સાથે ચાલે છે પાછળ પાછળના બબ્બે સુવર્ણ કમળ આગળ આગળ આવતા જાય છે તે કમળ પાઠા સ્પર્શમા માખણના પિંડા જેવા અતિ સુકોમળ હોય છે વળી પ્રભુની પૂજામા આઠ પ્રાતિહાર્યની શોભા થાય છે

તે આઠ પ્રાતિહાર્ય આ —નીચેથી ઉપર ગણતા, ૧ સિંહાસન, ૨ ચામર, ૩ ભામ ડળ, ૪ છત્ર, ૫ પુષ્પવૃષ્ટિ, ૬ અશોકવૃક્ષ, ૭ દિવ્ય ધ્વનિ અને ૮ દેવ દુન્દુભિ પ્રભુ ચાલે ત્યારે સિંહાસન અને છત્ર આકા શમા ચાલે છે પ્રભુને બેમવુ હોય ત્યારે સિંહાસન ૧ચે ગોઠવાઇ જાય છે ઉપદેશ દેવા સમવસરણમાં

બિરાજે ત્યારે અશોકવૃક્ષ પ્રભુની પાછળ રહી સમસ્ત પર્ષદાને છાયા આપે છે ભામડળ પ્રભુના મુખની પાછળ ચમકનારો તેજનો ગોળાકાર પુંજ છે, તે થાળી જેવો ગોળ અને કિરણો પ્રસારતો હોય છે, તથા પ્રભુની અનુપમ કાન્તિને વળી કોઈ અધિક વધારી દે છે પ્રભુને જોનારની આંખો પ્રભુ ઉપરથી ખસી શકતી નથી, એટલી બધી લોકોત્તર મુખમુદ્રાની રમ્યતા, મનોહરતા હોય છે દુન્દુભિ શબ્દને ચારે બાજુના પ્રદેશમા લોકોને આ મુક્તિપુરીના [illegible] માર્થવાહ આવ્યાની ખબર આપે છે, અને એમનુ શરણુ લઈ લેવાની હાકલ કરે છે [illegible] પ્રભુની દેશનાના અવાજમા સંગીતનો આલાપ પૂરે છે પુષ્પ વૃષ્ટિ એવી થાય છે કે આખુ [illegible] મઘતો બગીચો! અને પાછી અસંખ્ય લોક [illegible] કરે, છતા પ્રભુના અતિશયથી [illegible] થાય એવી રીતે, અને ડીંટા નીચે અને [illegible] ઉંચી એવી રીતે પુષ્પવૃષ્ટિ થતી હોય છે

સમવસરણની [illegible]
તે પણ એક માત્ર તીર્થ [illegible]
એમા ઉપરાપર ત્રણ [illegible]
નીચેનો [illegible]નો, [illegible]
અને [illegible]

જગા રાખીને અંદરના વચલા ભાગમાં બીજ
ઉંચો ગઢ રત્નની કાંગરીવાળો હોય છે
પશુઓ, પંખીઓ વગેરે તિર્યંચ પ્રાણીઓ
વાની જગા છોડી વચમાં ઉંચો ત્રીજો
અને ચંદ્રકાંતમણિની કાંગરીવાળો કરેલ
એના પર પ્રભુ અને દેવ-માનવની બાર
છે એ અને તિર્યંચો ત્યાં પ્રભુની દેશન
તેને અતિશય ઉલ્લાસ-આતુરતાથી સાંભ
ગઢની ચારે બાજુ ગઢ ઉપર ચઢવાના પ
ચઢીને અંદર પેસવાના તોરણવાળા સુશો
હોય છે સમવસરણની નીચે ઉંચો ધ
ઇન્દ્રધ્વજ ઉભેલા શોભે છે ઉપરના ત્ર
ઉપર વચમાં ઉંચું અશોકવૃક્ષ હોય છે
પૂર્વ દિશામાં રત્નમય સિંહાસન ઉપર
તીર્થંકરદેવને ઇન્દ્ર વિનંતિ કરીને
બાકીની ત્રણ દિશામાં દેવતા પ્રભુના અસ
દેખાય એવા ત્રણ પ્રતિબિંબ ગોઠવે છે
પ્રભુના અતિશયથી સમાન કાંતિવાળા ભા
ચારે દિશામાં બેઠેલા લોકોને એમજ
અમારી સામે જ છે પ્રભુની આસપાસ
બેસે છે, તેમાં સાધુ, સાધ્વી, શ્રાવક,
ચાર, અને વ્યંતર-ભવનપતિ-જ્યોતિષ

દેવો તથા દેવીઓ એ આઠ, એમ બાર પર્ષદા હોય છે પ્રભુની સામે જમણા હાથે સૌથી આગળ ગણધર ભગવાન પછી કેવળજ્ઞાની મહર્ષિઓ, પછી મન પર્યાયજ્ઞાની વગેરે મહર્દ્ધિક સાધુઓ તથા પછી પાછળ બીજા સાધુ મહારાજો હોય છે પછી પાછળ વૈમાનિક દેવીઓ અને સાધ્વીઓ ઉભી હોય છે પ્રભુ ત્યા ધર્મની અને તત્ત્વની દેશના આપે છે, અને જીવોને બોધ પમાડી એમના મિથ્યાત્વાદિ દોષો હણીને એમને સાધુપણ, શ્રાવકપણુ અને સમ્યક્ત્વ આપે છે ત્યા કુમતો, અધર્મ અને મિથ્યાત્વાદિની ભેખડો તૂટી જાય છે

(૪) વચનાતિશય —પ્રભુ જે દેશના આપે છે, તે વાણી પાત્રીસ ગુણવાળી હોય છે, એનુ વર્ણન આગળ અપાશે એમા એક મિઠાશ એવી હોય છે ક દા. ત ક્યાંથી જેઠ માસના ધીખતા તાપમા રોહની ધમતી, બીજી બાજુ ભારે લાકડાનો ભારો, માથે ઉચકી કોઈ દુબળ ડોશી અત્યત થાકેલી અને બહુ ભૂખ ત રથી ખાનપાનની તલાવલમા ઝટપટ ઝટપટ ચાલી આવતી હોય, અને ત્યા એમાથી એકાદ લાકડુ નીચે પડી ગયુ તેને લેવા એક હાથે માથે ભાર પકડી રાખી કેડેથી નમી બીજો હાથ નીચો નમાવે બરાબર એટલામા જ, ધારો કે, નજીકમા રચાયેલા સમવસરણ

પગ્થી નીકળેલી પ્રભુની મધુરી વાણીનો સુર દાસીના કાન પર પડે, તો એ સાભળવાના રસમા એમજ વાકી ને વાકી વળેની ઉભી રહી જાય! અને ભૂખ, તરસ, થાક, અશક્તિ, બધુ ભૂલીને મહા આનદમા મગ્ન થઈને એમજ સાભળ્યા કરે! એટલી બધી મિઠાશ પ્રભુની વાણીમા હોય છે! વળી તે વાણી સર્વ પ્રકારના પશુ, પખી, માનવ અને દેવો પોતપોતાની ભાષામા સારી રીતે સમજી શકે છે તેમજ માત્ર એક પ્રકારે બોલાયેલુ પણ પ્રભુવચન અનેક જીવોના હૃદયમા ઉઠતા જુદા જુદા સદેહોને એકી સાથે દૂર કરી દે છે! પ્રભુની વાણીના પ્રભાવ આગળ ભલભલા ભેજાબાજ વાદી પાખડીઓ પણ ત્યા વિવાદ કુર્તક ચલાવી શકતા નથી, કિન્તુ સાભળતા જ બેસી રહે છે અનત જ્ઞાનને ધરનારા પ્રભુ પર્ષદાના સર્વ પ્રશ્નોના ઉત્તર કહી શકે છે કેમકે એમનાથી શુ અજાણ્યુ છે? જીવોના અનત ભવો અને અનતાનત પરમાણુના અનત કાળના પર્યાયો (અવસ્થાઓ) હાથમા રહેલા સ્પષ્ટ મોટા આમળાની જેમ પ્રત્યક્ષ જુએ છે

આદિકર સ્વયબુદ્ધ-પુરુષોત્તમ-પુરુષસિહ વગેરે સ્વરૂપ —શ્રી તીર્થકર પ્રભુ ધર્મના આદિકર પહેલા ઉપદેશક હોય છે તે પણ વ્યવસ્થિત ધર્મ તીર્થના-ચતુર્વિધ સઘ અને સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગને

વ્યવસ્થિતપણે સ્થાપનારા છે તે પણ જન્મથી સ્વયંબુદ્ધ અને પુરુષાર્થથી સ્વયં સર્વજ્ઞ બનેલા છે

પ્રભુ ચાર મહાઅતિશયોથી સાચા પુરુષોત્તમ છે, પુરુષસિંહ છે, પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરિક અને શ્રેષ્ઠ ગંધહસ્તિ સમાન છે જેમ ગંધહસ્તિ બીજા ઉન્મત્ત હાથીઓના મદને ગાળી નાખે છે, તેમ પ્રભુ પણ પૂર્વે કહ્યું તેમ, જે બે પ્રકારના અપાય પોતાના રાગદ્વેષ અને લોકમાં મારી મરકી વગે, તેને શાંત કરી દે છે શ્રેષ્ઠ પુંડરિક જેવા પ્રભુ કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીનું નિવાસસ્થાન બને છે વળી પ્રભુની સ્વરૂપ-સન્માર્ગ પ્રકાશક અને કુમત-કુમાર્ગ વિનાશક એવી જે દેશના ગાજે છે એ સિંહનાદની જેમ ક્ષુદ્ર મૃગલા રૂપી મિથ્યાત્વ, ને મિથ્યાદૃષ્ટિ જીવોને ત્રાસ પમાડનાર બને છે તેમ, પ્રભુ રાગદ્વેષાદિ આંતર દુશ્મનો પ્રત્યે સિંહ જેવા ક્રૂર-કઠોર બની એનો સંહાર કરવામાં સિંહ જેવા શૂરવીર હોય છે, તેથી પ્રભુ ખરેખરા પુરુષસિંહ છે, તેમજ પ્રભુ એવા પુરુષોત્તમ છે કે જેમને અસંખ્ય દેવદેવેન્દ્રો જેવા પણ પૂજે છે, ભજે છે, જેમનું શરણું માને છે, અને જેમનામાં શ્રેષ્ઠ સહજ શક્તિઓ, ગુણો, આનંદ અને ઉપકારકતા હોય છે એનું વર્ણન આવે છે.

લોકોત્તમાદિ — આ એ સુદેવ ...

ઉત્તમ હોય છે પ્રભુ પચાસ્તિકાય (જીવ પુદ્ગલાદિ દ્રવ્યો)ના સાચા પ્રરૂપક હોવાથી લોકહિત છે અનાદિ કાળથી મોહ લૂટારાથી લૂટાતા પીડાતા ભવ્ય લોકોનુ વિમોચન-સરક્ષણુ (યોગ-ક્ષેમ) કરે છે, માટે સાચા નાથ છે, તેથી **લોકનાથ** કહેવાય છે વળી એ ભવ્ય લોકોને પ્રભુ મોક્ષમાર્ગ પ્રકાશતા હોવાથી સાચા **લોકપ્રદીપ** છે, અને વિશેષે કરીને ઉત્તમ લોક જેમકે ગણધર ભગવાન, એમનામા દ્વાદશાગી (સમસ્ત શ્રુત જ્ઞાન)નો ઉદ્યોત કરતા હોવાથી પ્રભુ **લોક-પ્રદ્યોતકર** છે

અભયદાતા વગેરે, ધર્મદાતા વગેરે —ત્રણ લોકના નાથ અને અનત જન્મ-મરણની જ જાળમાથી સદાને માટે ઉદ્ધરનાર પરમપુરુષ શ્રી પરમાત્મા મૌલિક વિશિષ્ટ સ્વરૂપને ધરનારા હોય છે પથભૂલેના અને ભવાટવીના ભયમા ફસેલા જીવોને પ્રભુ અભય-ચક્ષુ-માર્ગ-શરણ તથા બોધિનુ દાન કરનારા હોય છે જીવોને સાચુ સુખ પમાડવુ છે, તેથી દેવાધિદેવ શુદ્ધ ધર્મનુ દાન કરવા સાથે સાચી ધર્મપ્રક્રિયાના ઉપદેશક હોય છે તે પણ પરોપદેશે પાડિત્યે નહિ, પણ સ્વય જીવનમા અતિ કઠોર ધર્મચર્યા આચરીને સાચા ધર્મનાયક બન્યા પછી ઉપદેશે છે વળી ધર્મ સાધતાં સાધતા ચૂકનારા જીવોને સારથિની જેમ

ધર્મમાર્ગે લાવનારા હોય છે, એવા પ્રભુ ધર્મશાસનના ચક્રવર્તી છે

જિન-તીર્ણ-બુદ્ધ-મુક્ત —શ્રી અરિહંત પરમાત્મા રાગદ્વેષને જીતીને જિન બનેલા હોય છે તેથી અજ્ઞાન સાગર તરીને તીર્ણ બનેલા હોય છે એટલે જ બુદ્ધ=સર્વજ્ઞ બની જીવ મુક્ત થઈ જગતને ધર્મ દેખાડી અંતે જીવન પુરૂ થતા દેહ ત્યજી સર્વથા નિરજન નિરાકાર અરૂપી એવા વિદેહ મુક્ત બનનારા હોય છે

શ્રી તીર્થંકર પરમાત્માનુ વિશેષ વિસ્તૃત સ્વરૂપ આગળ પર કહેવાશે તે એમના જીવન, એમની સાધના, એમના ગુણો, એમની શકિત, અને એમના ઉપકારો ઉપરથી સમજાશે હાલ તો પ્રભુનુ અહીં જેમ થોડુંક વિધિમુખે સ્વરૂપ જોયુ તેમ હવે નિષેધ મુખે જોઈએ, જેથી બરાબર ખ્યાલ આવે કે જગતમા સાચા દેવાધિદેવ પરમાત્મા કેવા હોય તો સુદેવ ગણી શકાય

(૧) સુદેવ અનાદિ-શુદ્ધ નથી, તો પહેલી વાત એ કે પરમાત્મા આત્મામાંથી બને છે પણ અનાદિ-શુદ્ધ પરમાત્મા જેવી કોઈ વસ્તુ નથી કેમકે (i) અનાદિ-શુદ્ધને આયુ વગેરે ડાઘો ન હોવાથી શરીર ન હોય તેથી એ શરીરધારી તરીકે

જગત પર મોજુદ જ નહિ તો જગતને ધર્મ શી રીતે બતાવી શકવાના હતા? વળી (ii) જો કહો ક એ જે શુદ્ધ છે તે અશુદ્ધમાથી શુદ્ધ બનીને નહિ કિંતુ અનાદિના, તો પ્રશ્ન એ થશે કે જીવો જે અનાદિ ન અશુદ્ધ છે તે કદીય શુદ્ધ કેમ થઈ શકે? તમારા હિસાબે શુદ્ધિ તો અનાદિની હોય તેમજ (iii) એવા અનાદિ શુદ્ધ પરમાત્મા હોવામા તર્ક પ્રમાણ પણ શુ ? ત્યારે

(૨) **સુદેવ અશરીરી નથી** —પરમાત્માને ઉપદેશ કરવા માટે કાઈ **બીજાના કર્મથી શરીર** ન મળે, કેમકે નિયમ તો એ છે કે પોતાના જ કર્મનો ફળભોગ પોતે કરે કર્મ કોઈના, અને ફળ કોઇ ભોગવે, એવુ ન બને નહિતર તો કાર્ય-કારણભાવની અવ્યવસ્થા થઇ જાય તેમજ મોક્ષ પામેલા જીવને પણ કોઈવાર બીજાના કર્મે શરીર ધારણ કરવાનુ કેમ ન બની આવે? વળી,

(૩) **સુદેવ અવક્તા નથી** — શરીર નહિ તો મુખ પણ નહિ, તો તે વિના ધર્મ અને તત્ત્વોના વક્તા પણ કેમ બની શકે? કેટલાકો શાસ્ત્રને ઈશ્વરથી ઉપદેશાયેલ નહિ પણ નિત્ય માને છે એ પણ ખોટુ છે કેમકે નિત્ય હોય તો પણ એનો કોઈ પ્રથમ

પ્રગટ કરનાર, સમજાવનાર જોઈશે એ પ્રગટ કરનાર સમજાવનાર રાગી, દ્વેષી કે અજ્ઞાની નહિ ચાલે એટલે પાછું, વીતરાગ સર્વજ્ઞ પ્રભુની જરૂર પડશે જ એથી એ આવ્યું કે પ્રભુ અશુદ્ધમાંથી શુદ્ધ બનેલા છે, શરીરધારી છે, અને ઉપદેશક છે

(૪) પરમાત્મા સરાગ સદ્વેષ નથી — પરમાત્મા શુદ્ધ હોવાથી સરાગ, સદ્વેષ નથી એમને ભક્તો ઉપર પ્રેમ કે દુર્જન ઉપર દ્વેષ કરવાનો હોતો નથી એક દુન્યવી સારો બાપ પણ બધા પુત્રો પર સમદૃષ્ટિવાળો હોઈને વધુ કમાતા ઉપર પ્રેમ અને ઓછું કમાતા ઉપર દ્વેષ નથી કરતો, તો આ તો જગત-પિતા! એ તો મહાન આદર્શ પુરુષ હોવા જોઈએ જ એથી જ

(૫) વીતરાગ-વીતદ્વેષ પરમાત્મા અનુગ્રહ-તિરસ્કાર કરનારા પણ નથી હોતા અર્થાત્ પ્રભુ અમુક ઉપર કૃપાદૃષ્ટિ વરસાવે અને અમુક ઉપર તિરસ્કારથી એનું નિકંદન કાઢી નાખે, એવું બની શકતું નથી, ચાહ્ય સામો ગમે તેવો ભક્ત હો કે દ્વેષી હો પ્રભુ ધર્મશાસન સ્થાપી જગતને સારૂં આલંબન આપે પણ પછી તો દરેકે પોતાની યોગ્યતા ખીલવીને જાતે જ એ આલંબને ધર્મપુરુષાર્થ કરવો

પડે તો જ એ મોક્ષ પામે જો એમ ન કરે અને પાપ મય જીવન જીવે તો પાપકર્મના બધવી બધાઇ સસારમા ભટકવાનો કોઈ આત્મા ગમે તેવો દુષ્ટ હોય અને મહેશનો અનુગ્રહ એને મોક્ષ અપાવી દે એવુ બની શકે જ નહિ જો એમ બને, તો તો પછી મહેશ સર્વ જીવો પર કેમ અનુગ્રહ ન કરે? ત્યા જો જીવની યોગ્યતા અને નત્પુરુષાર્થ પર આધાર રહેતો હોય તો તો પાછી યોગ્યતા અને પુરુષાર્થ જ જરૂરી બન્યા! ત્યારે

(૬) **સુદેવ મજા કરનાર કે ઇનામ દેનાર નથી** —પરમાત્મા સુકૃતના ઈનામ આપનાર કે દુષ્કૃત બદલ મજા કરનાર પણ નથી કેમકે તો તો એક બાજુ પોતે રાગીદ્વેષી ઠરે! બીજી બાજુ કર્મ સત્તા નકામી બને! દુનિયાના ન્યાયાધીશને ય થોડા રાગદ્વેષની જરૂર પડે જ છે નિર્દોષ પર રાગ થવાથી છોડી દે છે વધુ દોષિત પર નફરત દ્વેષ થવાથી ભારે સજા કરે છે ખૂબી તો એ, કે વળી સર્વ શક્તિમાન પ્રભુ એવી સજા કરવાને બદલે પહેલેથી દુષ્કૃતને જ કેમ ન અટકાવે? એ એક મોટો પ્રશ્ન છે પોલીસ પણ, પોતાની નજર સામે કોઇને ખૂન કરવા દે અને પછી ખૂનીને પકડે, તો ગુનામા આવશે

(૭) **ઇશ્વર જગત્કર્તા નથી** —ત્યારે, અનત

ગુણુસ પન પરમાત્મા જગત્કર્તા પણ નથી કેમકે (i) આખા જગતને બનાવવા માટે શરીર કેટલુ મોટુ જોઈએ ? અને તે પોતાના ભાગ્ય વિના કયાથી લાવે ? તેમજ (ii) કુભારના ચાકની જેમ જગતને બનાવવા માટે વેદિકા કઇ ? (iii) એ વેદિકા અને પોતાનુ શરીર ઇશ્વરે શી રીતે બનાવ્યુ ? અર્થાત્ કયા શરીરથી અને કઈ વેદિકા પર એ જગત્સર્જક શરીર-વેદિકા બનાવ્યા ? બીજુ એ છે કે, (iv) જગત બનાવવાનુ ઇશ્વરને પ્રયોજન શુ ? ઈશ્વર તો કૃતકૃત્ય છે, એમના સર્વ પ્રયોજન સિદ્ધ થઈ ગયા છે હવે સૃષ્ટિ રચવામા શો હેતુ છે ? જો કહો કે (v) જગતના જીવ પર કૃપા કરવાનુ પ્રયોજન છે, તો તો એ આખા જગતમા સુખના જ સ્થાન કેમ ન રચે ? શા માટે નરક વગેરે દુખના સ્થાન, દુખના શરીર ઇત્યાદિ બનાવે ? શા માટે લોકો લડે-ઝગડે એવા સાધન રચે ? ત્યારે જો કહો કે (vi) જીવોના સારા-નરસા ભાગ્યને અનુસાર રચવાનુ હોય, તો એનો અર્થ એ થયો કે એ ભાગ્ય આગળ ઇશ્વરનુ પણ ચાલતુ નથી તો પછી એ સર્વ શક્તિમાન શા ? અને કર્મ બધુ કરે ત્યા એમની જરૂર પણ શી ? ત્યારે (vii) "પ્રયોજન વગેરે તો [illegible]ાઇ નહિ, પણ ક્રીડા માત્રથી [illegible]તને બનાવે છે,"

તો એવા ઇશ્વર રાગવાળા ઠરશે કેમકે ક્રીડામા રાગ અવશ્ય હોય વળી (૫ા) ભાગ્યને (કર્મને) અનુસારે ફળ ઈશ્વર આપી શકે, આપે છે,—એમ કહેવા પર, પ્રશ્ન એ થશે કે તો પછી કર્મનુ તરત ફળ કેમ ન દેખાડે કે જેથી શુભ કર્મનુ તત્કાળ ફળ સુખ, અને પાપકર્મનુ તાત્કાલિક ફળ દુ ખ લેઈ અજ્ઞાન લોક વધુ પાપ કરતુ તો અટકી જાય? જીવે એક વાર ચોરી કરી કે તરત પીઠ પર ઝાટકા પડયા! અથવા એક જ જૂઠ બોલ્યો કે તરત જ જીભ પર ચ્હાય ઉઠી! કે સામાએ એ જૂઠ તુર્ત પકડી પાડી આને સજા કરી! આવુ ઈશ્વર કેમ ન બનાવી શકે? અને જો કહો કે (૪) એ તો કર્મ પાકે ત્યારે પરમાત્મા ફળ આપે, તો તો પછી કર્મ પાકીને ફળ આવવાનુ જ છે, એમા ઈશ્વરની કયા જરૂર રહી? જેમકે કાચા ફળ ઝાડ પર એની મેળે પાકે છે, તેથી ત્યા કોઇ પકવનાર નથી ગણાતો

(૮) **પરમાત્મા અવતારી પુરુષ નથી —** અર્થાત્ પરમાત્માએ એકવાર જગતને તત્ત્વજ્ઞાન આપ્યુ, પછી મોક્ષમા ગયા, અને વળી પાછી જરૂર પડી ત્યારે એમણે જ મોક્ષમાથી પાછો અવતાર આ જગતમા લીધો અને જગત પર ઉપકાર કર્યો એમ મોક્ષમાથી આવી આવી યુગે યુગે અવતાર લીધો,

એવુ નથી બનતુ પૂર્વે કહ્યુ તેમ મોક્ષ પામીને સર્વશુદ્ધ નિરજન-નિરાકાર અને કર્મરહિત બન્યા પછી અવતાર લેવાનુ નથી કોઇ પોતાને પ્રયોજન, કે નથી પોતાની પાસે અવતારની કોઈ સામગ્રી અવતાર એટલે તો જન્મ, દેહધારણ વગેરે એ કર્મ વગેરે સામગ્રી વિના ક્યાથી બની શકે? વળી અવતારી જીવનમા જે કાઈ પ્રપચ, કામક્રીડા, આરભ-સમારભ કરે, એ બધુ જે ખરી રીતે પાપરૂપ છે, એને પરમાત્માનુ હોવાથી નિષ્પાપ, ગુણરૂપ અને એમની લીલા તરીકે ઓળખાવવુ પડે! કેવી વિટબણા! બીજાને સ્ત્રી સગ એ પાપ, વિષ્ણુને લક્ષ્મીનો સગ એ પાપ નહિ!

(૯-૧૧) પ્રભુ વિભુ નથી, શક્તિપૂજ્ય નથી, લૌકિક ઉપકારથી ઉપકારક નથી —ત્યારે (૯) એ પણ વસ્તુ નથી કે પરમાત્મા વિભુ અર્થાત્ જગત વ્યાપી હોય બને જ નહિ આ કેમકે પ્રભુ જો શરીરથી વ્યાપક હોય તો જગતમા બીજુ કાઈ રહી શકે નહિ સૂક્ષ્મ શરીરથી કહો તો ત્રણ પ્રશ્ન-એનુ સ્વરૂપ શુ, એ કરી શુ શકે, અને એમા આત્માથી વ્યાપક કહો તો ય ખોટુ, અન... છે જ નહિ, હોય... નિ... રહેલા એ આત્મા

બીજે ગમનાગમન સંભવી શકે જ નહિ ન આરમા પર્યટન શુ ? તેમજ લોકો જ્યાત્યા મળમૂત્ર નાખી વ્યાપક ઈશ્વરની આશાતના કરનારા બને !

(૧૦) પરમાત્મા શક્તિથી પૂજ્ય નથી કે મહાદાતાપણાથી પૂજ્ય નથી — કેટલાકો કહે છે કે,—"અહો! ઈશ્વર કેવો સર્વ શક્તિમાન! આખુ બ્રહ્માણ્ડ એણે રચ્યુ! કેવી મહાન શક્તિ! આપણા ઉપયોગ માટે ભૂમિ, પાણી, હવા, નદીઓ, વનસ્પતિ, વગેરે બનાવી કેવુ આપણને મફત આપ્યુ! કેવો એ કરુણાસાગર! નાના આણથી માંડી મોટમોટા પર્વતો, સૂર્ય, ચન્દ્ર વગેરે બધુ એણે બનાવ્યુ! અહો ધન્ય એ વિરાટ શક્તિ! એની ઈચ્છા વિના એક પાદડુ ય હાલી ન શકે, ને એક તણખલુ ય ભાગી ન શકે!"—આમ માની ઈશ્વરને એવી અનંત શકિત બદલ ને હવા-પાણી વગેરેના દાતાપણા બદલ માને-પૂજે-નમે છે પણ આ ખોટુ છે કેમકે પહેલી તો વાત એ, કે આવી શકિત અને આવા ઈશ્વર પ્રમાણ-વિરુદ્ધ છે, પ્રમાણ-સિદ્ધ નથી. ઉપર 'ઈશ્વર જગત્કર્તા નથી,' એ વિષયમા દલીલો આપી છે બીજુ એ કે એવી જડશકિત માનવાથી અને એ શકિતના પૂજારી બનવાથી પોતાના આ માને **આધ્યાત્મિક દષ્ટિએ** શો લાભ? કહો છે,

પ્ર૦—એવી શક્તિ માનવાથી પોતાનો કર્તૃત્વનો અહંકાર ટળે ને? તેમજ એવી અનંત શક્તિ ધરનારને ચરણે આત્મા ઝુકેલો રહે ને?

ઉ૦—તો શું એવું માનનારા બધા નિરભિમાની બની ગયા છે? બધાએ પોતાનું મન માત્ર એવા પરમાત્માને ચરણે લગાવી દીધું છે? કદાચ કહો કે બધા લોક સારા થોડા જ બને છે? તોય એ કહો કે જે જે નિરભિમાની બન્યા અને જેમણે જેમણે પ્રભુને જ એક શરણ્ય માન્યા, એમને શું એથી વિષયોથી વિરક્ત અને રાગદ્વેષાદિ કષાયોથી મુક્ત બનવાનો અવકાશ મળ્યો? આ બહુ વિચારણીય છે કેમકે ઈશ્વરે બનાવ્યું છે એમ માનતા તો ઉલટું મનને એમ થાય કે "તો પછી એ સારા માટે જ બનાવ્યું છે, તેથી એને ભોગવવામાં શો વાંધો? પરમાત્મા થોડું જ નાશક બનાવે? એણે ઝેર બનાવ્યું છે તે પણ તેવા દિલભગ્ન અને અતિ દુઃખીને આત્મઘાતથી રાહત મેળવવા માટે, તેમ કારીગર વૈદને દવા બનાવવા માટે સારાશ કે પ્રભુની મહેરબાની છે બધું બનાવવામાં માટે એ જગત્પિતાના બાળકો એવા આપણે એને ભોગવો,"–આવી આવી અજ્ઞાન દશા સેવી વિષયરાગ અને કષાયસેવન ટકવાના–વધવાના તેથી સંસારકેદ ઉભી રહેવાની

પરમાત્મા સંસારકેદમાં નિમિત્ત? માટે કહો કે પરમાત્મા આવી સર્જન શક્તિવાળા નથી વળી અભિમાન ટળે એમ કહો છો તે તો કર્તૃત્વનું, પણ બીજે મદ અભિમાન ટળવાનો અવસર કયાં? 'પ્રભુએ અમને કેવું સરસ ઉંચું કુળ આપ્યું, બળ આપ્યું, ધન આપ્યું! અમારા જેવો કોણ કુળવાન, બળવાન કે ધનવાન છે?' આવો મદ કરવાથી ખસવાનો હતો? ત્યારે 'પ્રભુએ બધું આપ્યું-બનાવ્યું છે, તો રાખવામાં શા વાંધો? પ્રભુએ જ કુટુંબ આપ્યું છે તો એ ધન કુટુંબનો ત્યાગ કેમ કરાય?' એમ કરી વિષયો ઉપર રાગ, મમતા ચાલુ રહેશે

ગુણની પ્રેરણા કેમ મળે —ખરી રીતે કર્તૃત્વનું અભિમાન તો કર્મસત્તાની પ્રબળતા માનવાથી ટળી શકે છે તેમ ઈશ્વરને એવા મહાદાતા માનવાને બદલે, જગતમાં અન્યત્ર ન મળે એવા મોક્ષમાર્ગના દાતા અને અનંત વીતરાગતા વગેરે ગુણસંપન્ન માનવાથી એમના પર ખૂબ જ કૃતજ્ઞતા-બુદ્ધિ તથા ગુણાનુરાગ રહે છે, અને એમના ચરણે આત્માને ઝૂકેલો રખાય છે ઉપરાંત પરમાત્માને શ્રેષ્ઠ સાધક, વીતરાગ, સર્વજ્ઞ, ને સત્-તત્ત્વના ઉપદેષ્ટા તરીકે જોવાથી કેટલીય પ્રબળ પ્રેરણાઓ આધ્યાત્મિક ઉન્નતિ મળે છે, તેમ એવા પરમાત્માના સત્ય ઉપદેશથી

સાચુ માર્ગદર્શન, તત્ત્વદર્શન અને સાધનાનો બોધ મળે છે એવા જ પરમાત્મા પોતે સૃષ્ટિસર્જનની ધાધલ વિનાના હોઈ 'જડના સર્જનમા મોહ–મમતા અને સૂક્ષ્મ સ્થૂલ જીવહિંસાદિનુ પાપ લાગે છે,' એમ બતાવી શકે પોતે જ સર્જક હોય તો કેમ બતાવી શકે? વળી પૂર્વ કહ્યુ તેમ એવી શક્તિવાળા ઇશ્વર હોવાનુ પ્રમાણથી સિદ્ધ નથી ઇશ્વરમાની એવી શકિતથી ઇશ્વરને પૂજ્ય માનવા, એ અજ્ઞાન ચેષ્ટા છે ગામડાના અભણ મૂઢ લોકો નજરબધી મેસ-મેરીઝમ, વગેરે કોઈ જાદુ ચમત્કારની વસ્તુ બતાવનારની શકિત ઉપર મુગ્ધ થાય છે એમ હઠયોગ વગેરેની શક્તિ ઉપર શહેરી લોકો પણ આકર્ષાય છે પરતુ એવી શક્તિમા શી આત્મિક વિશેષતા? આત્માને શી ઉપકારકતા? શી ગુણધારિતા? ખરી રીતે પરમાત્માની માનનીયતા અને પૂજ્યતા અનત ગુણો અને આધ્યાત્મિક ઉપકારને કરનારી યથાર્થ તત્ત્વદેશના ઉપર છે માટે જ,

(૧૧) પરમાત્મા માત્ર લૌકિક ઉપકાર કરનાર નથી, પણ શ્રેષ્ઠ એવા લોકોત્તર ઉપકારને કરનાર છે પરમાત્માનો [illegible] પણ [illegible] બનાવીને કે આપીને [illegible] સુખશાન્તિ આપે

પવિત્ર જીવન જીવવાની પદ્ધતિ બતાવીને છે ત્યારે, શુદ્ધ ધર્મમાર્ગ અને યથાસ્થિત તત્ત્વસ્વરૂપ ઉપદેશવાનો જે લોકોત્તર ઉપકાર શ્રી વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા કરે છે, તે બીજુ કોઇ કરી શકતુ નથી અરે! એટલુ જ નહિ, પણ જે રાગીદ્વેષીજનો જગ તમા ધર્મ અને તત્ત્વના નામે ખોટા ધર્મ અને ખોટા તત્ત્વો પ્રચારનારા બને છે, તેય પહેલા વીતરાગ પ્રભુથી આ શુદ્ધ સત્ય ધમમાર્ગ અને તત્ત્વપ્રકાશ નીકળ્યા પછી એમાથી આડા જઇને બની શકે છે પણ એનાથી એ સ્વપરનો ભયકર અપકાર કરનારા થાય છે કેમકે એ કર્તવ્યને અકર્તવ્ય મનાવે છે અને અકર્તવ્યને કર્તવ્ય મનાવે છે ત્યારે સાચા વીતરાગ પરમાત્માના લોકોત્તર ઉપકારથી તો જીવોના આ ભવ, પરભવ, અને ભાવી અનતકાળ સુખી અને ઉજ્જ્વળ બની જાય છે, પણ આ માટે પરમાત્માને દુનિયાના લૌકિક માર્ગથી જુદુ ચાલવુ પડે છે આના એક વ્યકિતગત દાખલા તરીકે તીર્થંકર ભગવાન ઋષભદેવ સ્વામીની પાસે પોતાના જ અઠ્ઠાણુ પુત્રો મોટા પુત્ર ભરતની સામે ફરિયાદ લઇને આવ્યા કે "અમને દરેકને રાજ્ય આપે (પિતાજીએ) આપી સ્વતત્ર બનાવ્યા, છતા ભરત ખોટી રીતે અમારા પર સત્તા જમાવી અમને એની આજ્ઞાને પરાધીન

બનાવવા માગે છે " અહીં એ ધ્યાનમા રહે કે ઋષભદેવ પ્રભુએ પરમાત્મા તીર્થંકર બનવા પૂર્વે સંસારી સરાગ ગૃહસ્થની અવસ્થામા ઔચિત્ય તરીકે એ પુત્રોને રાજ્ય વહેચી આપ્યા હતા બાકી વીતરાગ પરમાત્મા તરીકે બન્યા પછી તો એમને પોતાને જ કાઈ જ કુટુબ મિલ્કત વગેરે સસાર હોતો નથી તો બીજાને એ આપવા-કરવાનુ ય શાનુ હોય? એ તો એક માત્ર ધર્મ આપે પછી જીવને એમના ઉપદેશથી એ ધર્મ સાધવાના પરિણામે મોક્ષ સુખ મળવા પૂર્વે, પુણ્યબધની રૂએ સસારની અનુકૂળતા મળી જાય એ વાત જુદી બાકી આ તો પરમાત્મ તત્ત્વનુ જરા સ્વરૂપ બતાવ્યુ હવે અહીં જુઓ કે ઋષભદેવ ભગવાને ફરીયાદી અઠ્ઠાણુ પુત્રોને એમ ન કહ્યુ—"શુ તમે મારા પુત્ર થઈને આવા મુડદાલ? આવા કાયર? તમે ન્યાયી છો, ભરત અન્યાયી છે અન્યાયી માણસ શિક્ષાને જ પાત્ર છે તેથી તમે એને શિક્ષા કરી શકો છો " એમજ, એવુ પણ ન કહ્યુ —"ભરત અને તમે ભાઈઓ છો અદર અદર સમજી લો અને નિરાતે સલાહ-સપથી રાજ્યપાટ લો દો " પરમાત્માને પૂછવા આવ્યા છે ને? તો પછી પરમાત્માએ તો લોકોત્તર ઉપકાર ... શુ કામ બાકી રાખવાની હોય? તેથી



તો આ ચેતવવાના યોગ્ય અવસરના તથા પોતાની વીતરાગતાના હિસાબે કહ્યુ–

"અરે મહાનુભાવો! આ તમે કેવા અનાન? સાચો શત્રુ નહિ એવા આ ભરતને તમે શત્રુ માનવા નીકળ્યા, પરંતુ આ તમારા આત્માની અંદર બેઠેલા ખરા શત્રુઓને કેમ તમે જોતા નથી? એ અંતરના ક્રોધ, મમતા, તૃષ્ણાદિ દુશ્મનો જ તમને આ ધમધમાટ કરાવી રહ્યા છે પણ એ આંતર દુશ્મનો, સમજી ગયો કે, તમારૂ નિકંદન કાઢશે તેમ જે રાજ્યના મોહે કલહનુ પાપ સેવવા ઉભા થયા છો, એ બાહ્ય રાજ્ય લક્ષ્મી વગેરે પણ જરાય વિશ્વસનીય નથી, સ્થાયી નથી ક્ષણ ભંગુર એવી એ લક્ષ્મી જાઉ–જાઉ ની સ્થિતિમાં રહી જીવો પાસે તૃષ્ણા–મમતાના ઘોર પાપ કરાવી જીવોને દીર્ઘ દુર્ગતિમય સંસારના પંથે ચઢાવી દેનારી છે"–

ઇત્યાદિ ઉપદેશ અજબ અચોટ દૃષ્ટાન્તો સહિત આપી ત્યાંને ત્યાં અઠ્ઠાણુંને સંસારના ત્યાગી મુનિમહર્ષિ બનાવ્યા ભરતને આ વાતની ખબર પડી કે પશ્ચાત્તાપ સાથે દોડતો આવી એ ક્ષમા માગે છે, અને અઠ્ઠાણું ભાઈના સાચા પુરુષાર્થની અનુમોદના તથા પોતાની રાજ્ય મમતાની ભારે નિંદા કરે છે આ થયો નવાણુ

પર પ્રભુના લોકોત્તર ઉપકાર

હવે આની સામે ગીતાનો પ્રસગ જુઓ કે શ્રી કૃષ્ણને અર્જુન કુરુક્ષેત્ર પર કહે છે—"પૂજ્ય એવા ભીષ્મ પિતામહ તથા દ્રોણાચાર્ય વગેરે કુટુબી ભાઈ-ભાડુ સાથે યુદ્ધ કરી એમનો કચ્ચરઘાણ કાઢીને રાજ્ય સપત્તિ મારે નથી જોઈતી એવી પૂજ્યો અને સ્નેહીઓના લોહીથી ખરડી રાજ્યસપત્તિ લેવા કરતા હુ ખુશીથી ભીખ માગીને પેટને ભરીશ" આમ કહી અર્જુને શસ્ત્રો નીચે મૂકી દીધા! આ વખતે જુઓ કે જેઓ આ કૃષ્ણમા પરમાત્મપણુ માને છે એમના પરમાત્મા તરીકે માનેલા શ્રીકૃષ્ણ ગીતામા શુ કહે છે અને અર્જુન પાસે શુ કરાવે છે, એ કહે છે,

"અર્જુન તુ કાયર થઈ ગયો છે 'હાય! આમને કેમ મરાય?' એવા દુર્બલ વિચારમા ચઢી ગયો છે પણ એમા તને મારવાના કર્તૃત્વનુ અભિમાન થયુ છે કિન્તુ તુ સમજ કે આત્મા તો અચ્છેદ્ય છે, અભેદ્ય છે, અમર છે, મરતો નથી તો એને તુ શુ મારી શકવાનો હતો?" ઇત્યાદિ ઇત્યાદિ ઉપદેશ આપી અર્જુનને યુદ્ધ માટે ટટાર કર્યો અને પોતે સહાયમા રહી એને ખૂનખાર યુદ્ધ કરાવીને જિત અપાવી! વિચારો કે આ ઉપકાર કેવો,

વિરક્ત અને ઉપશાન્ત બનેલો અર્જુન-રાગીપી અને પૂજ્યો, તથા વિદ્યાગુરુ વગેરેનો ઘાતક બન્યો ? એ ઉપકાર કેવો કે જેમા કેઈ ઉત્તમ જીવોના નાશ થયા ?

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો તો વિશિષ્ટ લોકો ત્તર ઉપકાર હોય છે એમા એ જગતને જે યથાર્થ તત્ત્વબોધ અને વાસ્તવિક મોક્ષમાર્ગરૂપ ધર્મનો ઉપદેશ આપે છે, એ અજબ કોટિનો હોય છે, એનુ આછુ વર્ણન અહીં આગળ આવશે

તીર્થંકર ભગવંતોની જેમ સિદ્ધ ભગવંતો પણ પરમાત્મા છે —

પરમાત્માના સ્વરૂપની આ બહુ આછી વિચારણા કરી છે અહીં એક ધ્યાન રાખવાનુ છે કે પરમાત્મા એટલે ધર્મતીર્થના સ્થાપક, તત્ત્વોના આદ્ય પ્રરૂપક, અને વિશિષ્ટ કોટિના અતિશયશાળી પ્રભુ, તથા વિશિષ્ટ ઉપકારક પરમાત્મા, આ અર્થ લઈએ છીએ પરંતુ પરમાત્મા એટલે સામાન્ય રીતે 'સર્વથા શુદ્ધ આત્મા, કર્મથી મુક્ત આત્મા,' એવો અર્થ લઈએ ત્યારે એવા પરમાત્મા સિદ્ધ ભગવંતો છે એ પણ તીર્થંકર પરમાત્માએ બતાવેલા મોક્ષમાર્ગની આરાધના કરીને મૂળ આત્માપણાની સ્થિતિમાથી ઉંચે આવી મોહનો અને ઘાતી કર્મબંધનોનો સર્વથા નાશ કરી

અહીં કૈવલ્ય અવસ્થા પામ્યા હતા તીર્થંકર કે સામાન્ય સર્વજ્ઞ વીતરાગ દશા પામી અંતે અઘાતી કર્મ બંધનોનો પણ નાશ કરી નિરંજન નિરાકાર એવા પરમ અર્થાત્ શુદ્ધિમા શ્રેષ્ઠ આત્મા બની આ જગતની ટોચ ઉંચે લોકાંતે સિદ્ધ ભગવંત તરીકે કાયમ માટે સ્થિર થયેલા છે પ્રસ્તુતમાં સુદેવ કોને માનવા, અર્થાત્ સાચા આદ્ય ધર્મ પ્રરૂપક અને ગ્રાહ્ય વચન તરીકે કોને સ્વીકારવા, કોના વચનને કહેનારા ગુરુનુ સાભળવુ-અંગીકાર કરવુ, એ વિચારવા હોવાથી શ્રી સિદ્ધ પરમાત્માને બદલે શ્રી તીર્થંકર પરમાત્માનુ સ્વરૂપ વિચાર્યું હવે તારક તીર્થંકરદેવનુ લોકોત્તર જીવન જોઈએ



પ્રકરણ ૨.

શ્રી તીર્થંકર પરમાત્માનું જીવન.

માર્ગાનુસારીના ગુણ પર સમ્યકત્વની પ્રાપ્તિ પ્રથમ ભવ—

અનાદિ અનંતકાળથી ચોરાશી લાખ યોનિમય આ સંસાર-ચક્રમાં અનંતાનંત જીવો પરિભ્રમણ કર્યા જ કરે છે એમાં ભવિષ્યમાં તીર્થંકર બનનારના પણ આત્મા પહેલાં તો એમજ સંસારની કેદમાં ભમતા હોય છે, અને વિવિધ યોનિમાં દુઃખ સહે છે માત્ર એમનામાં બીજા જીવો કરતાં જાત્ય રત્નની જેમ છૂપી વિશિષ્ટતા હોય છે એ પ્રગટ થવા માટે અવસર આવ્યે માર્ગાનુસારિતાના અર્થાત્ શિષ્ટ માનવ-ગુણોના બળે સદ્ગુરુનો યોગ પામી સુદેવ-સુગુરુ-સુધર્મની ઓળખાણ મેળવીને એ આત્મા સમ્યગ્દર્શન પામે છે, અર્થાત્ ત્રણ તત્ત્વ ઉપર દૃઢ શ્રદ્ધાવાળા બને છે ભગવંત શ્રી ઋષભદેવ પ્રભુના જીવ ધના સાર્થવાહે જેને સાર્થમાં આવવું હોય તેને સાથે લેવાની ઉદારતા દાખવી તો સાધુ મળ્યા, ને શિષ્ટાચારની પ્રથમાં કરી ઘીનું દાન દઈ શ્રદ્ધા પામ્યા નયસારે અટવીમાં અતિથિ સત્કાર યાદ કર્યો ત્યાં

મુનિ મળ્યા, દાન દીધુ અને સમકિત લીધુ પાર્શ્વ-પ્રભુના જીવ મરુભૂતિએ બુધ્ધિના આઠ ગુણની માનવતા ઉપર સાધુયોગે સમ્યકત્વ સાધ્યુ આમ માર્ગાનુસારીના એટલે કે માનવતાના કોઇને કોઇ ગુણની ખીલવટ ઉપર ધર્મશ્રદ્ધા પામ્યા આ શ્રધ્ધા એવી ઉચી હોય છે કે એમા કેટલા ય તીર્થ કરના આત્માઓ ત્યા સાથે સાથે જ પેલી મૌલિક વિશિષ્ટતાને ખીલવતા વીસ સ્થાનક અગર ઓછાની આરાધના કરે છે, અને તીર્થ કરપણાનુ સર્વોત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જે છે ત્યાથી એક બીજે ભવ કરી પછી ત્રીજે જ ભવે તીર્થ કર થાય છે જ્યારે, બીજા કેટલાક તીર્થ કરના જીવો સમકિત પામ્યા પછી પણ તીર્થ કર બનવા પૂર્વે વધુ ભવ કરે છે ભવની ગણત્રી સમ્યકત્વ પામ્યા પછી ગણાય છે, પર તુ તીથ કરપણાનો મ ભ વ તીર્થ કર પરમાત્મા બનવાના પૂર્વના ત્રીજા ભવથી મનાય છે

સાચી વિશ્વદયા અને વીસ-સ્થાનક પર તીર્થ કરપણુ પૂર્વનો ત્રીજો ભવ —આત્મામા પરમાત્મપણુ એટલે કે વીતરાગ-સર્વજ્ઞપણુ આવે છે તે મોહ અને બીજા ઘાતી-કર્મના નાશના પ્રભાવે આત્મામાથી અશુદ્ધિ તથા આવરણ ચાલી જવાથી આવે છે મોહના નાશે રાગાદિ અશુ[illegible] વીતરાગતા આવે છે, તથા જ્ઞાનાવરણ

અજ્ઞાનતા ટળવાથી સર્વજ્ઞતા આવે છે પરંતુ તીર્થંકર પણું જે આવે છે, તે તો વિશિષ્ટ કોટિની પુણ્ય પ્રકૃતિ-શુભકર્મ પ્રકૃતિના ઉદયથી આવે છે કેમકે તીર્થંકરપણા માટે શ્રેષ્ઠ કોટિનો યશ, વચનની શ્રેષ્ઠ આદેયતા, રૂપ, સ્વર, સૌભાગ્ય વગેરેની અસાધારણ અનુકૂળતા જરૂરી છે, જેથી દેવો અને ઇન્દ્રો જેવા પણ ખેચાઈ આવે છે, મહાન અદ્ભુત ભકિત કરે છે, સમવસરણાદિ રચે છે એ બધાથી તેમજ શ્રી તીર્થંકર દેવના સૌભાગ્યાદિથી માનવ લોકો અને શહેરી-જંગલી તિર્યંચ પશુ-પંખી સુધ્ધા ખેચાઈ આવે, ત્યાં પાછી પ્રભુની વાણીની શકિત એવી કે સૌ સૌની ભાષામાં સમજી જાય, તેના સંદેહ એક સાથે ટળે, સૌ મહામિઠાશ એવી અનુભવે કે જેમાં થાક, ભૂખ, તરસ-પીડા વગેરેનું નામ નહિ આ બધું જે બને તે કાંઈ સર્વજ્ઞતા-વીતરાગતાદિ આત્મ વિકાસથી નથી બનતું એનું એ કાર્ય નથી, એ બધું તો પુણ્ય-કર્મના ઉદયથી જ બની શકે છે તેથી કહો કે ભલે વીતરાગ-સર્વજ્ઞતાદિનો સાથે સહકાર હોય જ છે, પરંતુ ઉપરોકત યશ-આકર્ષણ-વચન શકિત વગેરે જે આવે છે તે તો પુણ્યકર્મનું જ કાર્ય છે, પુણ્યના ઉદયથી જ આવે છે એમાં પ્રબળ યશ વગેરે પુણ્ય-કર્મ તો માતાના ગર્ભમાં પ્રભુ આવે ત્યારથી ઉદયમાં હોય છે, પરંતુ સમવસરણ

મ ડાવા–વગેરેનુ ઐશ્વર્ય પ્રગટવુ, તથા વિશિષ્ટ ધર્મ–
વાણી વરસાવવી, એ વીતરાગ સર્વજ્ઞ બન્યા પછી
ઉદયમાં આવતા તીર્થંકર નામ કર્મ નામના પુણ્યથી
બને છે આ વિશિષ્ટ યશસૌભાગ્યાદિ પુણ્ય–
કર્મ સહિત તીર્થંકર નામકર્મનુ પુણ્ય-કર્મ
પૂર્વના ત્રીજા ભવમાં ઉપાર્જે છે તીર્થંકર
નામકર્મ ઉપાર્જવનારી મુખ્ય સાધનામાં
(૧) અવિહડ નિર્મળ સમ્યક્ત્વ, (૨) વીસ
સ્થાનકો પૈકી એક અથવા અનેક સ્થાનકની
ઉપાસના–આરાધના, અને (૩) વિશિષ્ટ વિશ્વ
દયા હોય છે ત્રણનુ આવુ સ્વરૂપ આ રીતે છે

(૧) અવિહડ સમ્યક્ત્વમાં સુદેવાદિ ત્રણ ઉપર
એવી જ્વલંત શ્રદ્ધા હોય છે કે એનો રગ રગ અસ્થિ
મજ્જા લાગી હોય છે જગતમા એજ સાર, અને
સુખ માટે એજ સમર્થ લાગે છે, એજ દેવ અને
પરમઇષ્ટ લાગે છે યથાર્થ તત્ત્વની શ્રદ્ધા હૃદયને
સમાજની વાતોમા આત્મા ને કર્મની, કર્મ
ક્ષયની, ને મોક્ષની વાતોમાં રસનુ ગમે છે
અરિહંત પરમાત્મા પર લોકોત્તર ભક્તિ હોય છે
જાણે રોમેરોમમાથી 'અરિહંત અરિહંત'નો ગુંજ
ધ્વનિ નીકળે છે! હરતાં ફરતાં ચાલતા,
ઉઠતા, કામમા કે નવરાશમાં, અરિહંત

લગની લાગી હોય છે એમ સુગુરુ-સુધર્મનોય અખંડ રાગ, અનુપમ પક્ષપાત, ને અત્યંત બહુમાન હોય છે

(૨) વીસ સ્થાનક અને એની આરાધના — વીસ સ્થાનકની આરાધનામાં વીસ પદ આ રીતે છે જૈનશાસનમાં પ્રસિધ્ધ નવ-પદમાના પહેલા પાચ પરમેષ્ઠિમા 'પ્રવચન' અને 'સ્થવિર' ઉમેરતા સાત થાય નવ-પદના છેલ્લા ચાર પદમા વિનય, દાન, શીલ, ક્રિયા, ઉમેરતા આઠ થાય, એમ કુલ ૫ દર પદ થાય એમા સમાધિ વગેરે બીજા પાચનો ઉમેરો થતા વીસ સ્થાનક બને છે તેમા કયાક એકને બદલે બીજુ નામ પણ આવે છે વીસ નામ આ મુજબ છે,- **૧ અરિહંત, ૨ સિધ્ધ, ૩ પ્રવચન, ૪ આચાર્ય, ૫ સ્થવિર, ૬ ઉપાધ્યાય, ૭ સાધુ** (એમના ઉપર અત્યંત રાગ, પક્ષપાત અને બહુમાન, એમની અનુપમ ભક્તિ વૈયાવચ્ચ, ગુણગાન, દર્શનવદન, વિનય, આશાતના-ત્યાગ, તથા ધ્યાન જાપ વગેરે ઉપાસના) **૮ જ્ઞાન, ૯ દર્શન, ૧૦ વિનય, ૧૧ ચારિત્ર, (આવશ્યક), ૧૨ શીલ (બ્રહ્મચર્ય), ૧૩ ક્રિયા, ૧૪ તપ, ૧૫ દાન (ગૌતમ), ૧૬ સમાધિ, ૧૭ વૈયાવચ્ચ (૧૬ જિન, ૧૭ સંયમ), ૧૮ અભિનવ જ્ઞાન, ૧૯ શ્રુત, અને ૨૦ તીર્થ** આઠમાથી વીસમા સ્થાન સુધીનાની આરાધના સ્વયં કરવાનુ,

ને બીજાને આરાધના કરાવવાનુ તથા આરાધનાની અનુકૂળતા-પ્રેરણા કરવાનુ આવે, તેમજ આરાધના કરનારની આરાધનાની અનુમોદના કરવાનુ આવે આરાધનામા એ સ્થાનોની શ્રદ્ધા-ગુણગાન કરાય એની તથા એના સાધનની સાધના, રક્ષા અને પ્રભાવના કરાય એ સ્થાનોનુ શુભ ચિંતન, ધ્યાન અને તન્મયતા કરાય

(૩) વિશિષ્ટ વિશ્વદયા —સમ્યકત્વના પ્રભાવે, તીર્થંકરપણાનુ પુણ્ય ઉપાર્જનાર મહાત્માના હૃદયમા સ સારના દુ ખમય, દુ ખફલક અને દુ ખાનુબ ધી સ્વભાવનો ખ્યાલ એટલો બધો જાગતો અને ધીખતો બની જાય છે કે એવા દુ ખરૂપ સ સારમા ફસેલા પ્રાણી-માત્ર ઉપર એમના દિલમા ઉત્કટ ભાવ દયા ઉભરાય છે મહામાયાવી અને પ્રલોભક એવા મોહ અને અજ્ઞાનના મૃગપાશમા જીવોને ફસાવીને કર્મ-સત્તારૂપી પારધી એના ચતુર્ગતિમય સ સારમા કેવા કેવા બેહાલ કરે છે, અને નરક-નિગોદ સુધીના પ્રચ ડ દુ ખ દેતા જીવોને કેવા કેવા ભમાવ્યે રાખે છે, એ જાણે સાક્ષાત્ નજર સામે એ મહાત્મા નિહાળે છે એમનુ દિલ દયાથી ઉકળી ઉઠે છે, દિલમાં ક્યારે હુ સમર્થ બની આ બિચારા દુ ખી મોહ જાળમાથી અને કર્મની કારમી વેદન

લઉં,'– એવી ઉત્કટ કરુણાનો ધોધ વહેવા માંડે છે "ક્યારે હું સર્વ જીવોને જિનશાસનના રસિયા, શાસનના શ્રદ્ધાળુ કરી એક માત્ર મોક્ષમાર્ગના જ મુસાફર બનાવી દઉં ! એવું બળ મારામાં ક્યારે આવે !" આવી ઉત્કટ ભાવદયા–ભરી સદ્‌ભાવનામાં એ મહાત્મા પૂર્વોક્ત એ સાધના સાથે, રમણ કરતા થકા તીર્થંકર નામ–કર્મનું પુણ્ય ઉપાર્જે છે

કઈ અવસ્થામાં આ પુણ્યનું ઉપાર્જન ? —

એ પુણ્ય ઉપાર્જતી વખતે એ સમ્યક્ત્વ, શ્રાવકપણું, કે સાધુપણું, એ ત્રણમાંથી ગમે તે સ્થિતિમાં રહેલા હોય છે ભગવાન શ્રી ઋષભદેવ અને શ્રી પાર્શ્વનાથ સ્વામીએ પૂર્વના ત્રીજા ભવમાં ચક્રવર્તી પણાની સમૃદ્ધિ–સુખશીલતા છોડી સર્વત્યાગવાળું ચારિત્ર અને પવિત્ર સાધુપણું સ્વીકારી ઉક્ત પ્રબળ સાધના કરી હતી, ને તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જ્યું હતું ત્યારે શ્રી મહાવીર પ્રભુએ પણ રાજવીપણું છોડી ચારિત્ર લઈને એક લાખ વરસ સુધી માસખમણના પારણે માસ ખમણના મળગ તપ સાથે વીસ સ્થાનકની આરાધના કરી તીર્થંકર નામગોત્ર ઉપાર્જ્યું હતું પણ રાજા શ્રેણિકે માત્ર સમ્યક્ત્વ સ્પર્શીને અને સુલસાદિએ શ્રાવકધર્મ પાળતા તીર્થંકર નામ કર્મ નિકાચ્યું હતું

નરક ગતિના અતુલ ત્રાસમાં પણ અજબ સમાધિ —આ રીતે પુણ્ય ઉપાર્જી પૂર્વનો ત્રીજો ભવ પૂરો થતા સામાન્ય રીતે એ આત્માઓ વૈમાનિક દેવલોકમા દેવ થાય છે, પણ જેમને સમ્યક્ત્વ પામવા પૂર્વે ભવાંતર માટે નરક ગતિનુ આયુષ્ય બધાઈ ચૂક્યુ હોય છે, અને એમણે પછી સમ્યક્ત્વ પામી તીર્થંકરપણાનુ પુણ્ય ઉપાર્જ્યું હોય છે, એ આત્મા એ ભવ પૂરો થતા નરક ગતિમા જાય છે ત્યા એમનો આત્મા એવી તત્ત્વદૃષ્ટિ અને ઉપશમસહિત વિરક્ત દશામા કાળ વ્યતીત કરે છે કે એક બાજુ એમની ઉપર ઘોર કત્લેઆમ વરસવાનુ, આગમા બળવાનુ, ઘણુથી ટીપાવાનુ વગેરે અસહ્ય ચાલી રહ્યુ હોય છે, છતા બીજી બાજુ એવા ત્રાસ વરસાવનારા પરમાધામી ઉપર કે બીજા નરક જીવો ઉપર એમને અમૈત્રી-ભાવ અર્થાત્-'આનુ નિકંદન નીકળો'-એવી દુર્ભાવના થતી નથી પરતુ એમને પોતાના જ કર્મનો વાક જણાય છે એમા પણ પોતે જ કરેલી પાપકરણી બદલ પોતાની જાત પ્રત્યેજ તિરસ્કાર છૂટે છે, કહો, નરકના ઘોર ત્રાસમાય કેવી આત્મ-જાગૃતિ! કેવી સમાધિ! ત્યારે, દેવલોકમા જનારા તીર્થંકર દેવના જીવોને, ત્યા મહાભોગ-વિલાસના સાધન સરજામ અને વાતાવરણ છતા, આતરિક કોઈ આનદ આવતો [illegible] -એને તો

એ જડ-પુદ્‌ગલના ખેલ અને પુણ્યની લીલા સમજી પોતાના ચૈતન્યવંતા આત્માને અનાસક્ત-ભાવમા, ઉદ્દલાસીન-ભાવમા એ રમતો રાખે છે હજી તો પરમાત્મપણુ મેળવ્યુ નથી, પરમાત્મપણાનો જન્મ પણ હજી મેળવ્યો નથી, ત્યા પણ જો આટલી બધી મહાયોગી જેવી આત્મોન્નતિવાળી દશામા છે, તો એ પરમાત્મા બનવાના ભવમા આવશે ત્યારે કેટલી ઉચી દશા! પરમાત્મા બનવાની સયમ-સાધનામા કેટલી ઉચી દશા અને પરમાત્મપણુ પામશે ત્યારે કેવી અતિ ઉચ્ચ અવસ્થા! એમ સાચા પરમાત્મા બનનાર સુદેવનુ જ આલબન આપણા જીવન માટે મહાહિત કારી બને, અવશ્ય બને જ એના બદલે જ્યા કહેવાતા પરમાત્મામા રાગ-દ્વેષની પ્રવૃત્તિઓ, કામ-પ્રેમની ચેટાઓ અને યુદ્ધાદિ સુધીની ધમાધમ સેવાતી હોય, અને ઉપદેશ પણ અતત્ત્વ-અમાર્ગનો અપાતો હોય, એમના આલબનથી આત્મા ઉલટો કેવા મહાઅનર્થમા ફસાય? અરે! એથી મોક્ષ-સુખ તો દૂર દૂર જ રહે, પણ સસારમાય સદ્‌ગતિના સુખ પણ મોઘા બની જાય રાગદ્વેષ હિંસાદિની પ્રવૃત્તિઓ તથા અતત્ત્વ-અમાર્ગને તત્ત્વ અને ધર્મ માર્ગ માનવાની મિથ્યાત્વ-દશા ભવમા ચિરકાળ ભમાવનારી બને માટે જ સુદેવની પરીક્ષા કરીને શ્રી વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર

પરમાત્માને જ સુદેવ હ (? મીતે) એનના શરણે   ભવ્ય
નિજના આત્માને હ(? ર્ડ) ક્લ(?) રહ(?) દેવો જોઈએ   તેવી-
એજ ધન્ય જીવન છે કુદેવ કુહેત, નાનાવિદ મોહાધ
માતાપિતા, પત્ની, દેહ વગેરે સ હુ ન્હેવાથી કે   પ્રભુને
નમર્પિત થવાથી શુ વળ્યુ હતુ ? ક્યા જન્મ-મરણ   તેથી
મીટવાના હતા ? ને એ ન ? દે દુખ અને દુર્દશા   ટે છે
સંબધ છોડ જ હ ?

અન્તિમ ભવ — જ મનો જીવ ન હ કે   પ્રભુનુ
દેવલોકમાથી ચ્યવીતે(?) મનુષ્ય લોકમા ગ(?) વી   લોકોત્તર
જેવા ઉચ્ચ કુળમા ત હ અર્ડ પેદા (?)   કરતા
કોટિના ઉચ ગોત્ર, ર(?) મ, સૌભાગ્ય નામ-   ગીરમા
કર્માદિ પુણ્યકર્મના ફ(?) છે તેથી જુઓ કે   ાય છે
કેવી અદ્ભુત સ્થિતિ (?) છે !   ર પણ
    નમા દુખ
(૧) પ્રભુ મા (?) રમા આવતા (?)   વાત્સલ્ય
લોકના સમસ્ત જીવે(?) સુખનો અનુભવ (?)   ધ જેવુ
પરમાત્માના ચ્યવન, (?) દીક્ષા, કેવળન (?)   એનની
નિર્વાણ એ પાર (?) કલ્યાણક (?)   ખુણ જ
બીજા કોઈ પણ (?) પ્રસગને મ (?) પ્રસગ   ા છતા
નથી વપરાતો (?) ગુના જ (?)   આવેલુ
જગતભરના જીવે(?) એટલે (?)   તેમજ
બને છે નરકના જી(?) નિશણ (?)

મીઠો અપૂર્વ શાતા સુખનો અનુભવ કરાવનાર એક માત્ર પ્રભુનુ કલ્યાણક છે વાહ! કેવી સરસ પ્રભુની બલિહારી! વળી પ્રભુના કલ્યાણક વખતે જ ત્રણ જગતમા ઉદ્યોત (પ્રકાશ) થાય છે

(૨) પ્રભુના ચ્યવન વખતે બીજુ એ બને છે કે માતા ઉંઘમા ચૌદ તેજસ્વી મહાસ્વપ્ન જુએ છે ચૌ૦ સ્વપ્નો આ છે —૧ ગજ, ૨ વૃષભ, ૩ કેસરી સિંહ, ૪ અભિષેક કરાતી લક્ષ્મી દેવી, ૫ બે ફૂલમાળા, ૬ ચદ્ર, ૭ સૂર્ય, ૮ મોટો ધ્વજ, ૯ પૂર્ણ મહાકલશ, ૧૦ પદ્મસરોવર, ૧૧ ક્ષીરસાગર, ૧૨ વિમાન (નરક માથી આવેલ પ્રભુની માતાને ૧૨ ભવન), ૧૩ રત્ન રાશિ, અને ૧૪ નિર્ધૂમ અગ્નિ જ્વાળાનો ગજ

(૩) ચ્યવન વખતે ત્રીજુ એ બને છે કે ઇન્દ્રનુ મહાસ્થિર સિંહાસન પણ ડોલાયમાન થાય છે, અને અવધિજ્ઞાનથી ઇંદ્રિ પરમાત્માના જીવનો અવતાર જાણી અત્યત આલ્હાદ અને રોમાચ અનુભવે છે ત્યા તત્કાળ સિંહાસન પરથી ઉઠી, મોજડી ઉતારી, સાત આઠ ડગલા પ્રભુની દિશા સન્મુખ જઇને ઉત્તરાસગ (ખેસ) કરી ડાબો ઢીંચણ પર રહી અજલિ જોડવા સાથે પ્રભુની સ્તુતિરૂપે શક્રસ્તવ (નમુત્થુણ) સ્તોત્ર ભણે છે એ સ્તોત્રમા પરમાત્માના અપૂર્વ આત્મપરાક્રમ,

અદ્ભુત ઐશ્વર્ય અને સર્વોચ્ચ આત્મોપકારની ભવ્ય વાતો હોય છે, પણ સ સાર-લીલાની કોઇ જ મેલી-ઘેલી વાતો નહિ

(૪) ચ્યવન વખતે ચોથી વસ્તુ એ કે પ્રભુને ત્યારથી જ નિર્મળ અવધિજ્ઞાન હોય છે, તેથી જગતમા દૂર દૂર વર્તી પદાર્થોને ય પ્રત્યક્ષ જોઈ શકે છે

ગર્ભઅવસ્થા —ગર્ભમા રહ્યા રહ્યા પ્રભુનુ શરીર માતાના આહારથી પોષાવા છતા લોકોત્તર પુદ્ગલનુ બને છે એવુ કે એનુ રૂપ ઇન્દ્રો કરતા પણ અનતગુણુ સુદર હોય છે તેમજ શરીરમા લોહી ગાયના દૂધ જેવુ સફેદ વર્ણવાળુ હોય છે કેમ ન હોય ? જન્મ પામતા એક પુત્ર ઉપર પણ અતીવ પ્રેમ-વાત્સલ્ય ધરનારી માતાના સ્તનમા દૂધ તૈયાર થાય છે, તો ત્રણેય લોકના જીવો પર વાત્સલ્ય ધરનારા પ્રભુના આખા શરીરમા લોહી દૂધ જેવુ બને એમા શી નવાઇ ? એટલુ જ નહિ પણ એમની માસાદિ ધાતુઓ જરાય બિભત્સ નહિ, પણ ખૂબ જ મનોહર ને દર્શનીય હોય છે ગર્ભ વધવા છતા માતાનુ ઉદર વિકૃત એટલે કે ફૂલેલુ, ઉચુ આવેલુ દેખાતુ નથી એવો પ્રભુનો પ્રભાવ હોય છે તેમજ માતાને કોઇ તકલીફ નહિ બલ્કે માતા-

પિતાના ઘરમા દેવતાઓ કેઈ પર્વતો વગેરેમાથી નધણીયાતા ધનના લાવીને ઢગલા કરે છે માતા પણ પિતા અને જ્યોતિષીઓ દ્વારા સ્વપ્ન-ફળ જાણી મહાન આનદ ઉત્સવ કરે છે

પ્રભુનો જન્મ અને ઉત્સવો — ગર્ભકાળ પૂરો થયા પછી ગ્રહોની ઉંચી અને બળવાન સ્થિતિમા કુદરતના મહા સુદર વાતાવરણ વચ્ચે નિરોગી માતા મહા આરોગ્ય ધરતા એવા આ પુત્ર રત્નને જન્મ આપે છે એથી ત્રણ લોકમા સુખ અને પ્રકાશ પથરાય છે ત્યા દિક્કુમારીઓ, દેવતાઓ અને પિતાના ઉત્સવ થાય છે

(૧) **છપ્પન દિક્કુમારી** દેવીઓ સિંહાસન ચળવાથી પ્રભુ-જન્મ જાણી પોતાના હજારો સેવક દેવતાના પરિવાર સાથે પ્રભુના ઘેર આવે છે માતા અને પુત્રને પ્રણમી એક યોજન ભૂમિ ચોકખી અને સુગધી જલથી સિંચિત કરી ત્રણ કેળના ઘર બનાવે છે એમા ગીતગાન નૃત્ય સાથે માતાને અને પ્રભુને અગ વિલેપન, સ્નાન, અલકાર સજાવટ, ધૂપન, રક્ષા-બધનાદિ કૃત્ય અલૌકિક સામગ્રી અને દિવ્ય ભભકાથી કરે છે પછી,

(૨) ઈન્દ્રકૃત્સવ—એમના જતા જ ઉપર દેવલોકમા

સૌધર્મ ઈન્દ્ર સિંહાસન ડોલવાથી પ્રભુનો જન્મ જાણીને સેનાપતિ હરિણૈગમેષી દેવ પાસે મોટો સુઘોષા ઘ ટ વગડાવી મેરૂ પર જન્માભિષેક ઉત્સવ કરવાની જાહેરાત કરાવે છે કરોડો દેવતાઓના પરિવાર સાથે એ નીચે ઉતરી આવે છે પ્રભુની માતાને પ્રણામ સાથે જ મોત્સવ કરવાનુ જણાવી, અવસ્વાપિની નિદ્રા આપે છે, અને પાચ રૂપ વિકુર્વી સ્વય એકરૂપે પ્રભુને બે હાથમા બેસાડી, બે રૂપે આજુબાજુ ચામર વીંજતો, એકેકરૂપે આગળ વજ્ર અને પાછળ છત્ર ધરતો ઈન્દ્ર પ્રભુને મેરૂ શિખર ઉપર પાડુકવનમા લાવે છે ત્યા બીજા ઈન્દ્રો પણ આવી પહોચે છે અને એ મહાન વિવિધ વાજિંત્રોના મરાદો વચ્ચે ક્ષીરસાગર, પદ્મ-સરોવર માગધતીર્થ વગેરેના નિર્મળ પાણી, ઔષધિઓ વગેરેથી સૌધર્મ ઈન્દ્રના ખોળામા રહેલ પ્રભુના મહાન અભિષેક કરે છે એ પછી સૌધર્મેન્દ્ર પ્રભુને ઈશા-નેન્દ્રના ખોળામા આવી પ્રભુની આગળ પોતાની પશુ જેવી અવસ્થા છે એ સૂચવતુ બળદનુ રૂપ કરી શિંગડામાથી પ્રભુને દિવ્ય ક્ષીરપાણીની મોટી ધારાથી અભિષેક કરતો નાચે છે એ પછી પ્રભુને દિવ્યવસ્ત્ર અલ કારાદિ પહેરાવીને મહાગુણગાન-સ્તુતિ-પ્રાર્થના કરી પ્રભુને માતાની પાસે મૂકી દે છે ત્યાં ઘરમા બત્રીસ ક્રોડ રત્ન, સુવર્ણ વગેરેની વૃષ્ટિ

પ્રભુના અંગુઠે અમૃત સંચારે છે, જેને પ્રભુ ચૂસીને જ ભૂખ શાંત કરે છે પ્રભુને સ્તનપાન કરવાનું હોતું નથી દેવના ઉત્સવ પછી રાજા મહાન જન્મોત્સવ ઉજવી લોકોને અપૂર્વ દાન, કરમાફ, મફત ખરીદી વગેરે કરાવે છે સ્નેહી સ્વજનને ભોજન સત્કારપૂર્વક પ્રભુનું નામ પાડવામાં આવે છે **ગર્ભમાં દિવ્યજ્ઞાન અને જન્મ વખતે આવા દિવ્ય સન્માન છતાં પ્રભુને મન કોઈ અભિમાન કે આનંદ નથી પ્રભુ તો નિર્લેપ છે**

આટલે સુધી પ્રભુની જન્માવસ્થા વિચારી હવે પ્રભુની રાજ્યાવસ્થા જુઓ.

જન્મ્યા પછી પ્રભુ મહાવૈભવી લાલન-પાલનમાં ઉછરે છે, કેમકે રાજવી સમૃદ્ધિમાં જન્મ છે, તેમજ દેવોએ ભંડાર ભરી દીધા છે! વળી દેવતાઓ પ્રભુના દર્શને અને પ્રભુ સાથે ખેલવા મંટે આવે છે! પ્રભુથી પોતે હારવામાં એ ગૌરવ લે છે! **આ બધી મહાસગવડ-સન્માનની સ્થિતિમાં અંતરથી પ્રભુ મહાવિરાગી અને ઉદાસીન અવસ્થામાં રમે છે!** ત્યારે આપણે મામુલી તુચ્છ સગવડ સન્માનમાં રાગમૂઢ બની રહેવાઈ જઈએ છીએ વિચારજો આવા સાચા પરમાત્માના આલંબને આપણી કેવી અધમાધમ દશા સમજાય છે

અમને આતુરતા, કૌતુક કે રમવા-ખેલવાની લાલસા-તૃષ્ણા હોતી નથી છતા બાલક્રીડા કે બીજો વ્યવહાર કરે છે તે બીજાના અનુરોધથી, બીજાઓનુ મન રાખવા પોતાને કોઈ રસ કે ઉત્કંઠા નથી એટલે જ માતાપિતા પણ એમના મહાવૈરાગ્યને દેખે-સમજે છે, તેથી જ એમને પાણિગ્રહણ (વિવાહ) કરવાનુ સમજાવવામા મુશીબતી અનુભવવી પડે છે અને અ તે એ સુદર રૂપવતી અને સુશીલ રાજકુમારી સાથે પ્રભુનુ લગ્ન કરાવે છે

પ્ર૦ —આવા મહાવિરાગી પ્રભુ પરણે જ શુ કામ ?

ઉ૦ —પૂર્વના ત્રીજા ભવમા ઉચ્ચ ધર્મ-સાધના સાથે શુભ ભાવનામા એવા રમ્યા છે કે એના યોગે ઉપાર્જેલા વિપુલ પ્રમાણમા પ્રકૃષ્ટ ભોગપુણ્ય દેવભવ વીત્યા પછી પણ ભોગવવા બાકી રહે છે એ ભોગ ગ્યા વિના નાશ પામે એમ નથી એવા એ નિકાચિતકર્મ છે તેથી જ પ્રભુને લગ્ન કરી કર્મ-દુશ્મનને નીચ ઉપાયથી કાઢવો પડે છે બાકી કેટલાક તીર્થંકર દેવો જેમને દેવભવ પછી ભોગકર્મ નથી તે લગ્ન પણ નથી કરતા અને રાજ્ય પણ નથી ભોગવતા, એ તો બ્રહ્મચારી-કુમારપણે ચારિત્ર લે છે ત્યારે રાજ્ય પામનારામા પણ ઉત્કૃષ્ટ ભોગપુણ્યવાળા કેટલાક ચક્રવર્તી પણ બને છે એવા ચક્રવર્તી પ્રભુના પુણ્ય

ચાર, ઘર વગેરે સર્વ વસ્તુનો ત્યાગ કરે છે

ત્યાંથી પછી પ્રભુ સાધુપણે પૃથ્વીતલ ઉપર વિચરે છે સાથે કોઈ નોકર ચાકર કે સ્વજન-મિત્ર નહિ! પ્રભુને દુષ્ટ પશુ ને માણુસો અનેક ઉપદ્રવ પણ કરી જાય છતા પ્રભુની સાથે કોઈજ સામાન-સરજામ કશુ જ નહિ, એક માત્ર દેવદુષ્ય વસ્ત્ર સાથે પ્રભુ વિચરે છે ઘોર તપસ્યા આદરે છે, એમા પાછા શુ દિવસે કે શુ રાતે જમીન પર પલાઠી માડીને પ્રભુ બેસતા પણ નથી, તો સુવાની વાત જ કયા? એમા ય વળી ભૂખ-તરસ, ટાઢ-તડકો, ડાસ-મચ્છર વગેરે પ્રબળ પરીસહો આનદથી સહે છે ઉપરાત દેવતાઈ, માનવીય કે પશુના ભયકર ઉપસર્ગ પણ બહુ જ સમતાભાવે વધાવી લે છે કોઈ જ ખેદ, દ્વેષ, અધીરતાદિ કરવાની વાત નહિ! ગમાર માણુસોના અપમાન-પ્રહાર તથા કૂતરા જેવાના બટકાથી માડી ઠેઠ સિંહ-વાઘના કે સર્પ શસ્ત્ર સુધીના ગમે તેવા ભયાનક ઉપદ્રવો આવો! ફાસી, અગ્નિ વગેરેના ઉપદ્રવ સામે આવો! કીડીઓ વગેરેથી વિંધાઈ આખુ શરીર ચાલણી જેવુ થવાનુ બનો!-એ બધીય સ્થિતિમા પ્રભુને ક્ષમા, દયા, સયમોપયોગ અને આત્મધ્યાન સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ જ નહિ! એમ કરતા કરતા ...થી ઉત્કૃષ્ટ મગળભૂત અહિંસા સયમ અને

તપથી કર્મના થોકના થોક ખપા વે રાખે છે! આ થઇ પ્રભુની શ્રમણ–અવસ્થાની વાત આ બધી અવસ્થામા પ્રભુના જે ગુણો છે તેનુ વર્ણન આગળ જોઇશુ પણ એટલુ ખરૂ કે મહાપુણ્યે મળેની મહાન સમૃદ્ધિ–ઠકુરાઈ–સુકોમળતાદિને અવગણી પ્રભુ અજબ ગ્હિષ્ણુતા સમતા સમાધિમા ઝીલે છે! ધન્ય અરિહ ત! ધન્ય મારા નાથ! હવે પદસ્થ અવસ્થા જુઓ

પદસ્થ અવસ્થા —તપસ્યા, સ યમ અને ધ્યાનના બળે, તથા ઉપસર્ગ–પરીસહેને ખુબ જ સમતાભાવથી સહન કરવાના પ્રતાપે પોતાના ઘાતી કર્મ–જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અ તરાય–એ ચારનો મૂળથી નાશ કરી પ્રભુ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા બને છે ત્યા તીર્થ કર નામ–કર્મનુ ઉત્કૃષ્ટ પુણ્ય હવે ઉદયમા આવે છે એનાથી તીર્થ-કર પદ પ્રાપ્ત થાય છે એ પદવાળી અવસ્થા તે પદસ્થ અવસ્થા કેવળજ્ઞાન પ્રગટતા તરત જ દેવતાઓ ત્રણ ગઢવાળુ સમવસરણ રચે છે એના ઉપર જગત ગુરુ બિરાજમાન થઇ ધર્મદેશના આપે છે તેને એ અવસરે દેવ, મનુષ્ય અને તિર્યંચની પર્ષદા ખૂબ જ રસથી સાભળે છે, અને સમજે છે ત્યા વિશિષ્ટ પુણ્યાઈ અને શક્તિવાળા અમુક ભાગ્યવાનો બોધ પામી દુન્યવી ઉંચી સ્થિતિનોય ત્યાગ કરી પ્રભુ પાસે સાધુપણુ લે

છે, અને પ્રભુને ત્રણ વાર, 'હે ભગવંત! તત્ત્વ શું ?' એમ પ્રશ્ન કરે છે, એના ત્રણ ઉત્તરમા પ્રભુ ફરમાવે છે, "ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, સ્થિર રહે છે" અર્થાત્ જગતની વસ્તુ માત્રમા સત્‌માત્રમા ઉત્પત્તિ, નાશ અને સ્થિરતાના એક સાથે ત્રણે ય ગુણ ધર્મ હોય છે જેનામા ન હોય તે વસ્તુ નહિ, સત્ નહિ ઉત્તરો સાભળી એ મહાનુભાવોના શ્રુત જ્ઞાનાવર ણના પડદા એવા તૂટી જાય છે કે એમના આત્મામા લોકાલોકના પદાર્થો, તત્ત્વો તથા મોક્ષમાર્ગની સમગ્ર પ્રક્રિયા વગેરેનો સૂક્ષ્મ અને વિશાળ બોધરૂપી શ્રુત જ્ઞાન પ્રગટે છે એના ઉપર એ ત્યાને ત્યા સયમ જીવનના આચાર, દર્શનો, તત્ત્વો, વગેરેના મહાશાસ્ત્રો રચે છે એને **દ્વાદશાગી** કહે છે આગમ પુરુષના એ મૂળભૂત શાસ્ત્રો હોવાથી અગ કહેવાય છે અગ બાર હોય છે એમા છેલ્લુ બારમુ અગ દૃષ્ટિવાદ નામનુ શાસ્ત્ર છે એના પેટાના પાચ પ્રકારમા એક પ્રકાર ચૌદ પૂર્વ નામના મહાશાસ્ત્રનો હોય છે, જેમા આત્મવાદ, કર્મવાદ, જ્યોતિષ, નિમિત્ત, વનસ્પતિ વિજ્ઞાન, વિદ્યા, મત્રો, તત્રો, વગેરેનો વિસ્તાર દરિયો વર્ણવેલો હોય છે દ્વાદશાગીની આ સમગ્ર રચના કરનારને ગણધર કહેવાય છે એમની એ ... પ્રભુ કેવળજ્ઞાનથી તદ્દન સાચી જુએ છે,

અને એના ઉપર સત્યતાનુ સમર્થન કરવા તથા બીજા યોગ્ય સાધુઓને એ શાસ્ત્રોનુ દાન કરવાની અનુજ્ઞા આપવા ત્રિભુવન પતિ સિંહાસન પરથી ઉઠે છે ગણુધર ભગવતો એક હારમા માથુ નમાવી, હાથ જોડી ઉભા હોય છે ઇન્દ્ર ત્યા થાળમા સુગધિત વાસક્ષેપ ચૂર્ણ લઇ બાજુમા ઉભો રહે છે પરમાત્મા એમાથી ચૂર્ણની મુઠ્ઠિ ભરી "દ્રવ્ય-ગુણુ-પર્યાયથી હુ તીર્થની અનુજ્ઞા આપુ છુ" એમ કહેતા એ નતમસ્તક ગણુધર ભગવતોના માથે ચૂર્ણ-પ્રક્ષેપ કરે છે શુ કર્યું આમા વિશ્વનાથે? દ્રવ્યો, ગુણો અને પર્યાયો જે યથાર્થ રીતે ગણુધર ભગવાને જાણ્યા, અને સૂત્રરૂપે એને અક્ષ દેહ આપ્યો, હવે એ બીજાને ભણાવવાની રજા આપી અર્થાત્ એમ કહેવાય કે એ બધા શાસ્ત્રો ખુદ તીર્થંકર દેવના ફરમાવેલા છે એ શાસ્ત્રો એ જિનવચનજ છે આ રીતે ગણુધર મુનિઓ જે બન્યા તે તીર્થ કહેવાય, એના કરનારા પ્રભુ તીર્થંકર કહેવાય છે પ્રભુ ત્યા બીજાઓને પણ દીક્ષા, શ્રાવક પણ, સમ્યક્ત્વ વગેરે ય આપે છે એથી સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા એમ ચતુર્વિધ સઘની રચના થાય છે એમને પાળવાના વ્યવસ્થિત આચારો, અનુષ્ઠાનો, વ્રતો વગેરે હોય છે એમા સ્ખલના થાય તો દડ હોય છે ઇત્યાદિ વ્યવસ્થાથી આ એક ધર્મ-શાસન

બન્યુ ગણાય છે શાસનના અધિપતિ રાજા શ્રી તીર્થંકર ભગવાન ધર્મ ચક્રવર્તી છે આચાર્યો એમના પ્રતિનિધિ છે, એ પ્રભુના ધર્મશાસનનો પ્રચાર કરે છે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ પ્રજાજનો છે એમના ધર્મજીવનનુ પાલન-પોષણ કરવામા આવે છે.

આવા તીર્થંકર ભગવાન ત્રણે ય લોકની પૂજાને પામે છે ખાસ કરીને દેવોની આઠ મહા પ્રાતિહાર્યની સિંહાસન ચામર વગેરે (પૂર્વે ગણાવેલા આઠની) પૂજાને અર્હ (યોગ્ય) બનેલા છે, તેથી અર્હત્-અર હ ત અરિહ ત કહેવાય છે હવે એ ચાલે ત્યા પગલા માડવાની જગા પર માખણના પિંડા જેવા સુકોમળ નવ સુવર્ણ કમળ રચાય છે પ્રભુ ચાલે ત્યા ઉપર ગગનમા પખીઓ પ્રદક્ષિણા દે છે, રસ્તાના ઝાડ પ્રભુને નમે છે ઋતુ અનુકૂળ થાય છે, પવન શીતળ મ દ વહે છે, કાટા ઉધા થઈ જાય છે, સવાસો જોજ નમાથી મારી-મરકી વગેરેના ઉપદ્રવો ટળી જાય છે એવા વીતરાગ મહારાજ તીર્થંકર શ્રી અરિહ ત પરમાત્મા ત્યાર પછી આયુષ્ય પહોચે ત્યા સુધી દેશેદેશ ગામે ગામ વિચરે છે દિવસના પહેલા અને પાછલા પહોરે ધર્મ-દેશના દે છે, લાખો કરોડો જીવો પ્રભુના અને શિષ્યોના હાથે સાધુપણુ, વ્રતધારી શ્રાવકપણુ, સમકિતી શ્રાવકપણુ પામે છે

(૫) રૂપાતીત અવસ્થા — અંતે આયુષ્ય સમાપ્ત થવાના અવસરે પ્રભુ જ્ઞાનમાં યોગ્ય લાગે તે મુજબ છેલ્લા દિવસોમાં આહાર-પાણી ત્યજી અનશનમાં રહી પર્યંકાસન વગેરે આસને શુક્લ-ધ્યાનના છેલ્લા બે પાયાથી તદ્દન અયોગી બની ચાર અઘાતી કર્મ (વેદનીય, આયુષ્ય,-નામકર્મ-ગોત્રકર્મ) નો સર્વથા નાશ કરે છે, અને મોક્ષ પામે છે મોક્ષમાં હવે શાશ્વત કાળ માટે કર્મ, શરીર, મન, વચન, ગતિ, ભવ, ઇન્દ્રિયો, લેશ્યા, ભૂખ, તરસ, રોગ, શાતા-અશાતા, યશ-અપયશ, માનાપમાન વગેરેથી રહિત બની તદ્દન શુદ્ધ સ્ફટિકવત નિર્મળ, નિરંજન નિરાકાર અરૂપી આત્મા બની ચૌદ રાજ-લોકના મથાળે સિદ્ધ-શિલાના ઉપર પહોંચી જાય છે, અને લોકના અંતે સ્પર્શીને રહે છે ત્યાંથી કદી એમને પાછું ઉતરવાનું નથી હોતું અલબત હજી જગતમાંના બીજા વિશિષ્ટ કોટિના જીવો પૂર્વે કહ્યું તેમ વિશિષ્ટ કોટિનું ઉંચું સમ્યક્ત્વ, વીસ સ્થાનક અને વિશ્વદયાના આરાધન કરી તીર્થંકર થતા જાય છે બાકી મોક્ષે ગયેલા, શું તીર્થંકરના કે શું બીજા, ગમે તે આત્માને અવતાર લેવાના હોતા નથી હવે તો અક્ષય અવ્યાબાધ અનંતા સુખમાં એ ઝીલે છે એ સુખ સર્વ જીવોના સુખ

અન તગણુ હોય છે સ યોગની અપેક્ષા વિનાનુ નિર પેક્ષ આત્મસુખ હોય છે અ યોગ-જન્ય સુખના અભ્યાસીને એના અનુભવનો ખ્યાલ નથી આવી શકતો પણ તે વાસ્તવિક સુખ છે અને અન ત પ્રમાણવાળુ છે, કેમકે જીવને જો એક શત્રુના નાશ થી ય મહા આન દ થાય છે, એક ઈચ્છાની પૂર્તિ અને નિવૃત્તિ થવાથી અપૂર્વ આન દ લાગે છે, એક રોગ-એક પીડા-એક ઉપદ્રવના નાશથી અદ્ભુત સુખનો અનુભવ થાય છે, એક સારા પદાર્થની પ્રાપ્તિથી અપૂર્વ મઝા આવે છે, તો પછી સર્વ શત્રુના નાશ થી, સર્વ ઈચ્છાની નિવૃત્તિથી, સર્વ પદાર્થની પ્રાપ્તિથી અને સર્વ રોગ-પીડા-ઉપદ્રવના નાશથી અન ત સુખ પ્રાપ્ત થાય, અનુભવાયા કરે એમા શી નવાઈ? મોક્ષાવસ્થામા કોઈ શત્રુ કોઈ ઈચ્છા, કોઈ રોગાદિ રહેતા નથી તેથી અને ખરૂ તો આત્મા ઉપરના સર્વ આવરણ-કચરા દૂર થઈ ગયા હોય છે તેથી સ્વભાવગત અન ત આન દનો દિવાકર નિર્મલ આત્મગગનમા વૈશાખના મધ્યાહ્નની જેમ ઝળહળી ઉઠે છે! હવે આત્માને જન્મ નથી, એટલે શરીર નથી ને મન નથી, એટલે રોગ, શોક, દુ ખ, દારિદ્રય દૌર્ભાગ્ય, જરા, મૃત્યુ વગેરે કોઈ જ વેદન નથી, તેમ કામ, ક્રોધ, મદ, માયા, મત્સર વગેરે કાઈ જ લાગ

ણી કે વિકાર નથી એ તો હવે અરૂપી, અમોહી, અક્રોધી, અમાની, અમાયી, અલોભી, અરાગી અદ્વેષી, અલેશી, નિરિચ્છ, નિર્વેદી, નિર્વિકલ્પ, નિરપેક્ષ, શુદ્ધ સ્વરૂપસ્થ બનેલા છે હવે તો લોકાલોક પ્રકાશક કેવળ જ્ઞાન કેવળદર્શન વડે સમસ્ત જગતને ઉદાસીનભાવે જોવાના અને અનત સહજ આનદમા ઝીલવાના નિર્મલ આત્મસ્વરૂપમા રમણ કરે છે આ થયુ રૂપાતીત અવસ્થાનુ સ્વરૂપ એમ પરમાત્માના જીવન અગેની વિચારણા થઈ

પરમાત્માની પ્રથમ સમ્યકત્વ પામવા વખતની ઉત્તમતા, પૂર્વના ત્રીજા ભવની અદ્ભુત સાધના અને સાચુ વિશ્વવાત્સલ્ય સહિત તાત્ત્વિક જગતદયાળુપણુ, દેવભવની દુર્લભ વિરક્ત દશા, ચ્યવન પછીની અદ્ભુત ઉત્તમતા, જન્મ વખતનો આત્મકલ્યાણ અર્થે દિક્કુમારીઓ, ઈન્દ્રો, દેવો વગેરેના ઉત્સવ-આ બધુ મળીને પ્રભુની જન્મ અવસ્થા ! એ પછી પ્રભુની લગ્ન અને રાજ્ય અવસ્થામા નિર્લેપ નિરાસગ દશા, એ પછી રોમાચક અને હૃદયવેધી શ્રમણઅવસ્થા ! એમાની ઘોર તપ-સયમ વગેરેની સાધનાની ચર્યા અને ઉચ્ચ તપ, પવિત્ર જીવન, પછી પદસ્થ અવસ્થામા સાથેસાથ પરમાત્મપણાની અવસ્થા અને ચર્યા, પરમાત્મપણાનુ કર્તવ્ય-પાલન, સાચી

પાચ પચાસ નહિ પણ અનતા !!

પ્ર૦—દોષ તો માત્ર અઢાર દૂર થાય છે, તો ગુણ અઢાર જ કેમ નહિ? હિંસા જવાથી અહિંસા ગુણ, રાગ જવાથી વીતરાગતા ગુણ એમ અઢાર જ થાય ને? અનતા કેવી રીતે?

ઉ૦—એ વાત સાચી છે કે અઢાર દોષના નાશથી એના પ્રતિપક્ષી અઢાર ગુણો જન્મે પરતુ દોષ અઢાર એ સ્થૂલ ગણની છે, દરેક દોષના અવાન્તર ભેદ એટલા બધા છે કે કુલ દોષો અનતા થાય

પ્ર૦—અનત દોષોની સમજ કેમ કરવી?

ઉ૦—આ કઠિન છે, પણ સમજો કે દા ત અજ્ઞાન નામનો દોષ છે, તે અજ્ઞાન દોષમા ત્રણેય કાળના તે તે **પદાર્થોનુ** અને એના તે તે **પર્યાયોનુ** અજ્ઞાન જુદુ જુદુ ગણતા, અનત જાતનાં અજ્ઞાન દોષ થાય કે નહિ? એવી રીતે કામચેષ્ટાની કેટલી ય જાતો છે! એ દરેક જાતની પાછી અવાન્તર જાતો છે! એમાય કામ સબધી કેટકેટલી જાતના વચનો, કેવી કેવી વિચારણાઓ, અને કેટલી ય જાતના આખના કટાક્ષોથી માંડીને જુદા જુદા અગની જુદી જુદી ચેષ્ટાઓ, આ બધુ તો પાછુ એક સ્ત્રીના એક અવતાર સબધી, પણ જગતભરની સ્ત્રીઓના

જુદા જુદા ભવ સબંધી એ દોષો ગણવા જતા કેટલા દોષો થાય ? એવુ રાગ દોષના પણ અનંત ભે૦ પડે દા ત એક વસ્ત્ર પર રાગ છે તેય એના સુતર કે રેશમના પુમે પુમે જુદો જુદો રાગ છે કેમકે, ધારો કે એના પર કોઇની કલમની ટાંકની સહેજ અણી જો લાગી ગઈ, તો માત્ર એક ઝીણી પુમ પર ડાઘ લાગ્યો પણ તેય મનને ખૂચે છે, જો કે બાકીની હજારો પુમ હજી તો નિષ્કલંક ઉજ્જવળ છે, છતા આ એક પુમ પરના જુ । રાગના લીધે અતિ ઝીણો ડાઘ પણ ખમાતો નથી એમ એક જ ઘરમાની અનેકાનેક ઘર-વાખરાની અને એજ રીતે જગતભરની વસ્તુઓના રાગેરાગના થોક છે। તેમ વસ્તુ દરેકના ખૂણે ખૂણાના રાગ, રૂપના રાગ, રસના રાગ, ગંધના રાગ, સ્પર્શના, આકૃતિના ઈત્યાદિ અનંત અંશના રાગ જુદા જુદા છે માટે જ એક કેરીમાય, રંગ, સ્વાદ વગેરેના રાગ અલગ અલગ હોવાથી તેથી રંગે લાલ-પીળી જ ગમે છે, સ્વાદે મીઠી જ ગમે છે, ગંધે સુગંધિત જ ગમે છે, પાછી સ્પર્શે તે સુંવાળી જ વધુ ગમે છે એમાય આકૃતિએ ગોળમટોળ જ સારી ગમે છે આ બધા માય પાછુ જુદી જુદી જાતની લાલાશે રાગ જુદો જુદો। જુદી જુદી મીઠાશે રાગ જુદો જુદો। આમ

રાગના ય હિસાબ નથી એ ત્યે જ બીજું બધુ બરાબર છતા એકા રસ કે રન બરાબર ન હોય તો જૂવે છે રાગ-દ્વેષ અજ્ઞાનાદિના દોષો અનતા છે આ તો બાળજીવોને સમજવાની ગણતી છે પણ અનત દોષોની સૂક્ષ્મ સમજ તત્વજ્ઞ પુરુષ આમ કરી શકે એ જાણે છે કે આત્મામા જ્ઞાનાવરણીયાદિ કર્મના અનત દલિકો છે, તેમજ રાગદ્વેષાદિના સ ક્લેશના અસ ખ્ય સ્થાનકના પ્રત્યેકમા વૃદ્ધિ પામતો અનત અનત રસ છે તેથી આ અનત દલિક અને અનત રસના કાર્ય રૂપે અનતા દોષો થાય, તેમજ તેના નાશથી અનત ગુણ-પ્રગટ થાય, એમા નવાઈ નથી

આ વસ્તુ ધ્યાન પર લઈએ ત્યારે જે કહેવાય છે કે 'પરમાત્મા અગમ અગોચર છે પરમાત્માનુ સ્વરૂપ અતિ ગભીર છે, અતિ ગહન છે,' તે અગમ,-અગોચરતા, અને ગભીરતા-ગહનતા શી, તેનો ખ્યાલ આવે હવે વિચારો એ જગદીશ્વરે એવા અનતા દોષોને ધક્કે ચઢાવી અનતા ગુણો પ્રગટ કરવાનુ જે પરાક્રમ કર્યું, તે ય કેવુ અચિંત્ય, અતુલ, અનત પરાક્રમ ! ! ત્યારે એમના તે અનતા ગુણો ય કેવા ?!? પ્રભુની વિચારણીય ગહનતા આ છે, પણ નહિ કે બીજાઓએ માનેલી સર્જન શક્તિની ગહનતા એ અનતગુણોની જ ગહન વિચારણા આપણા દિલમા

આત્મવિશુદ્ધિનો નવો પ્રકાશ અને નવો ઉલ્લાસ આપી શકે બ્રહ્માણ્ડ **મર્જવાની શક્તિ** કે હવા-પાણી-અન્ન-પ્રકાશ વગેરે આપવાનો **લૌકિક ઉપકાર** વિચારવામા આપણા પોતાના અનાદિકાળથી ખધા થયેલા કામ ક્રોધ મોહાદિ દોષોને ધક્કો શી રીતે લાગે? તેમ એવા શક્તિ-ઉપકારવાળા ઇશ્વર પણ આપણા દોષો કેમ ટાળી શકે? પોતે વીતરાગતા બતાવે તો ભક્તને વૈરાગ્ય તરફ ઉલ્લસિત કરી શકે

પરમાત્મા બનવાની ભૂમિકાના ગુણો —

આમ તો પ્રભુના ગુણો ગણાય તેમ નથી, તેથી માત્ર મોટા મોટા થોડાક જ ગુણોનો વિચાર થાય તે પણ અતિ અલ્પ વિચાર થઈ શકશે આમા પણ પહેલુ એ જોવા જેવુ છે કે હજી જ્યારે પ્રભુની પરમાત્મા અવસ્થા નથી બની, અર્થાત્ જે અવસ્થામા એ પરમાત્મા તરીકે નથી મનાતા, પણ એક આદર્શ માનવ, આદર્શ બાળક, આદર્શ પુત્ર, આદર્શ ગૃહસ્થ, આદર્શ રાજા, આદર્શ સાધુ, ઇત્યાદિ રૂપે ગણાય છે, ત્યારે પણ એમનામા પરમાત્મા બનવાની ભૂમિકાને યોગ્ય કેવા કેવા મહાન અચિન્ત્ય પ્રભાવશાલી ગુણો છે

પરમાત્મા બનવા પૂર્વેના ગુણો —

પૂર્વે જોયુ તેમ, પરમાત્માના જીવમા અનાદિ

કાલથી જાત્યરત્નની જેમ સહજ ઉત્તમતા છે એના યોગે એ સંસારના વિવિધ ભવોમાં પણ ઉચ્ચા વિશિષ્ટ સ્થાનો પામે છે પછી પ્રથમ સમકિત પામવાના અવસરે એમનામાં ઉદારતા, સ્વદોષ-દર્શન, વગેરે અનેક ગુણોથી મઘમઘતી અદ્ભુત માનવતા ખીલી ઉઠી હોય છે અહીં માનવતાના કેટલાક ગુણો દૃષ્ટાન્ત સાથે જુઓ

ઉદારતા, પરપીડાપીડિતતા, સ્વદોષ-દર્શન, લઘુતા, પગાર્થવ્યસન, પરમમૈત્રી ઔચિત્ય, ગુણાનુરાગ, ધર્મશ્રદ્ધા, મહાસંવેગ-વૈરાગ્ય —

દા૦ ત૦ ઋષભદેવ પ્રભુના જીવ ધના સાર્થવાહે નગરમાં એવો ઢંઢેરો પીટાવ્યો કે જે કોઈને મારા સુરક્ષિત સાથમાં આવવું હોય તે ખુશીથી આવે અટવી વગેરેમાં રક્ષક પહેરીગીરો તરફથી બરાબર રક્ષણ રહેશે, તેમજ જેની પાસે બીજી પણ સાધન સામગ્રી નહિ હોય તેને મારા તરફથી પૂરી પાડવામાં આવશે કેવી મહાન ઉદારતા! સહેજે લોકો સ્વયં પરદેશ કમાવવા જવા ઇચ્છે, પણ એમાં આ તો આખા નગરના લોકોને આમંત્રણ દે છે! ત્યાં મુનિઓને સાર્થમાં ખુશીથી લીધા! એ પછી પ્રવાસની

વચમા મુનિઓની સભાળ લેવાનુ જરા ભૂ"ના, તો તે બદલ એમણે ભારે પશ્ચાત્તાપ કરવાનુ, અને ક્ષમા માગવાનુ કર્યું, એ કેવી ઉત્તમ **પરપીડાપીડિતતા સ્વદોષ દર્શન, લઘુતા** વગેરે ગુણો! એ ભવ પછીના ભવોમા પણ સ્વાર્થ ગૌણ કરીને રાખેલી **પરાર્થ-વ્યસનિતા, પરદુખભજકતા, પરા મૈત્રી, ઉચ્ચ ઔચિત્ય, વિવેક, ગુણાનુરાગ અને પ્રમોદભાવ** વળી **ઉચ્ચ ધર્મશ્રદ્ધા, મહાન વેગ, મહાવૈરાગ્ય** વગેરે ગુણોની એમનામા અજબ ગજબ કોટિના હતા? જેનો ખ્યાલ તો તે તે જીવનના તે તે પ્રસગો વિચારવાથી ઠીક આવી શકે યદ્યપિ સમ્ય ક્ત્વ પામતા અને પામ્યા પછી તીર્થંકર પરમાત્માના આત્મામા બહુ ગુણો અદરખાને તો પ્રગટ થઈ જ ગયા હોય છે, પરતુ એમાના કેટલાક ગુણો તો જીવનમા તેવા તેવા પ્રસગો ઉપસ્થિત થતા જ બહાર જણાય છે તેથી એ જાણવા માટે જુદા જુદા તીર્થંકર ભગવાનના નિરનિરાળા પૂર્વ જીવન પ્રસગો વિચારવા ઉપયોગી બને છે

પરોપકારવૃત્તિ, અતિથિસત્કારની ભૂખ, બાળનમ્રતા, વિચારકતા, નિરહકારતા, કૃતજ્ઞતા, ધર્માનદ, વૈભવી સમારભ-ત્યાગ, ઘોરતપ, સમતા —

પ્રભુ અનમર આવ્યે પણ બાલપણાથી એવી ગભીરતા અને આત્મલઘુતા દાખવે છે કે જેમાનુ આપણાથી શુ બને! 'શ્રી મહાવીર નભુ તીર્થંકર થશે' એમ ઈન્દ્રો કહી ગયા છે છતા માતાપિતા એમનુ મહાજ્ઞાની પ્રભુપણુ ભૂની એમન બાળ સમજી નિશાળે ભણવા મૂકવા માટે લઇ જાય છે, તે ઠેઠ પડિતના ઘરમા લઇ ગયા ત્યા સુધી! પણ મહાગભીર પ્રભુ તો કાઈ બોલતા જ નથી કે 'આ કેમ મને અહીં લાવો છો? કોણ મને ભણાવનાર છે? લાવો તો ખરા, જરા પહેલા એનુ જ્ઞાન હુ તપાસુ કે એને કેટલુ આવડે છે? અને મને તમારે ભણાવવો છે! એમને? જોઉ હુ તમે કેટલુ ભણ્યા છો? ' આવુ કાઈ પણ મનમાય વિચારવાનુ નહિ તો સહેજ પણ બોલવાની વાત જ કયા? ક્ષીર સાગરથી ય અધિકી ગભીરતા! મૌનપણે ઠેઠ પડિતના ઘર સુધી ગયા એમા મનની અદર ભાવી ભાવ જે બનાવે તે તટસ્થ પણે વિચારતા જોયા કરે છે સાચી મોટાઈ એજ છે કે શુભાશુભ બનાવોમા મધ્યસ્થભાવ રાખી ગભીર રહેવાનુ, પણ અજ્ઞાની મૂઢ માણસોની જેમ એ શુભ અશુભ બનાવોની અસર નીચે દ્હેવાઈ જવાનુ નહિ શુભા-શુભની અસરમા તણાવુ એ તો હીનસત્ત્વત છે પ્રભુ તો મહાસાત્વિક અને સાગરથી પણ અધિક

ગભીર છે નહિતર કયા પેલો પતુજી પડિત! અને કયા આ મહાજ્ઞાની અવધિજ્ઞાની અને શાસ્ત્ર પારગામી પ્રભુ? પ્રભુ આગળ પડિત તો કુછ વિસાતમા નહિ છતા માતાપિતાના દોર્યા પ્રભુ એવાને ઘેર ભણવા જાય છે! કોઈ અપૂર્વ સત્ત્વ, ગાભીર્ય, અને નિરભિમાન વગર આ બનવુ મુશ્કેલ છે અલ્પ સત્ત્વતામા તો આત્મા ચલિત થઈ ઉછળી ઊઠે કમમા કમ છેવટે વિચારવા ય મડી પડે કે આ તો અનુચિત થાય છે! માતાપિતાની આટલી બધી બિનસાવધાની? વગેરે વગેરે અહિં તો કશુ જ એવુ નહિ બાલવયે આવા અસાધારણ ગુણો છતા મહાપ્રૌઢ અને મહાધીર, ઉદાસીન અને તત્ત્વદૃષ્ટિમા રમતા છે કેમકે સમજે છે કે 'ભાવીભાવ જે સર્જે તે સર્જવા દો એમા કાઇ આપણો આતરિક ગુણ ખોવાતો નથી પડિત પોતે સામે ગાદી પર ચઢી બેસે, આપણે સામે ઉભા રહેવુ પડે, એમા આપણા અદરના મહાજ્ઞાનાદિ ગુણ જરાય ઘવાતા નથી'

નિરુત્સુક તથા અત્યત ધીર અને નિર્ભય —

બાલ્યવયમા ય પ્રભુ રમવા કરવાની ઉત્સુક્તા-આતુરતાથી રહિત હોય છે તેથી માત્ર મિત્રોના અનુરોધથી એમને ભેગા ભળવુ પડે છે ઘરમા પણ એમને બીજા રમાડે-ખીલાવે એવી ઈચ્છા કે આતુરતા એમને હોતી

નથી એતો પોતે ઉદાસીનતા અને તત્ત્વદષ્ટિમા રમતા હોય છે પરંતુ એમના પ્રબળ પુણ્ય એવા છે કે સ્વજન પરિજન જરા ય થાપ્યા-કરાવ્યા કે ધરાયા વિના પ્રભુને ખૂબ મહલાવે છે અવસરે દેવતા ય રમાડવા મહલાવવા આવે છે મહાસુખ સત્કારની સુવાળી સ્થિતિ છતાય એમા પ્રભુની કેવી અલૌકિક પ્રૌઢતા અને નિઃસ્પૃહતા! ત્યારે સમજી રાખો કે આપણાથી પણ આવા આવા વિશિષ્ટ ગુણોએજ પરમાત્મભાવની નિકટ પહોચી શકાય છે બાલ્યવયે નિર્ભયતા પણ પ્રભુમા અદ્ભુત હોય છે! એના એક દષ્ટાંત તરીકે શ્રી મહાવીર પ્રભુનુ આમલકી ક્રીડાનુ દષ્ટાન્ત પ્રસિદ્ધ છે સ્વર્ગમા ઈન્દ્રે પ્રભુના ધૈર્યના ગુણ ગાયા મિથ્યાદષ્ટિ દેવતા એ સહી ન શકવાથી પ્રભુની પરીક્ષા કરવા નીચે આવ્યો એ મિત્રોના અનુરોધથી ખેલતા પ્રભુને મોટા કાળા ફણીધર સર્પનુ અને સાત તાડ જેટલા ઉચા પિશાચનુ રૂપ દેખાડે છે ત્યા બીજા છોકરાઓ તો ગભરાઈ જાય છે, પણ પ્રભુ લેશમાત્ર ધૈર્ય છોડતા નથી કિન્તુ નિર્ભયપણે સાપને હાથેથી પકડી દૂર ફેકે છે! પછી પાછા એટલા ઉચા પિશાચના ખભે બેસીને એને મુઠી લગાવી સકોચાવી દે છે દેવને અંતે ક્ષમા માગવી પડે છે ? આ ધૈર્ય ગુણ છે

મહાશાતના, ઉચ્ચ વિવેક, મહાવિનય, મર્યાદાપાલન —

પ્રભુ કુમાર અને યુવાન અવસ્થામા આવે છે ત્યા પણ એમનામા મહાશાતના અને ઉચ્ચ વિવેક ઝળહળતો હોય છે એક દાખલો જુઓ કે શ્રી નેમિનાથ પ્રભુ પ્રત્યે શકા ખાઈને કૃષ્ણ વાસુદેવે એમને કહ્યુ કે 'આવો નેમિકુમાર! આપણે બળની પરીક્ષા કરીએ' પ્રભુ અતુલ બળી છે છતા અહીં મહાશાત છે તેથી બીજુ કશુ બોલતા નથી પરીક્ષામા કૃષ્ણનો ઇરાદો અખાડામા મલ્લ કુસ્તી કરવાનો કે એવો ટોક હશે પરતુ અહીં તો નેમિકુમાર કહે છે કે 'જો ભાઈ, આપણે ભૂલુંઠન (ભુમિ પર આળોટવાનુ) કરવુ અનુચિત છે માટે માત્ર હાથ વાળવામા બળની પરીક્ષા કરીએ' કેવો સુદર વિવેક! આટલુ કરવામા પણ પ્રભુને કાઈ જશ લેવાની કાક્ષા નહોતી કિન્તુ શ્રી કૃષ્ણના અનુરોધને અનુસરતા હતા એમા અરિહત થનાર પરમ પુરુષ માટે અનુચિત ચિંતા કરી તીર્થંકરની એક પ્રકારે આશાતના કરતા હતા તે અટકાવવાની જરૂર પણ ગણી શકાય કેવી સરસ ભાવદયા! કેવો નિર્દોષ વિવેકી ઉપાય! અહિં નેમિકુમાર હજી પરમાત્મ-સ્વરૂપ તો નથી આવ્યા, પણ પરમાત્મભાવની નિકટ લઈ જાય એવા ઉભય ગુણોને ધરે છે એમા એમણે

શ્રી કૃષ્ણનો હાથ તો કમળના નાળની જેમ વાળી દીધો, પણ પોતાના હાથ ઉપર કૃષ્ણ આખાને આખા લટકી પડયા તોય વાળી શકયા નહિ આટલુ બળ હોવા છતા શ્રી કૃષ્ણની મજાક ઉડાવવાની નહિ એવી પ્રભુની ઠરેલતા !

પ્રભુના કેટલા ગુણો ગણી શકશુ ? ગુણો તો ગણ્યા ગણાય નહિ એટલા બધા છે બીજો પ્રસ ગ જુઓ

જરાવિદ્યાથી મૂર્છિત એવી શ્રી કૃષ્ણની આખી સેનાની મૂર્છા ઉતારવા શ્રી નેમિકુમારે કૃષ્ણને ધરણેન્દ્ર પાસેથી શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ મેળવી એનુ સ્નાત્ર-જલ સેના પર છાટવા કહ્યુ આ પણ કેવો મહાવિવેક ! પોતે કયા પ્રભાવશાળી નહોતા ? છતા પોતાની જ ચ ણરજ કે ચરણજલ લઇ છાટવા ન કહ્યુ અને મૂર્તિ મેળવવા કહ્યુ દરમિયાન પોતે શત્રુ દળને માર્યા વિના કૃષ્ણની સેનાનુ રક્ષણ કર્યુ

ત્યારે જુઓ કે પાર્શ્વકુમારે એક વાર પિતાને મિત્ર રાજા પરના મ્લેચ્છ રાજાના હુમલાને ટાળવા યુદ્ધમા જતા રોકી પોતે ગયા પણ વિના લડાઇએ મ્લેચ્છ રાજાને વશ કરી આવ્યા ! કેવો સરસ હૃદયનો મહા કોમળભાવ અને વિશ્વ મૈત્રી ! શકય સમાર ભ અટકાવવાનો પ્રભુનો કેટલો સુ દર વિવેક ! ત્યારે ત્યા

એ મિત્ર રાજાએ પાર્શ્વકુમારને પોતાની પુત્રી પ્રભાવતી કન્યાને પરણવા માટે ખૂબ આગ્રહ કર્યો, પણ પિતાએ જે કાર્ય માટે મોકલ્યા છે તે સિવાય બીજી વાત નહિ એમ કહી ના પાડી, ને એમ જ પાછા આવ્યા કેવો મહાન પિતૃવિનય! કેવુ મહાન મર્યાદા-પાલન! ભોગવૃતિ પર કેવો મહાન કાબુ!

રાજ્યાવસ્થામા પણ અનુપમ સમૃદ્ધિ હોવા છતા પ્રભુ ઉદાસીન, અ તરથી ન્યારા, અને કમલપત્ર જેવા નિર્લેપ હોય છે ભોગાવલિ કર્મ બાકીનુ તથા તદ્ભવ મોક્ષનુ જાણવા છતા લગ્નનો આગ્રહ કરતા મિત્રોને ટાળીને અને માતાજીને વિનય પૂર્વક કહે છે કે,

"સ સારની વૃદ્ધિ કરનારા પાણિગ્રહણમા આપનો આટલો બધો આગ્રહ શા માટે?" કેવી સુ દર આત્મ જાગ્રતિ! કેવો સરસ અવસરોચિત સત્તત્ત્વનો પ્રકાશ! પોતાના પણ લગ્નને નિષ્પાપ કે કર્તવ્ય મનાવવાની ઘેલછા નહિ!

સાધુપણામા —પરમાત્મા બનવા પૂર્વે જ્યારે ગૃહસ્થપણામા ય આવા આવા તો અપર પાર ગુણો એમનામા હોય છે, ત્યારે સાધુપણામા તો ગુણોનુ પૂછવુ જ શુ? અનુપમ કોટિનો સર્વ ત્યાગ! વિના સહાયે કઠોર સ યમ સાધના! ઘોર અભિગ્રહ-પ્રતિજ્ઞાઓ!

અતિ ઉગ્ર તપશ્ચા ! અહર્ષ ઉપસર્ગ–સહન ! ઉપસર્ગ પરિસહોની ફોજ આવ્યે પણ અડોલ સમતા-સમા ધિમા સ્થિરતા ! પોતાની સુકોમલ કાયા પર કારમો કેર ! દેવતાઈ ઘોર ઉપદ્રવોમા પણ ધરણી ધ્રૂજતી હોય છતા પ્રભુનુ હૃદય મેરુવત્ નિષ્પ્રકપ ! ! ધરતી ધ્રૂજે એ દેવતાનો જુલમ કેટલો ? કલ્પનામા તો લાવો એમા અપૂર્વ ધૈર્યથી સહર્ષ સહવાનુ એ અતિ સુકોમળ કાયામા પણ કેવી જબરજસ્ત કોટિની સહન જ કર્યે જવાની વૃત્તિ ! ! શ્રી મહાવીર પ્રભુના કાનમા ગોવા ળીઆએ ખીલા ઠોકયા ! શા માટે ભાઇ, પ્રભુએ ઠોકાવવા દીધા ? પ્રભુ તો બાલપણાથી અરે જન્મતા-વેત એવા બળવાન હતા કે એમણે માત્ર પોતાના પગના અગુઠાથી મેરૂને ચલાયમાન કર્યો હતો ! તે અહીં ખીલા ઠોકવા આવતા ગોવાળીયાની કાન પટ્ટી ઝાલે તો શુ ગોવાળીઓ રાડેરાડ પાડીને ભાગી ન જાય ? પણ કેમ પોતાના બચાવ નહિ ? કહો કે આત્માની મહા-આતરદષ્ટિ જાગ્રત હતી ! કઠીન કર્મના નાશ, નિર્જની કાયા પર કારમા કેર સહીને કરવા હતા, તત્ત્વ જ્ઞાનનો કેવો સુદર અમલ ! ! આમા કયાય ક્રોધનુ નામ-નિશાન નહિ ! 'હુ તીર્થકર, હુ મહાબળીયો,' એવુ લેશમાત્ર પણ અભિમાન મનમા ય નહિ ! કેવી પમ ક્ષમા ! અનુપમ નમ્રતા ! એવી જ પ્રભુમા

હતી અજોડ સરલતા, ને અજોડ નિઃસ્પૃહતા! ચારિત્રમા કષ્ટ અને ઉપસર્ગો સામે સહાય માટે સેવક થઈ રહેવા ઇન્દ્ર માગણી કરે, છતા પ્રભુએ ધર્મીને ના પાડી અને એકાતે સહવાનુ રાખ્યુ! એ કેટલો ઉચો સહન વહોરવાનો અને સહિષ્ણુતાનો આદર્શ! પરમાત્માની પૂર્વ ભૂમિકામા ય જો આટલા ઉચ્ચ ગુણો હોય તો આપણને પ્રેરણા એવી જ મળે ને? "મારા પ્રભુએ ય કેટકેટલુ સહ્યુ હતુ, ત્યારે ભગવાન થયા હતા! તો પછી મારે શુ નહિ સહવાનુ? પ્રભુ તો સશક્ત હતા અને ઇંદ્રાદિ સેવકોવાળા હતા છતા બળ બહાર ન વાપર્યું, પણ સ્વકર્મ કચરવામા વાપર્યું! તો પછી મારે પણ એજ કર્તવ્ય હોય" આવી પ્રેરણા કયા મળે? પરમાત્માને આવા ગુણ-સપન્ન વિચારવામા મળે, પણ પ્રભુને સર્જનહાર કલ્પવાથી ન મળે

પ્રભુના સયમગુણો તો વળી અતિશય ઉચા હતા ઇર્યાસમિતિ વગેરે પાચ સમિતિ અને મન-વચન-કાયાની સૂક્ષ્મમા સૂક્ષ્મ કોટિની ગુપ્તિ, એમા તથા નવ બ્રહ્મચર્યની વાડ અને દશવિધ યતિધર્મના પાલનમા પ્રભુ પૂરે પૂરા સાવધાન હતા! વર્ષોના સયમમા પણ એક સેકડ વાર દુર્ધ્યાન કે દુર્વિચાર નહિ! કે શૂન્ય મગજ અથવા સાવદ્ય વિકલ્પ સરખો નહિ! તો વાણી અને કાયાના સયમનુ તો

છે સદેહાવસ્થામા પણ પ્રભુને વિદેહમુક્તિના ગુણોનો વ્યવહાર કરી શકાય એવુ જ્વલત પરમાત્મ સ્વરૂપ એ ધારણ કરનારા હોય છે તથી જ મહાકવિઓ પરમાત્માના ગુણો સ્તવતા પ્રભુને નિરજન (કર્મલેપ રહિત), નિરાકાર, (રૂપ રહિત), અક્ષર, અજર, અમર, અવ્યાબાધ અવિનાશી, શુદ્ધાત્મા, ચિદ્દઘન, આનદઘન, પરમબ્રહ્મ, વગેરે કહે છે બાકી સ્રદેહા વસ્થામા ય હવે પરમાત્મા અજ, અકલ, અચિન્ત્ય, અવિકાર નિર્મમ, નિર્વિકલ્પ, નિરીહ, નિર્દોષ, તત્ત્વ મૂર્તિ, યોગમૂર્તિ, ધ્યાનમૂર્તિ, ગુણમૂર્તિ, દેવાધિદેવ, પરમેશ્વર, પરમયોગી, પરમઆદિત્ય વગેરે તો છે જ ઉપગત જગતની પ્રત્યે પ્રભુ સર્વવિઘ્નહર, વિશ્વેશ્વર, વિશ્વહિત, સર્વદાતા, સર્વપ્રકાશક, પરમેશ્વર જગનાથ, જગત્રાતા, પરપ્રાણ, પરમધન, પરમશકર, અનત ઉપકારી વગેરે સ્વરૂપવાળા છે

આ દરેક સ્વરૂપ ગુણનિષ્પન્ન છે, એટલે પરમાત્મા એટલા બધા ગુણોથી સુ-અલકૃત છે એવા પૂર્વ ગુણો અને વર્તમાન ગુણોના મહાનિધિ સમા પરમાત્માની પ્રાપ્તિ થવી, પરમાત્માની ઓળખ થવી, અને એવા ખરેખરા પરમાત્મા ઉપર અવિહડ શ્રદ્ધા પ્રીતિ થવી, એ જીવનમા એક પરમ ભાગ્યોદયનો પ્રસગ છે, માનવ જીવનની સાચી સફલતાનુ એક સાધન છે, ભવો

ભવના ભ્રમણુ અટકાવવાનો અમોઘ ઉપાય છે આવા જ ગુણુભર્યા પરમાત્માના આલબનથી આપણી દૃષ્ટિ નિર્મળ બને છે, આપણુને તત્ત્વ-અતત્ત્વનો વિવેક આવે છે, ઉડા તત્ત્વના બોધ મળે છે, પવિત્ર જીવનના ક્રમિક સુયોગ્ય માર્ગ દૃષ્ટિ પથમા ઉતરે છે, એજ પરમાત્માના આદર્શ ગુણોના કારણે જ આપણા આત્માને દોષમુક્ત અને ગુણુસપન્ન બનાવવાની પ્રેરણા મળીને એની મુખ્ય તમન્ના રહે છે, તેમજ એમના આધારે જ આપણામા દોષનાશ અને ગુણુ-ઉદય કરવાનો ભગીરથ પુરુષાર્થ જાગે છે, અને એ પ્રભુના જ આલબને ગુણુના માર્ગમાથી જરા પણ ચસકયા વગર ઠેઠ ગુણોની પરાકાષ્ઠા સુધી પહોચવાનુ બને છે આ થયો પરમાત્માના ગુણોનો અલ્પ વિચાર હવે એમની શકિત વિચારીએ



જ્ઞાનશક્તિ-સ્વયબુદ્ધતા —

તીર્થંકર પરમાત્માના આત્માની બીજી શક્તિઓમા, એ માતાના ગર્ભમા આવે ત્યારથી એમનામા અવધિજ્ઞાન અને સ્વયબુદ્ધતાનો ભાવ હોય છે તેમજ જન્મ્યા પછી કોઈ ગુરુઉપદેશનુ શ્રવણ, કે શાસ્ત્ર-અધ્યયન નહિ, છતા અવસરે સ્વય ચારિત્ર લેવાની વિધિ કરીને ઉત્કૃષ્ટ ચારિત્રપાલન અને ધ્યાન-યોગ આરાધવાની શક્તિ છે! પછી ભલે પૂર્વે પણ ત્રીજા ભવમા તીર્થંકર નામ-કર્મ ઉપાર્જતી વખતે ચારિત્રનો અભ્યાસ ન ય કર્યો હોય આ જીવનમા વગર ગુરુઉપદેશે ય ચારિત્ર લેનારા એવા પ્રત્યેકબુદ્ધ તરીકે ઓળખાતા આત્માઓ હોય છે, પણ એમને પૂર્વ જીવનમા ચારિત્રનો અભ્યાસ હોય છે, અને તેનુ અહીં સ્મરણ થાય છે ત્યારે તીર્થંકર બનનારની વિશિષ્ટ શક્તિએ વગર અભ્યાસે પણ ચારિત્રવિધિનુ જ્ઞાન અને પાલન હોય છે તે પાલન પણ અગાધ કડકતાવાળુ હોય છે જેનુ કાઇક વર્ણન પૂર્વે 'જીવન' પ્રકરણમા કર્યુ છે ત્યારે કહો કે પરમાત્મા બનવા પૂર્વે આવી અગાધ અવધિ-જ્ઞાન અને સ્વયબુદ્ધતા સાથેની ઉત્કૃષ્ટ ચારિત્રપાલનની શક્તિઓ વિનાનાને પરમાત્મા કેમ મનાય? અને માનવાથી શો લાભ?

જન્મથી અનતબળ —વળી પરમાત્મામા

જન્મથી અનત બળ હોય છે જેના દૃષ્ટાન્તરૂપે, લાખ યોજનના સદા સ્થિર શૈલેશ મેરૂને મહાવીર પ્રભુએ ઈન્દ્રની શકા નિવારવાર્થે અગુઠો ચાપવા માત્રથી ડોલાવ્યો! પણ પ્રભુ આવા અનત બળનો ઉપયોગ પોતાના આતરશત્રુઓના નાશમા કરે છે, ગમે તેવા ઉપસર્ગમા ય ઉચ્ચ ક્ષમાસમતાદિ સત્ત્વ અખડિત રાખવામા કરે છે, પણ નહિ કે ઇતરોએ કલ્પેલા પર માત્માની જેમ દુષ્ટ માણસો કે રાક્ષસોનો સહાર કરવામા

માત્ર ત્રણ પદથી અન્યમા શ્રુતસાગર પ્રગ ટાવવાની શક્તિ —વળી પરમાત્માની એક અજબ શક્તિ ગણધર મહારાજને માત્ર ત્રિપદી ('ઉત્પન્ન થાય છે–નાશ પામે છે–સ્થિર રહે છે'–એના ત્રણ પદ) આપ વાની એવી છે કે જેથી ગણધરદેવોને ત્યા ને ત્યા શ્રુતના સાગર, શ્રુતજ્ઞાનના નિધાન પ્રગટ થાય છે, અને તેથી સમસ્ત દ્વાદશાગીની નવી રચના કરે છે, અને તે દ્વાદશાગી અક્ષરે અક્ષર પ્રભુના અનતજ્ઞાનથી પ્રમાણિત કરાય છે, સર્વથા સત્ય ઠરાવાય છે! એના જ્ઞાન પર ગણધર ભગવાન કેવળજ્ઞાનીના જેવી પૂર્વ ભવો સુદ્ધા કહેનારી દેશના આપે છે આને શ્રુતકેવળી પણ કહેવાય છે એ થવામા મૂળ શક્તિ પ્રભુની

૩૪ અતિશય, ૩૫ વાણીગુણ —બાકી શ્રી અરિહત પરમાત્માની જ ખાસ મહાન

ચોત્રીસ અતિશયો અને વાણીના પાત્રીસ અતિશયો આવે છે ચોત્રીસ અતિશયોમા ચાર મૂળથી હોય છે, ઓગણીસ દેવના કરેલા થાય છે, અને અગીયાર રાગ દ્વેષાદિક્ષય થઇ કેવળજ્ઞાન પ્રગટયે તરત જ જન્મે છે

અહીં આટલુ ખાસ ધ્યાનમા રહે કે પ્રભુની પૂર્વના ત્રીજા ભવે જે પ્રખર **વીસ-સ્થાનકની સાધના** છે, અખિલ વિશ્વને ઉદ્ધરવા સુધીની જે **અનંત કરુણા** છે, તથા જે **સમ્યગ્દર્શનની જનક્ષત નિર્મળતા** છે, એના પ્રતાપે અનુપમ તીર્થંકર નામકર્મ સાથે અતિ ઉત્તમ યશ-આદેયતા-સૌભાગ્ય-શાતા-સુરૂપરસાદિ-શરીર વગેરે યોગ્ય પ્રકૃષ્ટ પુણ્ય કર્મ લઇને આવ્યા પછી એના પ્રભાવથી 'અતિશયો' વગેરે વિશિષ્ટ શકિતઓ પ્રાપ્ત થવી યુકિત યુકત છે કર્મ સિદ્ધાન્તની પૂર્ણ શ્રદ્ધા ન કરનારાઓ આમા શુ કે બીજે શુ, કુવિકલ્પો કરે એનો કોઇ અર્થ નથી

શ્રી તીર્થંકર દેવના ૩૪ અતિશયો આ પ્રમાણે છે

૪ મૂળ અતિશય

(૧) અદ્ભુત દેહ, (૨) સુગંધિ [illegible]) રુધિર સફેદ અને માસ સારા વર્ણાદિ [illegible]

આહાર-નિહાર

૧૯ દેવકૃત અતિશય

(૧) દાઢી-મૂછ-માથાના વાળ ન વધવા, (૨) જઘન્યથી ક્રોડ દેવ સાથે, (૩) ચાલતા સ્વર્ણ કમળ, (૪) કાટા ઉધા થાય, (૫) વૃક્ષ-નમન, (૬) પખી પ્રદક્ષિણા દે, (૭) અનુકૂળ પવન, (૮) ઋતુની અનુકૂળતા, (૯) ધર્મચક્ર, (૧૦) રત્નમય ધ્વજ, (૧૧) સમવસરણ ત્રણ ગઢ, (૧૨) દુન્દુભિનાદ, (૧૩) અશોક વૃક્ષ, (૧૪) ત્રણ છત્ર, (૧૫ જલવૃષ્ટિ, (૧૬) પુષ્પ વૃષ્ટિ, (૧૭) રત્ન સિંહાસન, (૧૮) પ્રભુ ચતુર્મુખ, (૧૯) ચામર

૧૧ કર્મક્ષયકૃત અતિશય

(૧) સવાસો જોજનમા લોકમા રોગ નહિ, (૨) પરસ્પર-વેર વિરોધ નહિ, (૩) ઉદરવગેરેના ઉપદ્રવ નહિ, (૪) મારી (પ્લેગ, કોલેરા) નહિ, (૫) અતિવૃષ્ટિ (હેલી) નહિ, (૬) અવૃષ્ટિ (વર્ષાનો અભાવ) નહિ, (૭) દુષ્કાળ (ભિક્ષાનો અભાવ) નહિ, (૮) આતર બળવો કે પર રાજાનુ આક્રમણ નહિ, (૯) પ્રભુના મસ્તક પાછળ ભામડલ, (૧૦) જોજનના સમવસરણમા કોટાકોટિ દેવ-મનુષ્ય-તિર્યંચ સમાય, (૧૧) પ્રભુની વાણી જોજન સુધી સભળાય, ને તે તિર્યચ-મનુષ્ય દેવતાની ભાષામા પરિણમે તે પ

વાળી હોય

અતિશયોનુ કાઇંક વિવરણ —દેવાધિદેવ શ્રી અરિહ ત પ્રભુનો આત્મા કેવી કેવી અલૌકિક શક્તિઓ ધરાવે છે, તે આ ચોત્રીસ અતિશયોમાથી જુઓ

૪ મૂળ અતિશય —પ્રભુ માતાના ગર્ભમા આવતા જ, (૧) પ્રભુનો દેહ અદ્ભુત તૈયાર થાય છે સર્વોત્તમદેવ-અનુત્તરવાસી દેવના દેહ કરતા અતિશય ચઢીયાતા આહારકલબ્ધિના સુદર દેહથી પણ અતિશય રૂપાળો જે ગણધરદેવનો દેહ, તેના કરતા ય અન તગણુ લાવણ્ય સૌન્દર્યવાળુ અને રૂપાળુ તીર્થ કર પરમાત્માનુ શરીર હોય છે માતાના ગર્ભના અશુચિ પુદ્ગલોમાથી આવા દેહનુ નિર્માણ થવુ એ વિશિષ્ટ લોકોત્તર પુણ્ય-શક્તિ છે દેહના પુદ્ગલોની ગ ધ પણ મનોહર હોય છે એ દેહમા જીવન-ભર કદી રોગ થતા નથી! અરે! પરસેવો સરખો પણ થતો નથી, કે મેલ જામતો નથી! ત્યારે શરીરના બલનુ તો વળી પૂછવુ જ શુ ? તાકાત તો ગજબ કોટિની હોય છે! (૨) એવા એ દેહમા શ્વાસોશ્વાસ કમળ જેવો સુગ ધિદાર હોય છે, (૩) લોહી ગાયના નિર્મળ દૂધ જેવુ સફેદ, દર્શનીય અને દુર્ગ ધ વિનાનુ હોય છે! તથા માંસાદિ ધાતુઓ જરા ય બિભત્સ નહિ, જરા ય દુર્ગ ધવાળી નહિ, પણ ઉલટી રમણીય, દર્શ

નીય, ને સારા વર્ણાદિવાળી હોય છે! (૪) પ્રભુના દેહથી થતી આહાર લેવાની ક્રિયા કે મળમૂત્રના વિસર્જનની ક્રિયા અદૃશ્ય રહે છે, જેથી બીજાઓ ચર્મચક્ષુથી એ જોઇ શકતા નથી પરમાત્માના મહાપુણ્ય સિવાય આ બીજામા ક્યાથી મળવે?

૧૯ દેવકૃત અતિશય —(૧) પ્રભુ ચારિત્ર લે તે વખતે પચમુષ્ટિથી દાઢી, મૂછ અને મસ્તકના કેશનો લોચ કરી નાખે છે, પછી ઠેઠ નિર્વાણ સુધી ત્યા વાળ વધતા નથી, નખ પણ વધતા નથી દીક્ષા-સમય જેવી સ્થિતિ રહે છે (૨) તે પછી પ્રભુ કેવળ જ્ઞાન પામે એટલે ઓછામા ઓછા એક ક્રોડ ભવન-પતિ વગેરે દેવતાઓ પ્રભુની સેવામા સાથે જ રહે છે દેવતાઈ મહાસુખને પણ દુ:ખના પાતાલકૂવા સમજી આત્મકલ્યાણ ઝખતા દેવતાઓ આત્મકલ્યાણની મૂર્તિ સમા શ્રી વીતરાગ અરિહત નાથને સેવે એમા શી નવાઈ? [૩] હવે પ્રભુને ચાલતા પૃથ્વી પર પગ અડાડવાનો હોતો નથી, કેમકે ચાલતી વખતે પગ મૂકવાના સ્થાન પર નીચે સુવર્ણ કમલ રચાઈ ગયા હોય છે તેમાથી બે પર પગ પડેલા દેખાય છે, બીજા સાત કમળ હોય છે એમા આગળ પગલા માડતા ઠેઠ પાછળમાથી કમળ ઓછુ થાય છે, અને આગળ કમળ ઉપસ્થિત થઇ જાય છે સુવર્ણ,

કમળ પાછા માખણના પિંડા જેવા અતિ કોમળ, મહાસુલાયમ હોય છે [૪-૬] પ્રભુ ચાલે ત્યા કાટા ચતા હોય તે ઉધા થઇ જાય છે, અર્થાત્ અણીયો જમીન તરફ નીચી વળી જાય છે વળી આજુબાજુના વૃક્ષ પ્રભુને નમી જાણે નમસ્કાર કરતા દેખાય છે ત્યારે પખીઓ વળી પ્રભુને પ્રદક્ષિણા દે છે [૭-૮] પરમાત્મા વિચરે ત્યા પવનના ઉપદ્રવ મટીને વાયુની લહેરી અનુકૂળ વહેતી થઇ જાય છે, અને વસત વગેરે છ એ ઋતુઓને યોગ્ય સારા પત્ર-પુષ્પ-ફળ વગેરે પદાર્થો ખીલી ઊઠે છે [૯-૧૩] પરમાત્મા ચાલે ત્યા ય ધર્મચક્રાદિ પાચ વિશિષ્ટ વસ્તુઓ સાથે જ અદ્ધર આકાશમા ચાલે છે એમા **ધર્મચક્ર** બહુ તેજસ્વી હોય છે, આરાથી શોભતુ હોય છે, અને એને હરણનુ જોડલુ સેવતુ હોય છે બીજો **રત્નમય** ધ્વજ પણ ઊંચા કચનમય દડ ઉપર રત્નની અનેક બીજી નાની ધ્વજાઓથી દીપી રહ્યો હોય છે વળી પાદપીઠ (બેઠા પગ મૂકવાનો બાજઠ) સહિત સિહાસન પણ અદ્ધર સાથે જ ચાલે છે તેમજ પ્રભુના માથે એકેકથી મોટા એવા દેદીપ્યમાન ત્રણ છત્ર મોતીઓના ઝુમખાથી પરિવરેલા સાથે જ ચાલે છે વળી પ્રભુને ચાલતા બે બાજુ યક્ષના હાથમા **ચામર** વીંઝાય છે [૧૪] પ્રભુ જ્યા સ્થિર થાય ત્યા જોજન

જેટલી ભૂમિ પર ધૂળ ન ઉડે એ માટે સુગધિત
જલનો વરસાદ થઈ જાય છે [૧૫] પ્રભુને દેશના
દેવા માટે એક યોજન પ્રમાણ ભૂમિ પર ભવનપતિ
જ્યોતિષ અને વૈમાનિક દેવો અનુક્રમે ચાદીનો, સોનાનો,
ને રત્નનો એમ ત્રણ કિલ્લા રત્નની કાગરીવાળા એકેકની
ઉપર રહે છે [૧૬] એના પર પુષ્પની વૃષ્ટિ થાય
છે એ પુષ્પોના ડીંટીયા નીચા હોય છે અને પાખડી
ઊંચી હોય છે ત્યા ચાલતા-બેસતા તિર્યંચ મનુષ્યોથી
એને પરમાત્માના અતિશયના પ્રભાવે કિલામણ નથી
થતી, પણ ઉલટું વિકસ્વરતા અનુભવે છે [૧૭]
સમવસરણની મધ્યમા અશોકવૃક્ષ રચાય છે, તે આખા
સમવસરણમા આવેલા જીવોને છાયો આપે છે એની
સુગધિ વળી એવી અદ્ભુત હોય છે કે ભમરા દોડી
આવી એની આસપાસ ગુજતા રહે છે [૧૮] પર-
માત્માને બેસવા માટે ઝાડ નીચે પૂર્વ દિશા સન્મુખ
મુખ્ય રત્ન સિંહાસન સ્થપાય છે, અને બાકીની ત્રણ
દિશામા પણ બરાબર પ્રભુના જેવી આકૃતિવાળા
પ્રતિબિંબ સિંહાસન પર સ્થપાય છે, જેથી ચારે દિશામા
સૌને એમ લાગે કે પ્રભુ અમારી સામે છે આમ
પ્રભુની ચતુર્મુખતા થાય છે [૧૯] ત્યા દેવતા ઊંચે
દુન્દુભિ-ભેરી વગાડે છે, જેથી ચારે બાજુના પ્રદેશને
આ ધર્મનરેસર પરમાત્મા પધાર્યાની [illegible]ે છે,

અને આવાને દર્શન-વંદન-વાણી-શ્રવણનો લાભ લેઈ સમ્યકત્વાદિ ધર્મ પામે છે

તીર્થંકરપણુ પ્રાપ્ત કરવા યોગ્ય પુણ્ય ઉપાર્જવામા કેવીક જોરદાર અરિહંતભક્તિ આદિ સાધના કરી હોય કે જેના અલૌકિક પ્રભાવે આવુ બધુ અચિંત્ય-અકલ્પ્ય બને! એ મનમા લાવવા જેવુ છે ઘોર દુષ્કૃત્યોના ઘોર નીચા ફળ મળે તો અતિ ઊંચા સુકૃતોના આવા ઉચ્ચ ફળ કેમ ન નીપજે? ઉપર કહેલા ઓગણીસ અતિશયો ખાસ દેવો પરમાત્મા ઉપરની અનુપમ ભક્તિથી પ્રેરાઇને રચે છે એ વખતે જનનામા કેવુ ય મહાન આકર્ષણ થતુ હશે! એ તો નજરે જોનાર કે વિશિષ્ટજ્ઞાની અનુભવી શકે એના યોગે લાખો કરોડો બાળ જીવોને પરમાત્મા તરફ ખેંચાણ થાય છે, એમા કેટલાકને તો આ સમૃદ્ધિ-ભપકો જોઇને જ મિથ્યાત્વાદિ દોષો ભાગી જાય છે, ત્યારે બીજાઓને પ્રભુની વાણી સાભળીને એવુ બને છે ભરત ચક્રવર્તીના પુત્ર મરીચિને ઋષભદેવપ્રભુની સમવસરણાદિ ઋદ્ધિ જોતા વૈરાગ્ય થઈ ગયો હતો અને તરત જ ચક્રવર્તીનુ ઘર મૂકી ચારિત્ર લીધુ હતુ

કર્મક્ષય કૃત ૧૧ અતિશય—પરમાત્મા આ જીવનમા પણ ઉચ્ચ સાધના કરીને જ્યારે શુકલ-

ધ્યાનના દાવાનળમા અનતા ઘાતીકર્મના દળીયાને જડમૂળમાથી બાળીને ભસ્મીભૂત કરે છે ત્યારે વીત રાગ-સર્વજ્ઞતાની જેમ તીર્થકર નામકર્મનો ઉદય પ્રગટે છે બીજા પણ યશ-આદેય વગેરેના પુણ્યના ઉચ્ચ દળીયા ઉદયમા આવે છે આ બધાના પ્રતાપે સહજભાવે આ અગીયાર વિશેષતાઓ પ્રગટે છે —

(૧-૮) શ્રી તીર્થંકર પ્રભુ વિચરતા હોય ત્યા આસપાસના સવાસો જોજનમા આ આઠ પ્રકારના ઉપદ્રવો પૂર્વે થયા હોય તો શાત થઈ જાય છે, અને નવા થતા નથી — (૧) તાવ વગેરે રોગો, (૨) પૂર્વના ચાલી આવેલા, કે પરસ્પર જાતિના **વૈર-વિરોધ**, (૩) વિશેષ પ્રમાણમા ઉંદર, ખડમાકડી, તીડ વગેરે ઉપદ્રવો થાય છે તે, (૪) **મારી**=મરકી, પ્લેગ, કોલેરા કે તેવા બીજા જીવલેણ ઉત્પાત, (૫) **અતિવૃષ્ટિ**= વરસાદની હેલી, કે જેમા મોટા નુકસાન થાય, (૬) **અનૃષ્ટિ**=તદ્દન વરસાદ જ નહિ કે અતિ અલ્પ વર સાદ જેથી લોક પાણી વિના અને ગરમીથી પીડાય, (૭) **દુષ્કાળ**=જેમા ધાન્યની અછત થઇ જાય અને ભિક્ષા ય ન મળે, અને (૮) **સ્વ-પર ચક્રભય**=તે જ દેશના અમુક લોક કે લશ્કર બળવો ઉઠાવે તેનો ભય તે **સ્વચક્રભય** દુશ્મન રાજા લશ્કર[illegible] ચઢી આવે તેનો ભય તે **પરચક્રભય** [illegible]માથી

અને આવીને દર્શન-વંદન-વાણી-શ્રવણનો લાભ લેઇ સમ્યકત્વાદિ ધર્મ પામે છે

તીર્થંકરપણું પ્રાપ્ત કરવા યોગ્ય પુણ્ય ઉપાર્જવામા કેવીક જોરદાર અરિહંતભક્તિ આદિ સાધના કરી હોય કે જેના અલૌકિક પ્રભાવે આવું બધું અચિંત્ય-અકલ્પ્ય બને ! એ મનમા લાવવા જેવું છે ઘોર દુષ્કૃત્યોના ઘોર નીચા ફળ મળે તો અતિ ઊંચા સુકૃતોના આવા ઉચ્ચ ફળ કેમ ન નીપજે ? ઉપર કહેલા ઓગણીસ અતિશયો ખાસ દેવો પરમાત્મા ઉપરની અનુપમ ભક્તિથી પ્રેરાઈને રચે છે એ વખતે જનતામા કેવું ય મહાન આકર્ષણ થતું હશે ! એ તો નજરે જોનાર કે વિશિષ્ટજ્ઞાની અનુભવી શકે એના યોગે લાખો કરોડો બાળ જીવોને પરમાત્મા તરફ ખેંચાણ થાય છે, એમા કેટલાકને તો આ સમૃદ્ધિ-ભપકો જોઈને જ મિથ્યાત્વાદિ દોષો ભાગી જાય છે, ત્યારે બીજાઓને પ્રભુની વાણી સાંભળીને એવું બને છે ભરત ચક્રવર્તીના પુત્ર મરીચિને ઋષભદેવપ્રભુની સમવસરણાદિ ઋદ્ધિ જોતા વૈરાગ્ય થઈ ગયો હતો અને તરત જ ચક્રવર્તીનું ઘર મૂકી ચારિત્ર લીધું હતું

કર્મક્ષય કૃત ૧૧ અતિશય —પરમાત્મા અ જીવનમા પણ ઉચ્ચ સાધના કરીને જ્યારે શુક્લ

ધ્યાનના દાવાનળમા અનતા ઘાતીકર્મના દળીયાને જડમૂળમાથી બાળીને ભસ્મીભૂત કરે છે ત્યારે વીત રાગ-સર્વજ્ઞતાની જેમ તીર્થંકર નામકર્મનો ઉદય પ્રગટે છે બીજા પણ યશ-આદેય વગેરેના પુણ્યના ઉચ્ચ દળીયા ઉદયમા આવે છે આ બધાના પ્રતાપે સહજભાવે આ અગીયાર વિશેષતાઓ પ્રગટે છે —

(૧-૮) શ્રી તીર્થંકર પ્રભુ વિચરતા હોય ત્યા આસપાસના સવાસો જોજનમા આ આઠ પ્રકારના ઉપદ્રવો પૂર્વે થયા હોય તો શાત થઈ જાય છે, અને નવા થતા નથી — (૧) તાવ વગેરે રોગો, (૨) પૂર્વના ચાની આવેલા, કે પરસ્પર જાતિના **વૈર-વિરોધ**, (૩) વિશેષ પ્રમાણમા **ઉંદર**, ખડમાકડી, તીડ વગેરે ઉપદ્રવો થાય છે તે, (૪) **મારી=મરકી**, પ્લેગ, કોલેરા કે તેવા બીજા જીવલેણ ઉત્પાત, (૫) **અતિવૃષ્ટિ=** વરસાદની હેલી, કે જેમા મોટા નુકસાન થાય, (૬) **અનાવૃષ્ટિ**=તદ્દન વરસાદ જ નહિ કે અતિ અલ્પ વર સાદ જેથી લોક પાણી વિના અને ગરમીથી પીડાય, (૭) **દુષ્કાળ=**જેમા ધાન્યની અછત થઇ જાય અને ભિક્ષા ય ન મળે, અને (૮) **સ્વ-પર ચક્રભય**=તે જ દેશના અમુક લોક કે લશ્કર બળવો ઉઠાવે તેનો ભય તે **સ્વચક્રભય** દુશ્મન રાજા લશ્કર લઈને ચઢી આવે તેનો ભય તે **પરચક્રભય** આ આઠેયમાથી

વચનનો વિરોધ કરે એવુ નથી બનતુ ઉલટુ વચનો એક બીજાની પુષ્ટિ કરી વસ્તુતત્ત્વનુ સુદર સમર્થ પ્રતિપાદન કરનાગ હોય છે વળી એ વાણી [૧૦] શિષ્ટ એટલે કે મહામસ્જન પુરુષો બોલે એવી શિષ્ટતાવાળી, તેમજ સ્વમાન્ય સિદ્ધાન્તોને અનુસરતા પદાર્થોને કહેનારી હોય છે, પણ નહિ કે સિદ્ધાન્ત-વિરુદ્ધ અર્થવાળી અને અશિષ્ટ વાણી વાણી [૧૧] 'અસ દેહકર' અર્થાત્ જેમા શ્રોતાને કયા ય શ ગ રહે એવા વચન જ હોતા નથી દરેકે દરેક વચન નિશ્ચિત બોધ કરાવે છે, ટકશાળી નાણાની જેમ વચન સીધા હૃદયમા જઈને શ્રોતાને જચી જાય છે [૧૨] 'અન્યોત્તર રહિત' એટલે કે પ્રભુના એક પણ વચન પાછળ કોઈ ઉત્તર, પ્રશ્નોત્તર કરી દૂષણ કાઢી શકે એવુ હોતુ નથી કોઈ પણ વાક્જાળના કે બીજા દૂષણ=પ્રભુના વચનમા ઉભા થઈ શકતા નથી વાણી [૧૩] અતિ હૃદયંગમ એટલે કે હૃદયને સુગ્રાહ્ય અને ગમી જાય એવી હોય છે વાણીના વચનો અરસપરસમા [૧૪] સાકાક્ષ એટલે કે પદો અને વાકયો એક બીજાની સાથે અપેક્ષાવાળા ને સ ગતિવાળા હોય છે, પણ નિરાકાક્ષ અર્થાત્ કોઈ વચનને બીજા સાથે કાઈ જ સ બ ધ નહિ પણ છૂટક છવાયા અર્થવાળા-એવુ નથી હોતુ એક પછી બીજુ વચન નીકળે તે

પૂર્વપૂર્વની સાથે વ્યવસ્થિત મ બ ધવાળુ, ને સળ ગ ધારાબદ્ધ પદાર્થને વર્ણવનારૂં હોય છે વાણીમા [૧૫] ઔચિત્ય ભારોભાર ભરેલુ હોય છે એટલે કે શબ્દે શબ્દ પ્રકરણ-પ્રસ્તાવ, અને દેશ-કાળને ઉચિત હોય છે તેથી શ્રોતા ઉપર ગજબની ચમત્કારિક સારી અસર થાય છે તેમ એમા કયા ય કોઇનિ અનુચિત લાગી મન ખાટુ થવા જેવુ બનતુ જ નથી વાણી [૧૬] 'તત્ત્વનિષ્ઠ' એટલે જે વસ્તુનુ પ્રતિપાદન કરવુ હોય તેના સ્વરૂપને અનુસરનારી વાણી હોય છે, પણ નહિ કે વસ્તુનુ સ્વરૂપ અમુક હોય, ને પ્રતિપાદન કઈક જુદુ જ કરાતુ હોય વળી વાણી [૧૭] 'અપ્રકીર્ણ પ્રસૃત' હોય છે, અર્થાત્ સુ-સ બદ્ધ પદાર્થને કહેનારી હોય છે એમા સ બ ધ વિનાના પદાર્થોના અધિકાર ચાલતો નથી, તેમ વર્ણનના અતિ વિસ્તાર એટલે કે ખોટુ લ બાવવાનુ પણ હોતુ નથી વાણી [૧૮] સ્વશ્લાઘા-પરનિન્દાથી રહિત હોય છે કયા ય પ્રભુ પોતાની પ્રશ સા કરનારૂ વચન નથી બોલતા, તેમજ સામે બેઠેલા શ્રોતાના ગુપ્તમા ગુપ્ત દોષો અને એના ઉપરની જીવોની સફાઈબ ધ ચાલબાજી પ્રભુ રજે રજ જાણવા છતા કોઇનીય નિન્દાનો એક પણ અક્ષર પ્રભુ નથી ઉચ્ચારતા પ્રભુની વાણી [૧૯] 'અભિજાતત્વ' એટલે ઉત્તમ કોટિની અર્થાત્

વાળી' હોય છે, એટલે કે પ્રભુના વચને વચનમા બીજા વચન કરતા વિશેષતા સ્થપાઈ ગયેલી હોય છે, તેમજ વાણી [૩૨] 'સત્વપ્રધાન' હોય છે અર્થાત્ પરાક્રમ ભરેલી હોય છે, બાયકાગથી કાયર કે તામસી નથી હોતી [૩૩] 'વિવિક્ત'=વાણીમા દરેક અક્ષર, દરેક પદ અને દરેક વાકય સ્પષ્ટ છુટાં હોય છે, પણ ગરબડીયો નહિ. [૩૪] 'અવિચ્છિન્ન'=કહેવાના વિષયની યુક્તિ-દૃષ્ટાન્તાદિથી સારી સિદ્ધિ કરનારી વાણી હોય છે, તેથી એ વચનોની પ્રામાણિકતા સદા માટે હોય છે [૩૫] 'અખેદ' અર્થાત્ વાણી પ્રકાશ વામા પ્રભુને જરા ય ખેદ, થાક કે પરિશ્રમ નથી લાગતો શ્રોતાને એ વાણી થાકયાની નથી લાગતી, કે વિચાર અથવા મહેનત કરી કરીને બોલાતી નથી લાગતી સહજભાવે એનો એકધારાએ ગ ગાપ્રવાહ પ્રભુના મુખમાથી ચાલ્યો આવે છે

આવા પાત્રીસ અતિશયવાળી વાણી વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકરદેવોની જ હોય છે એના એકેક વચનથી કરોડો શ્રોતાઓના દિલના જુદા જુદા સ શયો એકી સાથે ભેદાઈ જાય છે, અને મહાન તત્ત્વોના નિર્ણય હૈયામા બેસી જાય છે ખૂબી તો જુઓ કે એ વાણીના ઉપદેશમા નાની કીડી કે તેથી ય સૂક્ષ્મ જ તુની પણ દયા કરવાનુ મહાશિકારી સિંહ-વાઘ

જેવા પ્રાણીઓ ય આનંદથી સાભળે છે પ્રભુની એક નિકટતાનો જ એવો પ્રતાપ છે કે એ સિંહ હરણીયા સાથે, વાઘ બકરી સાથે, સગા ભાઈબેનની જેમ વૈર-વિરોધ વિના બેસે છે તીર્થંકર પરમાત્મા સિવાય બીજે કયા આ બધુ હોઈ શકે?

આમ તીર્થંકરપણાના પુણ્યોદયે અને ઘાતીકર્મના ક્ષયે નીપજતી આ પાત્રીસ વિશેષતાઓ અને ચોત્રીસ અતિશયો વગેરે અજબ શક્તિઓ શ્રી અરિહંત પ્રભુમા એવી હોય છે કે જેનુ યથાર્થ વર્ણન મુશ્કેલ છે, છતા એનુ ચિંતન, મનન, અને ગુણગાન આત્મામા શુભ અધ્યવસાયોને પોષી મહાન પાપક્ષય કરાવે છે.



પ્રકરણ પમુ

પરમાત્માનો ઉપકાર

વિશ્વ ઉપર ભગવાન શ્રી જિનેશ્વરદેવ તીર્થંકર પરમાત્માના અનત ઉપકાર છે એ ઉપકાર લૌકિક અને લોકોત્તર, બને પ્રકારના છે લૌકિકમા જગતમા જે કાઈ સારૂ ગણાય તે આપનાર પરમાત્મા છે, પણ તે સીધેસીધુ, વસ્તુ બનાવીને કે હાથોહાથ આપીને નહિ દા ત પહેલુ તો અનુકૂળ હવા, પાણી, ભોજન, ક્ષેત્ર વગેરે સારૂ સારૂ જીવને જે મળ્યુ, તે હવા તે પાણી વગેરેને કાઈ પ્રભુ બનાવવા બેસતા નથી કેમકે ઉપરોકત વર્ણનથી એ સમજાયુ હશે કે પરમાત્મા વીતરાગ હોવાથી એવી ખટપટમા પડતા નથી એ તો જીવોના કર્માનુસારે બને છે પ્રભુએ તો એ કરવાનુ હોઈ શકે જ નહિ

પ્ર૦—તો પછી પરમાત્મા જીવોનુ સારૂ કરનારા શી રીતે?

ઉ૦—પરમાત્મા જીવોનુ સારૂ થવામા મહાન નિમિત્ત છે, અસાધારણ કારણ છે, તેથી પરમાત્મા સારૂ કરનારા છે એમ કહી શકાય છે કારણ આ રીતે —જગતની સુખ-સગવડો મળવામા હેતુભૂત

પુણ્યનો ઉદય છે એ પુણ્યનુ ઉપાર્જન પરમાત્માના દર્શન, વદન, પૂજન, સ્તવન, પ્રશસા, પ્રભાવના, આજ્ઞા-પાલન, સ્મરણ, ધ્યાનાદિથી થાય છે આમા મુખ્ય આલબન પરમાત્મા જ બન્યા, તેથી પ્રભાવ પરમાત્માનો પરમાત્મતત્ત્વનો જ કહેવાશે અહીં પ્રશ્ન થશે કે,

લૌકિક ઉપકાર કેવી રીતે? —

પ્ર૦—પુણ્યબધ તો શુભ અધ્યવસાયથી થાય છે, પરમાત્મા કયા પુણ્યબધ કરી આપે છે?

ઉ૦—વાત સાચી છે કે પુણ્ય એ શુભ-કર્મ હોઈને શુભ અધ્યવસાયથી, શુભ ભાવથી બધાય. પરતુ પરમાત્માના દર્શન વદનાદિથી સહેજે એ શુભ અધ્યવસાય જાગે છે, તેથી એમા પરમાત્મા તો કેન્દ્રી-ભૂત છે જ, એક પરમાત્માને તદ્દન છોડી દો, પછી ગમે તેટલી દોડધામ કરો, એમના ઉપદેશ વિનાની ગમે તે પ્રવૃત્તિ કરો, તો એ કાઇ જ કિંમતના નહિ ગુરુદર્શન-ગુરુવદન વગેરે પણ પરમાત્માની આજ્ઞાના પાલનરૂપ છે, તેથી એમા પણ કેન્દ્રમા પરમાત્મા જ છે ઉત્કટ સયમનુ પાલન ત્યો, તો એમા પણ પર-માત્માનો આદર્શ અને આદેશ નજર સામે છે, એ પરમાત્માની આજ્ઞાના પાલનરૂપ છે, એટલે,

તો કેન્દ્રીભૂત બન્યા જ એમ ઠેઠ મિથ્યાદૃષ્ટિના સત્ય, દયા, દાન જુઓ, તો તેમા પણ મૂળ પરમાત્માની આજ્ઞામાથી લીધુ હોવાથી, પરમાત્મા તો મુખ્યપણે આવશે જ શાસ્ત્રે કહ્યુ છે કે જગતના બીજા ધર્મોમા જિનના સદ્-ધર્મરૂપી મહાસાગરના બિંદુ ઉડેલા છે આમ, ધ્યાન કરો, કે વદન, સયમ પાળો કે આદર્શ ધરો, એમા અલબત પોતાના આત્માના હાર્દિક શુભ ભાવ પર પરિણામનો આધાર છે, છતા ય એ ધ્યાન પરમાત્માનુ કર્યુ હશે, આદર્શ કે આદેશ પરમાત્માનો ધર્યો હશે તો જ શુભતા આવવાની, અને તો જ શુભભાવપણુ બનવાનુ તેથી બધે શુભ ભાવમા મુખ્ય તો પરમાત્મા જ બન્યા માટે જ કહો કે પરમાત્માથી શુભભાવ જાગવા દ્વારા પુણ્યોપાર્જન થાય છે, અને પુણ્યોદયથી જગતની પણ સુખ-સગવડ મળે છે આમ પરમાત્મા મહાઉપકારી છે પરમાત્મા વિના તો એક ડગ પણ ભરી શકાય એમ નથી તેથી જ બધુ સારૂ પરમાત્મા આપે છે, એમ કહી શકાય તે પણ માત્ર આટલુ નહિ, કિન્તુ આગળ વધીને કર્મક્ષય અને મોક્ષ પણ પરમાત્મા જ આપે છે આમ પરમાત્માનો આ મહાન ઉપકાર છે કે સુખ એજ આપે તેમ-એ પણ પરમાત્માનો જ ઉપકાર છે કે સર્વ પ્રકારના દુઃખ નિવારે ઉપર કહ્યુ

તેમ દર્શનાદિ દ્વારા પૂર્વપાપનો ક્ષય થાય છે, અને શુભ ભાવ રહેવાથી નવા પાપ આવતા નથી, તેથી દુ ખ નાશ થાય એ સહજ છે

વર્તમાનમા ઉપકાર —

પરમાત્મા આ રીતે દુ ખનાશ અને સુખદાન કરનારા હોવા ઉપરાત વર્તમાનમા પણ જીવને ઉપકાર કરે છે પૂર્વ પાપના ઉદયરૂપે જીવને કષ્ટ આપત્તિ આવવા છતા જો એ શ્રદ્ધાળુ છે, તો એને પરમાત્માના જીવન અને ઉપદેશમાથી એવુ અલૌકિક બળ મળે છે કે જેથી એને જરા ય દુ ખરૂપતા લાગતી નથી, બલ્કે કર્મભાર ઓછો થવાનો અને આત્મશુદ્ધિ વધતી જવાનો મહાન આન દ અનુભવાય છે આમા ય પોતાની આત્મજાગ્રતિમા મુખ્યપણે મૂળ-ઉત્થાન પરમાત્મા જ છે, તેથી પરમાત્મા આ રીતે પણ દુ ખનાશ અને સુખદાન કરવા દ્વારા ઉપકારક છે

પાપી પર ઉપકાર —

જગતના પાપી અને ધર્મહીન જીવો ઉપર પણ પરમાત્માનો એ રીતે ઉપકાર છે કે એ જગત-દયાળુ ભગવાન જગતને દયા, અહિંસા, સત્ય વગેરેનો ઉપ દેશ કરી અનેક જીવોને એવા ધર્માત્મા બનાવે છે કે જે જીવનમા દયા, અહિ સા સ્વીકારી પેલા પાપી

તારવણી એ કાઢી કે મોટે ભાગે ફરીયાદ કરનારાઓ ચર્ચ (દેવળ)મા નહિ જનારા છે અર્થાત્ ઈશ્વરથી અને ધર્મથી પરાઙ્મુખ રહેનારા છે, માટે જ જીવ નમા કલેશ અને અશાતિ ભોગવે છે

પરમાત્માનુ શુ શુ ઉપકારક —

પરમાત્મા ઉપકારક બનવામા એમના નામથી માડીને, ઉપદેશ સુધીની વસ્તુઓ છે અર્થાત્ **પરમાત્માનુ નામ, પરમાત્માની મૂર્તિ-પ્રતિકૃતિ (છબી ચિત્ર), પરામાત્માનો દેહ, પરમાત્માનુ ગુણોભર્યું જીવન, પરમાત્માનો ઉપદેશ અને પરમાત્માનુ શાસનદાન-ધર્મદાન, એના દ્વાગ, પરમાત્મા તરફથી સુખદાયી ઉપકારના મેઘ દુઃખગ્રસ્ત જગત ઉપર અન ત-કાળથી વરસાતા આવ્યા છે** આ પરમતત્ત્વ ન સમજનાર અજ્ઞાન જીવો કોઈ તો પરમાત્માને જ ઉડાવે છે અને પરમાત્માનુ બધુ જ ઉડાવે છે! તો કેટલાક સ્વાલબનને જ સ્વપુરુષાર્થને જ મુખ્ય કરી પરમાત્માનુ આલબન ઉડાવે છે! ત્યારે કેટલાક વળી એમના ઉપદેશનુ આલબન રાખી નામ-જાપ વગેરેને નકામા ગણે છે! તો કેટલાક લોકો પરમાત્માની મૂર્તિ નિરુપયોગી ગણી, પોતાની જાતને પરમાત્માના ભક્ત માનવા છતા પરમાત્માની જ મૂર્તિ સામે મોર

ચા માટે છે!! કેવુ કારમુ અજ્ઞાન! કેમ જાણે એમને મન જગત ઉપર પાપન સ્થાનકે અને પાપ ની વાત-વસ્તુઓએ જે જુલમ નથી કર્યો તે પ્રથમ રમ ઝરતી પ્રભુમૂર્તિ કરે છે!!!

અરિહંતના નામને ઉપકાર —

અરિહંત પ્રભુના નામસ્મરણથી ભવોભવના ભ્રમ ણુ મીટે છે "आस्तामचिन्त्यमहिमा जिन! स स्तवस्ते, नामापि पाति भवतो भवतो जगति" હે પ્રભુ! આપના અચિંત્ય મહિમાવાળા ગુણગાનની તો શી વાત કરવી, આપનુ નામ પણ ત્રણે ય જગતને ભવથી (સંસારથી) બચાવી લે છે" બાકી જગતમા જીવને કર્મવશ રહેવુ પડે ત્યાસુધી પણ પરમાત્માનુ નામ સ્મરણ અપૂર્વ સુખશાતિ અને પાપક્ષય સાથે પુણ્યની માથે પુષ્ટિ આપે છે અરિહંત પ્રભુના નામ સ્મરણથી સમડી રાજકુમારી થઈ, સર્પ ધરણેન્દ્ર થયો, સતી સુરસુન્દરીના ઘોર વિઘ્ન ટળ્યા, આજે પણ ગુડા ટોળાના ઘાતકી આક્રમણ, વહાણનો ડોલમ ડોલ, અટવી ભ્રમણ વગેરેમાથી અરિહંત પ્રભુના નામસ્મરણે બચાવ્યાના દાખલા બન્યા છે

અરિહંતની મૂર્તિનો ઉપકાર —

ત્યારે પ્રભુની મૂર્તિનુ આલંબન ભવ્ય ઉપકાર

કરે છે એ યુક્તિસિદ્ધ અને અનુભવસિદ્ધ વાત છે જ્યારે કામની પુતળી એવી ઉન્મત્ત સ્ત્રીનુ માત્ર ચિત્ર પણ કામ-રાગ અને મોહોન્માદને પ્રેરે છે, તો વીતરાગની પ્રશાન્ત મૂર્તિ વૈરાગ્ય અને પ્રશાંતતા પ્રેરે એમા શી નવાઈ? તેમ, વિદેશ ગયેલા પતિના ફોટાને ફૂલહાર વગેરેથી પૂજનારી સતીના દિલમા પતિ પ્રત્યેનો પૂજ્યભાવ-સદ્ભાવાદિ વધે છે, તો પછી શ્રી અરિહંતની મૂર્તિની પૂજા ખુદ અરિહંત પ્રત્યે પૂજ્યભાવ-બહુમાનાદિ કેમ ન વધારી શકે? શ્રી શત્રુંજય જેવા મહાતીર્થ અને તીર્થ પરના જિનબિંબની પૂજા-ભક્તિથી પૂર્વની જેમ અનેક ભવ્યાત્માઓ આજે પણ આત્માની નિર્મળતા સાધી રહ્યા છે બાકી તો નાગકેતુએ મૂર્તિની ફૂલપૂજા કરતા કરતા કેવળજ્ઞાન મેળવ્યુ હતુ દમયંતીએ પૂર્વભવે શ્રી અષ્ટાપદજી ઉપર ચોવીસ પ્રભુની મૂર્તિને રત્નના તિલક ચઢાવ્યાની પૂજા કરી હતી, તો તેના પુણ્ય પ્રભાવે દમયંતીના ભવમા કપાળે જન્મથી દેદીપ્યમાન કુદરતી તિલક મેળવ્યુ હતુ જે અંધારામા પ્રકાશ આપતુ હતુ તેમ પરમાત્માની વિશેષ શ્રદ્ધાભક્તિ પણ એવી મૂર્તિ પૂજાદિ દ્વારા મેળવી હતી અનાર્યદેશનો રાજપુત્ર આર્દ્રકુમાર અભયકુમારે મોકલેલી જિનમૂર્તિથી પ્રતિબોધ પામ્યો હતો શય્યંભવસૂરિજી શ્રુતકેવળી ભગવાન

બ્રાહ્મણપણે યજ્ઞસ્તંભ નીચેથી મળેલી જિનપ્રતિમાથી બોધ પામ્યા હતા અરિહંત પ્રભુની મૂર્તિ તો, જો દર્શન કરતા આવડે તો મહાશાંતિ, ધર્મવીર્ય પ્રેરણા, માનસિક શુભભાવના, ને ઐકાગ્ર ધ્યાનાદિ આપે છે

દેહદ્વારા પ્રભુનો ઉપકાર તો પ્રસિદ્ધ છે જન્મથી માંડીને અનેક ભવ્ય જીવોને આનંદ અને વિરાગની પ્રેરણા આપવા ઉપરાંત તીર્થંકર બન્યા પછી તો જગતને દર્શન, વંદન, વાણી શ્રવણ, પૂજન, સ્તવન વગેરેના અનુપમ લાભ આપે છે કેવળજ્ઞાન પામ્યા પછી તરત મોક્ષ નથી પામતા, પણ હજી માનવદેહે આ પૃથ્વી ઉપર વિચરે છે, તો જ એ દેહથી જગત ઉપર અપૂર્વ ઉપકારોનો પુષ્કરાવર્ત મેઘ વરસાવે છે બાકી સંસારી જીવ પ્રભુની ગેરહાજરીમા જે પ્રભુનુ સ્મરણ કરી લાભ મેળવે છે તે પણ પ્રભુના દેહનુ જ સ્મરણ કરીને લાભ મેળવે છે એટલે એ દેહ એ રીતે ભવ્ય જીવોને પરમાત્માના સ્મરણ અને ધ્યાનનું આલંબન બની અનંત ઉપકાર કરે છે ખરી રીતે દેહ તો જડ છે, છતા સાક્ષાત્ પૂજ્ય છે, અને આમ પણ સ્મરણ ધ્યાનાદિ દ્વારા પૂજ્ય છે અને ઉપકાર કરે છે, તો મૂર્તિ પણ પૂજવા દ્વારા ઉપકારક થાય એમા શો સંદેહ?

પ્રભુના જીવનનો ઉપકાર —ત્યારે પ્રભુનુ

ગુણોભર્યું જીવન જગતને સાધનાના મહાન આદર્શ આપે છે, અને જ્ઞાનદૃષ્ટિવાળા તથા ગુણમય બનવામા પ્રબળ પ્રેરણા આપે છે એ રીતે પણ પ્રભુ જગત પર અનત ઉપકાર કરનારા છે આમા પ્રભુના જીવનના વિવિધ પ્રસ ગોને પૃથક્કરણ-રહસ્યતારણ કરવા પૂર્વક વિચારવાના ત્યા "તીર્થંકર પ્રભુએ સ્વજીવનમા અવસરે અવસરે આવા આવા ગુણો વિકસાવ્યા હતા, તો હુ પણ એ આદર્શ આખ સામે રાખીને ગુણોનો મારાથી શક્ય વિકાસ સાધુ ! ઠેઠ સમ્યકત્વના ભવથી પ્રભુએ ઉચ્ચ ઉચ્ચ ધર્મસાધનાઓ કરી હતી, તો હુ પણ એ કરવા લાગુ ! ચરમભવમા તો અવધિજ્ઞાની પ્રભુ તે ભવને અ તે જ નક્કી મોક્ષ જાણવા છતા એ આતર શત્રુ સામે ખૂબ ઝઝુમ્યા, કર્મનો સહાર કરવા એમણે જીવન-સગ્રામ ખેલ્યા ઘોર તપ અને ભયકર પરીસહ-ઉપસર્ગ સહન કર્યાં તો હુ પણ એવુ જ જીવન બનાવુ " વગેરે વગેરે નિર્ધાર કરી ભવી જીવો ભગીરથ પુરુષાર્થી બને છે, તે પ્રભુનો જ ઉપકાર છે ઉપદેશકો ઉપદેશથી શ્રોતાને જે બુઝવે છે તેમા પણ પરમાત્માનુ ગુણભર્યું જીવન આગળ કરીને

શાસનદાન-ધર્મદાનનો શ્રેષ્ઠ ઉપકાર —

ત્યારે પરમાત્માનો શ્રેષ્ઠ સચોટ ઉપકાર ધર્મના

મૂળ ઉપદેશક તરીકેનો અને શાસનદાન તથા ધર્મ દાન કરવાનો છે જે બીજાઓ ધર્મના ઉપદેશ અને દાન કરે છે તે એમની પછી આ અવસર્પિણીના યુગમા શ્રી ઋષભદેવ પ્રભુએ પહેલ વહેલો શુદ્ધ ધર્મ બતાવ્યો પછીથી બીજા સાખ્યાદિ ધર્મો નીકળ્યા

ત્યારે હવે શાસનદાન અને ધર્મદાન કરવાનો અરિહંત પ્રભુનો, જુઓ કે, કેવો ગજબ ઉપકાર!! બ્રાહ્મણ ઇન્દ્રભૂતિગૌતમ શ્રી મહાવીર પરમાત્મા પાસે વાદ કરીને જીતવા આવ્યા હતા, પરંતુ પ્રભુએ તત્ત્વનો એવો ઉપદેશ કર્યો, કે ઇન્દ્રભૂતિ ઉલટા શરણે આવી ગયા. ત્યા પ્રભુએ મિથ્યાત્વસહિત ગૃહવાસને ઓકાવી, સમ્યક્ત્વપૂર્વક ચારિત્રધર્મનુ દાન એવુ કર્યુ કે એમને અનંત સંસારના કૂવામાથી ઉચકયા! વળી ત્રિપદીનુ શાસન-દાન એવુ કર્યુ કે એમને સમગ્ર દ્વાદશાગીના રચનારા અને મોક્ષગામી ગણધર બનાવ્યા! તેમ એમની પાછળ જગતને પણ ધર્મદાન કરી એમાથી સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા બનાવ્યા આમ વ્યવસ્થિતસંઘની સ્થાપના કરવા પૂર્વક તેમાના દરેકને પાળવાના આચાર-વિચાર-મર્યાદાની વ્યવસ્થાનુ એવુ સુંદર શાસનદાન કર્યુ કે એથી સંખ્યાબંધ જીવો, મોક્ષ માર્ગે ચઢયા, અને ઋષભદેવ પ્રભુ થકી તો અસંખ્યાતા જીવો મોક્ષમાર્ગના આરાધક બન્યા!

ગામી થયા! અને બીજા મોક્ષની નિકટ બન્યા! ઉપ રાત, પૂર્વે કહ્યુ તેમ આ શાસન-સ્વરૂપસાગરના બિંદુઓ જગત ઉપર ઉડીને જગતમા સામાજિક-રાજકીય-કૌટુબિક-ધધાદારી વગેરે ગ સ્થાઓમા ન્યાય-નીતિ-દયા સત્ય વગેરે સદ્વ્યવહાર પ્રવર્તાવવા દ્વારા કઇક પણ સુખ-શાતિ વરસાવનારા બન્યા નહિતર તો આખુ ય જગત નરકાગાર હોત ત્યારે વિચારો કે શ્રી તીર્થંકર પ્રભુએ ઉપદેશદાન, ધર્મદાન, શાસનદાન, સદ્-વ્યવહારદાન વગેરે કરવાનો કેટલો બધો નિસ્સીમ ઉપકાર કર્યો છે! ઉપકાર તે આને કહેવો? કે સૃષ્ટિ રચવી, જગત પર નિયત્રણ રાખવુ, જીવોને જન્મ-મરણ-ખાનપાન-સુખદુખ વગેરે જ જાળ આપવી એ ઉપકાર?

પરમાત્મા લોકના નાથ છે તે લોકને આ ધર્મ દેશના, ધર્મ, અને ધર્મ-શાસન તથા સદ્વ્યવહારની પ્રાપ્તિ કરાવવા અને રક્ષણ કરવા દ્વારા પરમાત્મા લોકમા ઉત્તમ છે તે સ્વય ધર્મ સિદ્ધ કરી પરમપુરુષ બનવા દ્વારા પરમાત્મા લોકના હિતરૂપ છે તે એ ધર્મ અને શાસનને ખીલવનારૂ ધર્માસ્તિકાયાદિ પચાસ્તિકાય લોકનુ યથાર્થ નિરૂપણ કરવા દ્વારા પ્રભુ લોકપ્રદીપ અને લોકપ્રદ્યોતકર છે ભ ય જીવોને એ ધર્મશાસનના પ્રકાશ તથા ગણધર દેવોને ચૌ૦ પૂર્વના મહાપ્રકાશ આપવા દ્વારા સર્વજ્ઞ

અરિહંત પરમાત્મા સિવાય આવું અપૂર્વ ધર્મદાન અને શાસનદાન કોણ કરી શકે?

મોહાન્ધકાર અને કર્મ-દુ:ખથી વ્યાપ્ત એવા આ જગત ઉપરથી એ કર્મદુઃખાદિ ટાળવામાં મૂળમાં એક માત્ર શ્રી તીર્થંકર દેવનો જ મહાન ઉપકાર છે કેમકે એ પરમાત્માએ મોહાન્ધકાર અને કર્મદુઃખ ટાળવા માટે ધર્મ-ઉપદેશથી ભવ્ય જીવોને બૂઝવી સમ્યક્ત્વ ધર્મ, દેશવિરતિધર્મ, સર્વવિરતિ ચારિત્ર ધર્મ, તપોધર્મ, સંલેખનાધર્મ, વગેરે ધર્મ આપે છે પાછું એને બરાબર પાળી અંતિમ ફળે પહોંચવા સચોટ અને વ્યવસ્થિત માર્ગ-દર્શન આપે છે જેમાં સિદ્ધાંત, તત્ત્વ-આચાર-મોક્ષમાર્ગ-સાધના-શુદ્ધિ-અપવાદ-ઉત્ક્રાન્તિ-વિકાસ યોગ-જ્ઞાન ભક્તિ-ક્રિયા-ધ્યાન વગેરે કેઈ વિશિષ્ટ પદાર્થોના પ્રકાશ, (જેનું વર્ણન આગળ કરાશે તે) આવે છે તેમજ જીવોને ધર્મમાં દોરવામાં, પહેલા પોતે સાચા ધર્મનાયક એટલે કે સ્વજીવનમાં અતિ કઠોર ધર્મના આરાધક બની રહે છે એટલું જ નહિ પણ ધર્મ-સાધનામાં જીવો શિથિલ ન પડે એ માટે પરમાત્મા સારથિપણું કરે છે તે જીવોના પડતા સાક્ષાત્ રોકીને અથવા અપ્રમાદના ઉપાય બતાવવા દ્વારા આ ઉપરાંત શ્રી અરિહંત પરમાત્મા ધર્મ સામ્રાજ્ય ઉપર

ચક્રવર્તીપણુ ભોગવી ધર્મને ત્રિકાળાબાધ્ય અને અન તા ન ત કાળ માટે એક સરખો સુવિશુદ્ધ તથા અવ્ય ભિચારી અર્થાત્ સચોટ ફલદાયી બતાવે છે

આવા અદ્ભુત ઉપકારના યોગે જ શ્રી તીર્થ કર દેવો

(૧) જગતના જીવોને અભયદાતા છે

જેમ કોઈ પ્રવાસીને લૂટારા લૂટીને આખે પાટા બાધી જગલમા રખડતો મૂકી દે, ત્યા (૧) શિકારી પશુઓની ભય કર ચીસીયારીઓથી પ્રવાસીને ભારે ભય થતો હોય, પાછો (૨) આખે પાટાથી દેખી શકતો ન હોય, (૩) તે ય પોતાનો રસ્તો ભૂલી અટવીમા ફર્યા કરતો હોય, (૪) વળી ત્યા કોઇનો આશરો ન હોય, અને (૫) ભૂખ-તરસ વગેરેની ભારે પીડા તથા અશક્તિ હોય,

એવાને જો ત્યા કોઈ દયાળુ હથિયારબ ધ ઘોડેસ્વાર આવી (૧) શત્રુના ભારથી નિર્ભય કરે, (૨) આખના પાટા છોડી નાખે, વળી (૩) માર્ગ બનાવે, પાછો (૪) પોતાનો આશરો આપે, અને (૫) ખાનપાનથી પ્રવાસની શક્તિ આપે જેથી પ્રવાસી સ્વસ્થાને પહોચી જાય, તો એ કેવો ઉપકારી ગણાય?

એવી રીતે (૧) મિથ્યાજ્ઞાન કષાયો વિષયો વગેરે

લૂટારાઓથી લૂટાયેલો આ જીવ-મુસાફર પળે પળે દુ ખના ભયથી ફડફડતો છે, (૨) તીવ્ર મિથ્યાત્વાદિ કર્મના પાટાથી મોક્ષ તરફ જોવા માટે અ ધ બન્યો છે, (૩) તેથી મોક્ષમાર્ગના બદલે મ સાર વનમા ભટકયા કરે છે, (૪) ત્યા એને કોઈ આશરો નથી, તેમજ (૫) એને ત્યા મોક્ષમાર્ગની મુસાફરી યોગ્ય ખાનપાન કે તાકાત પણ મળતી નથી આવી પાચ દુર્દશાથી મ સારી જીવના હાલ બેહાલ છે

એને પરમાત્મા (૧) તત્ત્વદર્શન અને આત્માની અન તી શક્તિના ભાનથી દુ ખના ભય ભૂમાવે છે, (૨) તીવ્ર મિથ્યાત્વાદિ કર્મના પાટા છોડાવી મોક્ષ તરફની અ ધતા દૂર કરે છે, (૩) મોક્ષમાર્ગનો બોધ આપે છે, (૪) વળી પોતાના આદર્શ જીવન અને ગુણો વગેરેનો આશરો (આલ બન) આપે છે, પોતાના નામ – સ્મરણ – ભક્તિ–સમર્પણાદિ દ્વારા શરણ આપે છે, અને છેવટમા (૫) સમ્યકત્વ–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્રરૂપી ધર્મ સાધનાના ભોજન આપી મોક્ષ તરફ આગેકૂચ કરવાની તાકાત આપે છે તેથી જીવ પોતાના મોક્ષનગરે પહોચી જાય છે, કેવી રીતે?

પરમાત્માએ ભવ્ય જીવને એ સાધના આ

(૧) જીવને સ સાર–સમુદ્રમાના રાગદ્વેષ

મગરમચ્છો સામે જીતાડી એની પકડમાથી છોડાવે છે, (૨) અજ્ઞાનાદિના જગી સમુદ્ર તરાવે છે, તરી પાર કરાવે છે, (૩) કેવળજ્ઞાનરૂપી અનત બોધ કરાવે છે, અને (૪) અતે સર્વ કર્મશત્રુથી મૂકાવી મોક્ષે પહોચાડે છે। તો આવા પરમાત્માના કેવા અગણ્ય નિસ્સીમ ઉપકાર!।



પ્રકરણ ૬૬

શ્રી અરિહંત પ્રભુએ વિશેષ શુ આપ્યુ ?

હવે જરા બીજા કહેવાતા પરમાત્મા કરતા તીર્થંકર પરમાત્મા શ્રી વીતરાગ સર્વજ્ઞ અરિહંત ભગવાનનો મુખ્ય ઉપકાર જે વિશિષ્ટ ઉપદેશ કર્યાનો છે, તે ઉપદેશની થોડી વિશેષતાઓ જોઈએ એથી બરાબર સમજાશે કે 'ખરેખર ! આવા ઉપદેશ કરનાર જ સાચા સર્વજ્ઞ અને વીતરાગ હોય તેથી જ એજ એક માન્ય, પૂજ્ય, અને શ્રદ્ધેય હોઈ શકે તેથી હવે બીજાની મિથ્યા આસ્થાઓ મૂકી એમનુ જ શરણુ લઈએ, એમના જ ફરમાવેલા માર્ગે ચાલીએ '

(૧) સ્યાદ્વાદનો સિદ્ધાન્ત –શ્રી જિનવાણીની પહેલી બક્ષીસ સ્યાદ્વાદ સિદ્ધાન્તની છે સ્યાદ્વાદ કહો કે અનેકાન્તવાદ કહો, એક જ વસ્તુ છે એ કહે છે કે જગતની પ્રત્યેક વસ્તુ ને પ્રત્યેક ઘટના કોઈ એકાન્ત ધર્મવાળી નહિ પણ અનેકાન્ત ધર્મવાળી છે અર્થાત્ એમા રહેલ ધર્મનો સમોવડીયો–પ્રતિપક્ષી ધર્મ પણ એમા છે એનુ કારણ સ્પષ્ટ

માત્ર જે સ્વરૂપે છે તે પોતાના ઉપાદાનદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના હિસાબે છે, પણ નહિ કે **બીજાના** ઉપાદાનદ્રવ્ય-ક્ષેત્રાદિ હિસાબે તેથી વસ્તુ કે ઘટના-માત્રનુ સ્વરૂપ એકી વખતે એકી સાથે વિરુદ્ધ દેખાતા એવા પણ 'છે' અને 'નથી' જેવા ધર્મોથી સકળાયેલુ જણાશે ઘડો માટીનો છે એમ દેખાય છે, તેવી રીતે સુતરનો નથી, તન્તુમય નથી એ પણ પ્રત્યક્ષસિદ્ધ છે તેથી માટીમયતાનુ અસ્તિત્વ અને તન્તુમયતાનુ નાસ્તિત્વ બનેય ધર્મો ઘડામા છે જો આમાથી કોઈ એક જ ધર્મ છે એમ કહે તો તે એકાન્તિક કથન હોવાથી મિથ્યા થાય ઘડામા આવા તો કેઈ યુગલ ધર્મો છે, જેવા કે નાનાપણુ -મોટાપણ, જૂનાપણુ -નવા પણુ, ઉજળાશ-ઝાખાશ એવી રીતે પિતામા પિતા પણા સાથે પુત્રપણુ પણ છે જ જેમ વસ્તુમા, તેમ ઘટનામા પણ એવુ જ છે દા ત ઉત્પત્તિની ઘટના એ સાથોસાથ વિનાશથી અને ધ્રુવતાથી સકળાયેલી છે નવાની ઉત્પત્તિ જૂનાનો વિનાશ, અને મૂળભૂત દ્રવ્યની ધ્રુવતા (કાયમીપણુ) આ ત્રણે એકી સાથે એક જ વસ્તુમા બને છે સોનાના કડામાથી કુડળ ઉત્પન્ન થયુ, ત્યા કડાનો વિનાશ કુડલની ઉત્પત્તિની સાથે જ છે, તેમ મૂળભૂત પદાર્થ સુવર્ણની ધ્રુવતા પણ સાથે જ છે એટલે, સુવર્ણ ઉત્પન્ન પણ થાય છે (કુડલરૂપે),

ને નાશ પણ પામે છે (કડારૂપે) –વ્યવહારમા આવા ઢગલાબધ દાખલા મળે ખરફી સારી છે નિરોગી માટે, ખરાબ છે રોગીને માટે આ સ્યાદ્‌વાદ છે

શ્રી અરિહતદેવે આપેલા બીજા વિશેષ સિદ્ધા-ન્તોમા નયવાદ, ભેદાભેદવાદ, પચકારણવાદ, કર્મ સિદ્ધાન્ત, આત્મોત્ક્રાન્તિ અને ચૌ૦ ગુણસ્થાનકનો સિદ્ધાન્ત વગેરે સિદ્ધાન્તો સમગ્ર વિશ્વમા ખુબ અસા ધારણ કોટિના છે એવા કે જૈન દર્શનના જ આ ખાસ ખજાના કહી શકાય

નયવાદ —જગતના ઇતર દર્શનો પ્રમાણજ્ઞાનને માને છે, પણ નયજ્ઞાનની એમને ગ ધ નગ્ખી નથી, અને નયજ્ઞાનની સત્તા જુદી છે ખરી કમકે પ્રમાણ એ વસ્તુને સમગ્રરૂપે સર્વાશરૂપે જુએ છે, ત્યારે નયજ્ઞાન વસ્તુને અશે જુએ છે દા ત ચક્ષુ ખોલી અને જ્ઞાન થયુ –'આ ઘડો' 'આ અગ્નિ ' વગેરે,–આ પ્રત્યક્ષ પ્રમાણજ્ઞાન કહેવાય અથવા ધૂમાડો જોઇ કલ્પ્યુ 'અહીં અગ્નિ હોવો જ જોઈએ,'–આ અનુમાન પ્રમાણજ્ઞાન કહેવાય પણ જે એવુ જ્ઞાન થયુ કે 'ઘડો મોટો છે,' એ ઘડાનુ અશે જ્ઞાન છે કમકે ઘડામા અમુક અપેક્ષાએ 'મોટાપણુ' અને અમુક અપેક્ષાએ 'નાનાપણુ,' એમ બે અશ છે એમાથી એક અશે ઘડાને જાણ્યો એને નો

કહેવાય નહિ નહિતર પછી પ્રમાણજ્ઞાનના વિષમ તરીકે જેમ ઘડો એટલે ઘડો જ, અઘડો નહિ, એમ મોટો એટલે મોટો જ, નાનો નહિ પણ ઘડો તો નાનો પણ છે, તેથી મોટા તરીકેનુ જ્ઞાન સમગ્રાશે નથી એટલે એને પ્રમાણજ્ઞાન નહિ કહેવાય ત્યારે એને પ્રમાણ જ્ઞાન પણ નહિ કહેવાય કેમકે 'અ-પ્રમાણ' એટલે તો જૂઠુ જ્ઞાન આ કાઈ જૂઠુ જ્ઞાન નથી ત્યારે પ્રશ્ન થાય કે એ છે શુ ? જેમ દા ત સમુદ્રમાના એક ભાગ માટે પ્રશ્ન પૂછાય કે 'બોલો ભાઈ, આ સમુદ્ર છે કે અસમુદ્ર ?' તો શુ કહેવાય ? જો સમુદ્ર કહો તો એવા તો ત્યા કેટલા ય ભાગો છે, તો શુ દરેક ભાગ એ એક સમુદ્ર, એ હિસાબે તેટલી સખ્યામા ત્યા સમુદ્રો સમજવા ? ના, સમુદ્ર તો એક જ છે ત્યારે પછી એ ભાગને શુ અસમુદ્ર કહેવો ? એમ કહીએ તો બધા ય ભાગો અસમુદ્ર હોવાથી કુલ મળીને પણ સમુદ્ર નહિ બને દા ત સો માણસમાનો જો દરેકે દરેક હિંદુ નથી, અહિંદુ છે, તો એ સોનો સમૂહ પણ અહિંદુ જ રહેશે એવી જ રીતે આ અસમુદ્ર પણ નહિ કહેવાય ત્યારે એ છે શુ ? કહેવુ જોઇએ કે એ 'સમુદ્રૈકદેશ' (સમુદ્રનો એક દેશ) છે, અને સમગ્ર સમુદ્રથી ભિન્નાભિન્ન છે એવી રીતે 'નયજ્ઞાન એ પ્રમાણજ્ઞાન

નથી, અપ્રમાણ પણ નથી પ્રમાણથી જુદુ સ્વતન્ત્ર જ્ઞાન છે

પ્ર૦— સમુદ્રકદેશના દૃષ્ટાન્તથી તો 'ઘડો મોટો છે' એ જ્ઞાનને 'પ્રમાણૈકદેશ' કહો, જુદુ 'નય-જ્ઞાન' કેમ કહો છો ?

ઉ૦ —ટોકરી અવસરે લગાવી પણ એ સમજો કે સમુદ્રમા તો ભાગો છે, અહીં 'ઘડો' એવા પ્રમાણ જ્ઞાનમા ભાગો નથી કે જેથી એક ભાગને પ્રમાણૈકદેશ કહી શકીએ મોટાઇ-નાનાઈ એ તો ઘડાના અશ છે, જ્ઞાનના નહિ તો પ્રશ્ન છે કે અશે જણાતા ઘટના જ્ઞાનને શુ કહેવુ ? માટે એને જુદુ 'નયજ્ઞાન' માન્યુ શ્રી અરિહ્ત પરમાત્માએ જ આ બતાવ્યુ છે એ એમનો વિશિષ્ટ ઉપકાર છે

નયજ્ઞાન અશને પકડે છે, માટે એને અપેક્ષા રહે છે તેથી નયવાદને અપેક્ષાવાદ કહેવાય છે વસ્તુમા રહેલા અનેકાનેક સામમામા ધર્મોને ન્યાય આપે છે એ ધર્મો જે જે અપેક્ષાએ છે, તેને તેને 'દૃષ્ટિ' પણ કહે છે એથી નય જુદી જુદી દૃષ્ટિમા વહેચાઈ જાય છે દા ત દ્રવ્યાર્થિક દૃષ્ટિ-પર્યાયાર્થિક દૃષ્ટિ, અલકાર દ્રવ્યાર્થિક દૃષ્ટિએ નિત્ય છે, કેમકે અલકારનુ મૂળ દ્રવ્ય સોનુ,

રહેનારૂ છે, પણ એજ અલકાર પાછુ **પર્યાયાર્થિક** દૃષ્ટિએ અનિત્ય છે, કેમકે એ કડુ મટી જાય છે, અને કઠી રૂપે બને છે આ નયજ્ઞાનની વિશેષતા છે એવી રીતે કારણદૃષ્ટિ–કાર્યદૃષ્ટિ, નિશ્ચયદૃષ્ટિ–વ્યવહાર દૃષ્ટિ–એને જ નય કહી શકાય એવા બીજા નયો જ્ઞાનનય–ક્રિયાનય, દ્રવ્યનય–ભાવનય, વગેરે યુગલો છે તેમ, **મૂલ સાત નયો** નૈગમ–સગ્રહ–વ્યવહાર–ઋજુસૂત્ર–શબ્દ (સાપ્રત)–સમભિરૂઢ–એવભૂત,– એ નામે છે એ દરેક નય વસ્તુનુ જુદી જુદી ઢબે દર્શન કરે છે, અને એકેકમા ય પાછા દર્શનભેદ પડવાથી અનેક પ્રકાર બને છે પ્રશ્ન કરવામા આવ્યો 'આપણે કયા રહીએ છીએ?' તો એ વિવિધ નયની દૃષ્ટિએ આ પ્રશ્નના વિવિધ જવાબ મળે છે,–'લોકમા રહીએ છીએ' 'મધ્ય લોકમા રહીએ છીએ' 'જબૂદ્વીપમા રહીએ છીએ' 'ભરતક્ષેત્રમા ' 'દક્ષિણાર્ધભરતે' 'હિંદુસ્તાનમા' 'મુબઈ ઈલાકામા' 'મુબઈ શહેરમા' 'ઝવેરી બજારમા' એમ પણ જવાબ મળે છે 'અમે તો ઉસ્તાદના માળામા રહીએ છીએ, તમે કયા રહો છો તે ખબર નથી' એથી પણ આગળ વધીને 'ચોથે મજલે' 'અમુક નબરની રૂમમા' યાવત્ 'હાલમા તો હુ પથારીમા રહુ છુ' અને તત્ત્વદ્રષ્ટા વળી એમ ઉત્તર કરે છે કે 'અવગાહિત આકાશ પ્રદેશમા રહીએ

છીએ' 'આપણા આપણા આત્મપ્રદેશમા રહીએ છીએ' આટલા બધા ઉત્તર એટલે કે 'રહેવા'ની વસ્તુના જ્ઞાન શાથી? કહેવુ પડે કે વસ્તુમા અનેક અ શો છે, એની અનેક દૃષ્ટિએ છે એ એ દૃષ્ટિએ જુદુ જુદુ જ્ઞાન થાય એ સહજ છે એ બધા જ્ઞાન **નયજ્ઞાન** છે, પ્રમાણજ્ઞાન નહિ

આ વિશેષતા સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્મા સિવાય કોણે બતાવી છે? જગત જો આજે આ નય વાદ-અપેક્ષાવાદને અપનાવે તો કેઈ સમસ્યાઓ ઉકલી જાય! ઝગડા ટંટા શમી જાય! એકેક કુટુ બમા ઝગડા શાથી? કોઈ પણ વસ્તુ કે પ્રસ ગમા તો અનેક અ શ છે પર તુ દરેક જણ પોતાની અપેક્ષાને, પોતાની દૃષ્ટિને અ શ જુએ છે, પણ સામાની અગર બીજી દૃષ્ટિને અ શ નથી જોતો, તેથી ઝગડો ઉભો થાય છે શ્રી અરિહંત પ્રભુએ આ સર્વતો-મુખી વસ્તુ દર્શન શિખવી કેવો અદ્ભુત ઉપકાર કર્યો!

જૈન ધર્મ એ મૂળભૂત મહાધર્મ છે જૈન દર્શન એ મહાદર્શન છે એમા બધી દૃષ્ટિઓને ન્યાય મળે છે પણ મધ્યસ્વભાવ છોડી એકેક દૃષ્ટિને પકડીને ખેચાખેચ ચાલી એમાથી જુદા જુદા એકાન્તવાદી અનેક ધર્મ નીકળ્યા, અનેક દર્શને રચાયા એમાહો તો પોતાનાથી સામેવાળાની દૃષ્ટિને [illegible] સો,

અને પોતાની જ એક દૃષ્ટિને સાચી માની, અને એમા થતા જ્ઞાનને 'પ્રમાણજ્ઞાન' કહેવા માડયુ નયજ્ઞાનની તો ગધ સરખી ન રહી પછી સ્યાદ્વાદ ની ય ગધ કયાથી પામે ?

'સ્યાદ્વાદ અને નય' તો વસ્તુ કે પ્રસગના સમન્વય સાધી આપે છે તેમ એ બુદ્ધિમા પણ બેસે એમ છે માન મિથ્યાત્વના પડળ હટી જવા જોઇએ કોઈ કહે છે લાકડી નાની કોઈ કહે છે, મોટી છે કોણ સાચુ, કોણ ખોટુ ? સ્યાદ્વાદ કહે છે બને સાચા હોઈ શકે ત્યા એનામા અમુક બીજી મોટી લાકડીની અપેક્ષાએ અગર વર્તમાન જરૂરીયાતની અપેક્ષાએ નાનાપણાનો ધર્મ છે, અને અન્ય નાની લાકડીની અપેક્ષાએ કે અમુક આવશ્યકતાની અપેક્ષાએ એનામા મોટાપણાનો ધર્મ છે બને અશ છે વ્યવહારમા બીજે પણ આવુ બને છે દરજીએ સીવેલી ચડ્ડી નાના છોકરાના હિસાબે મોટી પડે છે, અને મોટા છોકરાના હિસાબે નાની પડે છે, તેથી છોકરાનો બાપ દરજીને કહે છે કે આ તો કઈ જ કામની ન રહી, કેમકે એ આમ મોટી છે, ને આમ નાની છે એક બીજુ દૃષ્ટાન્ત જુઓ આત્મામા મૂળ સ્વરૂપની અપેક્ષાએ અનત જ્ઞાન કાયમ છે, કર્મથી આવૃતતાની અપેક્ષાએ એ ઢકાઈ જઈ, અગટપણે

અજ્ઞાનતા છે અહીં જો અનત જ્ઞાન કાયમ (અવિનષ્ટ) ન માનવામા આવે તો તો તદ્દન નાશ પામેલુ અગર તદ્દન બીનહયાત હોઇ સ્વભાવ તરીકે પછી કદીય અનત જ્ઞાન પ્રગટી શકે નહિ એમ વળી વર્તમાનમા અજ્ઞાનતા આત્માની જ ન માનવામા આવે તો પ્રશ્ન થાય કે જો એ અજ્ઞાન નથી તો પછી એ આજે કેમ સર્વજ્ઞ તરીકે બધુ જોઇ જાણી શકતો નથી? માટે જ નયવાદથી સર્વજ્ઞતા–અજ્ઞાનતા બન્નેય માનવી જોઇએ બીજા દર્શનવાળાની દૃષ્ટિ એકલા પ્રમાણુ-જ્ઞાન ઉપર દોડે છે, તેથી એ આત્માને કેવો કહે? જો અલ્પજ્ઞ કહે તો એટલો જ સ્વભાવ સમગ્રપણે થયો પછી કયારે ય સર્વજ્ઞ ક્યાથી બની શકવાનો? માટે જ નયજ્ઞાન જોઇએ વળી ભલે એ નયવાદ, અપેક્ષાવાદનો વિરોધ કરે છે; પરતુ પાછુ એમનેજ પોતાના શાસ્ત્રો અને પદાર્થોમા અપેક્ષા લઇને ભિન્ન ભિન્ન ધર્મોના સમન્વય–સમાધાન કરવા પડે છે બૌદ્ધ, વેદાન્ત, ન્યાય વગેરે દર્શનો પર આ સબધમા વિસ્તૃત વિચાર દાખલા સાથે થઇ શકે એમ છે પણ એ મોટો વિસ્તાર માગે છે, જેને અહીં અવકાશ નથી બાકી વિશાલ નયચક્ર બતાવી શ્રી અરિહત પ્રભુએ અનુપમ ઉપકાર કર્યો છે

ભેદાભેદવાદનો સિદ્ધાન્ત પણ જિનશાસનની

ધાણુ, આવા ફરક પડે છે, એમ કેમ? તો કે ત્યા તેવી તેવી ભવિતવ્યતાને કારણ કહેવુ પડે, નહિતર પ્રશ્નનુ સમાધાન ન થાય વીર પ્રભુએ, ગોશાળાને ઓળખવા છતા તેમ પોતે કશુ અનુચિત ન કરાઈ જાય એવા જાગ્રત છતા, એને તેજોલેશ્યા શિખવી, એ ભવિતવ્યતા નિમિત્ત કારણો કુભાર, ચાક, પાણી, દડાદિ અને ઉપાદાન કારણ માટી પાચમા સમાઈ જાય છે, તેથી એને જુદા ન ગણ્યા દા ત માટીનો જ સ્વભાવ છે કે એના લોચાને ગોળાકાર આપીને ઘડો કરી શકાય એમ સ્વભાવના ઘરમા માટી સમાશે માટીનો જ સ્વભાવ ઘડો બનાવવાનો છે ત્યારે એ પણ છે કે કુભારનો પ્રયત્ન, એ પુરુષાર્થમા ગણાશે તેમ પુણ્યકર્મ હોય તો એને એ બધી સામગ્રી ચક્ર, દડ, વગેરે મળી શકે, પાછુ ઘડાનો માલિક થવાનુ પુણ્ય હશે તો ઘડો બનશે, નહિતર ઘડો બનાવતા વચમા જ કોઈ રોગાદિ ઉપદ્રવમા એ સપડાઈ જશે આમ કર્મ (ભાગ્ય) આગળ આવ્યુ, અને એના પેટામા બીજી સામગ્રી રહી આવી રીતે પચકારણ વાદની વિશેષતા થઈ

કર્મસિદ્ધાન્ત —

જેને બીજા અદૃષ્ટ કહે છે, ભાગ્ય કહે છે, એવા કર્મનો સિદ્ધાન્ત (Theory) તો જૈનોનો જ થી

જિનેશ્વરદેવે અસાધારણ કોટિની કર્મની મહા-સૂક્ષ્મતા અને મહાવિસ્તાર વર્ણવ્યો છે કર્મના પ્રકૃતિ-સ્થિતિ રસ-પ્રદેશ બધ, તેવા જ ઉદય-ઉદીરણા-સક્રમણ-ઉદ્વર્તનાદિ-નિદ્ધત્તિ-નિકાચના, સત્તા, ઉપશમના, ને ક્ષપણા, પ્રકૃત્યાદિમા મૂળભેદ-ઉત્તરભેદ, ઘાતી-અઘાતી, પુણ્ય પાપ, પરાવર્તમાન અપરાવર્તમાન, ધ્રુવબ ધી ધ્રુવ-ઉદયી, પુદ્‌ગલ વિપાકી, જીવવિપાકી, વગેરે અનેકાનેક વિષયો એમા આવે છે કર્મ સિદ્ધાન્તની આવી જટિલ યાન્ત્રિકતાને (મશીનરીને) સમજાવનારા શાસ્ત્રો જૈન ધર્મમા જ છે એ શાસ્ત્રોનો અભ્યાસ કરનારને એ સમજાય એવુ છે કે સર્વજ્ઞ વિના કર્મની આવી સૂક્ષ્મ મશીનરી બીજો કોઈ જાતે પ્રત્યક્ષ પણ ન કરી શકે, અને મૂલત ઉપદેશી પણ ન શકે એનુ કારણ એ છે કે આત્મા પર જન્મોજન્મના લાગેલા અનતા કર્મસ્કધો એટલા બધા સૂક્ષ્મ છે કે એમા શી પ્રક્રિયા બધાતી વખતે ચાલી હોય છે, સક્રમણ-સ્થિતિહ્રાસ-સ્થિતિવૃદ્ધિ વખતે ચાલી હોય છે, રસ હ્રાસ-રસવૃદ્ધિ વખતે અને નિદ્ધત્તિ-નિકાચના-ઉદીરણા વગેરેમા ચાલી રહી હોય છે, એ ચર્મચક્ષુથી અદશ્ય અને તર્ક કલ્પનાથી અચિંત્ય [illegible] મૂળ જોનાર-કહેનાર તરીકે સર્વજ્ઞ [illegible] મૂળમા કહેનાર

સર્વજ્ઞ પુરવાર થાય છે ત્યારે, એમણે કેવા સુંદર કર્મવાદ કહ્યો! એવા કે જેમાં જીવનમાં આકસ્મિક જેવી બનતી અનેકાનેક વિચિત્ર ઘટનાઓના સમાધાન મળે છે, એટલું જ નહિ પણ સમસ્ત વિશ્વનું સંચાલન કેવી રીતે ચાલી રહ્યું છે, એનું સચોટ અને સુજ્ઞેય સ્પષ્ટીકરણ મળે છે જે લોકો વિશ્વકર્તા અને વિશ્વસંચાલક તરીકે ઈશ્વરને માને છે, એમને ય જ્યાં ઠેર ઠેર અટકી જવું પડે છે, ત્યાં સમાધાન કર્મવાદથી જ સુંદર સુયુક્તિક અને સચોટ થાય છે દા ત

'ઇશ્વર કર્તા' માનનારને પ્રશ્નો —

(૧) સર્વશક્તિમાન ઈશ્વરના રાજ્યમાં સ્વપ્રયત્ન, બીજ, ધરણી વગેરે સમાન છતાં પાકમાં નાના-મોટા દાણા કેમ પાકયા?

(૨) જગતદયાળુ ઇશ્વરના સામ્રાજ્યમાં અજ્ઞાન ગુનેગારને કેમ દયાથી માફી અને વાત્સલ્ય નહિ?

(૩) સર્વજ્ઞ અને સર્વહિતકામી જગતકર્તા ઈશ્વરની હાજરીમાં જીવો કેમ જ નવા ગુના કરી શકે? સમજુ અને હિતૈષી માતા પુત્રને ગુનો કરતા જ અટકાવે છે, તો ઇશ્વર તો સર્વશક્તિમાન હોવાથી કેમ પહેલેથી ન અટકાવે?

(૪) દયાળુ ઇશ્વર પાપની સામગ્રી કેમ આપે છે?

(૫) ઇશ્વરે સૃષ્ટિ સર્જી તો અમુક વખતે જ કેમ સર્જી, અને

(૬) સૃષ્ટિની પ્રારભમા જ જીવોને ઉંચા-નીચા સ્થ ન કેમ આપ્યા?

આ બધી સમસ્યાઓનો ઉકેલ કર્મવાદમા જ મળી શકે છે તેથી જ જગત્કર્તૃત્વ ઇશ્વરનુ ખોટુ છે, કર્મનુ સાચુ છે અર્થાત્ ખરેખરી રીતે કર્મ એ જગત્નાં છે, પણ નહિ કે ઇશ્વર ઉકેલ આ મુજબ છે

ઈશ્વર પર પ્રશ્નોના ખુલાસા —

(૧) પાકમા નાના મોટા દાણા થાય છે ત્યા દરેક દાણો એ કોઇને કાંઈ જીવનુ શરીર છે, અર્થાત્ દાણા એ જુદા જુદા જીવે ધારણ કરેલા શરીર છે એમના દરેકના કર્મ જુ ા છે, તેથી શરીર નાના-મોટા વગેરે જુદી જુદી સ્થિતિવાળા બને છે

(૨) વીતરાગ પરમાત્મા જગતદયાળુ છે, તે નિષ્પ ક્ષપાતપણે હિતનો માર્ગ બતાવનાર તરીકે અને પોતાનુ અનત સુખદાયી અચિન્ત્ય શક્તિવાળુ જે સ્વરૂપ તેનુ આલબન આપનાર તરીકે દયાળુ છે તેથી એમને બીજી દયા કરવાની નથી તેમ એ વીતરાગ છે તેથી એમને શિક્ષા કરવાની ય નથી, અને ઈનામ પણ

આપવાનુ નથી તેમ એ કૃતકૃત્ય છે, તેથી બીજાના ય સ સારની ખટપટમા એમને પડવાનુ નથી ઇશ્વરની દરમિયાનગીરી ન હોય, છતા અજ્ઞાનવશ ગુનો કરનાર જીવને ગુનાના પ્રમાણુમા સર્જાયેલા કર્મ જે ફળ-ભોગ આપે છે, એને કોણુ અન્યથા કરી શકે ? દા ત માતા સજા કરવા ન જાય તો ય તોફાન કરતા પડ નાર બાળકને વાગવાની સજા થાય જ છે

(૩) જીવ નવા ગુના કરે છે તેમા એક કારણુ એનો નવો અસત્ પુરુષાર્થ (યોગનુ વીર્ય) છે, અને બીજુ કારણુ એવા સ યોગ સ્થિતિમા મૂકનારા એના પૂર્વના કર્મ છે તેથી જ જગત્કર્તા ઇશ્વર નપુ સક ઠરે છે અને વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એવા અસ ત્પુરુષાર્થથી બચાવી લેવા જીવોને સદ્ધર્મ અને તત્ત્વો ઉપદેશી મહાન ઉપકાર કરે છે

(૪) કર્મવાદમા કોઇ અમૂક કાળ પહેલા કશુ જ નહોતુ અને પછી એકાએક સૃષ્ટિ બની, એવુ નથી, પણ અનાદિ કાળથી કર્મની સાથે બીજા બીજા કારણો હોવાને લીધે, અમુક દૃષ્ટિએ નિયત અને અમુક દૃષ્ટિએ ચિત્ર વિચિત્ર જગત ચાલ્યુ આવે છે અર્થાત્ જીવો તેવા તેવા પૂર્વકર્મના હિસાબે અહીં જન્મતા પૃથ્વી, પાણી, તેજ, વાયુ,

વનસ્પતિ કીડા, ઢોર મનુષ્ય વગેરેના શરીર બનાવે છે અને કર્મના હિસાબે સામગ્રી મસ્કારો અનુભવતા નવા કર્મ ઉપાર્જે છે, તેથી પાછા નવા જન્મ પામે છે આમા પૂર્વ પૂર્વનુ વિચારવા જતા જીવમા અના દિનો કર્મસબધ યુક્તિયુક્ત ઠરે છે તેથી જ જગત પણ અનાદિસિદ્ધ ઠરે છે

આમ કર્મવાદથી જગતનુ સચાલન સમજાવા સાથે સ્વજીવનમા પણ સુખદુ ખ, માન-અપમાન યશ-અપયશ વગેરે અનેકાનેક બાબતોના સમાધાન મળે છે એવા કર્મવાદમા દરેક કર્મ કેવી કેવી રીતે બધાય, ભોગનાય વગેરે ઝીણવટથી કહેનાર શ્રી અરિહત પરમાત્માનો કેટલો અગાધ અપરપાર ઉપ કાર ! કોટિકોટિ નમન હો એ ત્રિલોકનાથ સૂર્યને !

ચૌદ ગુણસ્થાનકે આત્મઉત્ક્રાન્તિક્રમ —

આનો વિશિષ્ટ સિદ્ધાન્ત પણ શ્રી સર્વજ્ઞ જિનેશ્વરદેવના ઘરમા જ છે ઉત્ક્રાન્તિ એટલે ઊચી ઊચી ભૂમિકાએ ચઢવુ તે શ્રી જિનેન્દ્રના શાસનમા ઉત્ક્રાન્તિના **ચૌદ ગુણસ્થાનક** છે એમા વિશ્વભરના લગભગ સઘળા જીવો પહેલે **'મિથ્યાત્વ'** ગુણસ્થાનકે છે એમા જેનુ મિથ્યાત્વ મદ પડ્યુ છે, જે ચરમ પુદ્ગલ પરાવર્ત કાળમા આવ્યો છે, અને મુમુક્

શુદ્ધિકારક મોક્ષરુચિ, ભવદ્દુખ, પાપભય, અપુનર્બંધકતા, વગેરે ગુણો જેને પ્રગટ થયા છે, તેના એ ગુણોની અપેક્ષાએ મિથ્યાત્વ અવસ્થાને પણ 'ગુણસ્થાનક' કહેવાય છે એ પછી આગળ ચોકસ પ્રકારના શમ-સવેગાદિ, સમ્યકત્વ-દેશવિરતિ આદિ ગુણોથી આત્મામા અમુક અમુક જાતની વિશુદ્ધિ આવતી જાય છે, તેમ તેમ ઉપર ઉપરના ગુણસ્થાનકે આત્મા ચઢતો જાય છે, ત્યા સુધી કે અતે ચૌદમા ગુણસ્થાનકની પરાકાષ્ઠાએ પહોચીને જીવ મોક્ષ પામે છે આત્મામા મિથ્યાત્વ વગેરે અમુક જાતના ચોકસ દોષો છે (એનુ વર્ણન નીચે છે) એથી સમયે સમયે આત્મા કર્મથી બધાય છે એ દોષોની ઓછાશ થતા થતા ઉચા ઉચા ગુણસ્થાનક પામી શકાય છે જે અવસ્થામા મિથ્યાત્વ દોષ ઉદયમા નથી પણ અનતાનુબધી કષાય ઉદયમા છે, ત્યા 'સાસ્વાદન' નામનુ બીજુ ગુણસ્થાનક હોય છે મિથ્યાત્વ સાથે જ્યા અનતાનુબધી નામના પહેલા અતિ ઉગ્ર કષાયનો ઉદય પણ ટળે છે, અને છતા તત્ત્વ ઉપર હજી આ કપણ નથી જાગ્યુ, તેમ એના પ્રત્યે અરુચિ ય નથી, ત્યા ત્રીજુ 'મિશ્ર ગુણસ્થાનક' છે સર્વજ્ઞોક્ત તત્ત્વરુચિ જાગતા 'સમ્યકત્વ' નામનુ ચોથુ ગુણ૦ પમાય છે એમા ય વળી બીજા નબરના ઉગ્ર કોટિના અપ્રત્યાખ્યાનીય

કષાયનો ઉદય ટળે છે ત્યારે શ્રાવકના બાર પૈકીના વ્રત લેતા પાચમુ 'દેશવિરતિ' ગુણસ્થાનક આવે છે, ત્યાર મધ્યમ પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય ટળી સર્વવિરતિભાવ પ્રાપ્ત થતા છઠુ 'પ્રમત્ત' (સયત) નામનુ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે હજી પ્રમાદ હોવાથી 'પ્રમત્ત' કહેવાય છે પછી પ્રમાદ ટળતા 'અપ્રમત્ત' નામનુ ૭મુ એમ દોષો ટળતા, ને ગુણજન્ય આત્મશુદ્ધિ તથા ધ્યાનધારા વધતા ઉપર ઉપરના ૮-૯-૧૦મા ગુણસ્થાનક 'અપૂર્વકરણ'-'અનિવૃત્તિ'-'સૂક્ષ્મસપરાય' નામે પ્રાપ્ત થાય છે દશમા ગુણસ્થાનકના અતે કષાયનો તદ્દન અનુદય થાય છે ત્યારે આત્મા વીતરાગ બને છે એ જો કષાયને તદ્દન શાન્ત કરીને હોય તો ૧૧મે 'ઉપશાત મોહ' કહેવાય છે, અને તદ્દન નાશ કરીને હોય, તો ૧૨મે 'ક્ષીણ મોહ' વીતરાગ કહેવાય છે બારમા ગુણ૦ ને અતે સર્વથા અજ્ઞાનાદિ ટળી, ૧૩મા ગુણસ્થાનકના પહેલા સમયે આત્મા સર્વજ્ઞ કેવળજ્ઞાની 'સયોગી કેવળી' બને છે ત્યા હજી વચન-કાયાની અને કવચિત દ્રવ્યમનની પ્રવૃત્તિરુપ યોગ છે, તેથી 'સયોગી' કહેવાય છે આયુષ્યની સમાપ્તિ અને મોક્ષગમનના પાચ હ્રસ્વોચ્ચારણ જેટલા સમય પૂર્વે એ મન-વચન-કાયાના બાદર અને સૂક્ષ્મ યોગનો [

શૈલેશ (મેરૂ) જેવા બનેલ આત્માને ૧૪મુ 'અયોગી કેવળી' ગુણસ્થાનક લાધે છે ત્યા અ તે સર્વ અઘાતી કર્મનો ક્ષય થઈ તરત જ પરમપદ-મોક્ષની અવસ્થા પ્રગટે છે, જે હવે શાશ્વતકાળ માટે ટકે છે આ ગુણસ્થાનકો અ ગે પણ મહાવિસ્તૃત સૂક્ષ્મતાભર્યો અને અનેક અવાન્તર વિષયોથી ભરચક વિચાર સર્વજ્ઞના શાસ્ત્રોમા કરવામા આવ્યો છે, અને એમજ ઉત્ક્રાતિની નિસરણીએ ચઢતા ચઢતા ઠેઠ મોક્ષ અવસ્થાએ પહોચી શકાય છે

વિશિષ્ટ કોટિનો બ ધહેતુનો સિદ્ધાન્ત સ સારી આત્મા અનાદિકાળથી **કર્મના બ ધનથી** બ ધાયેલો છે, તેથી જ એ અનાદિકાળથી સ સાર અર્થાત્ સ સરણ કરી રહ્યો છે, ભિન્ન ભિન્ન યોનિઓમા ભ્રમણ કરી રહ્યો છે આ **કર્મબ ધન** ચોક્કસ પ્રકારના હેતુઓથી ચોક્કસ રૂપમા થાય છે એ હેતુઓ મુખ્ય પણે મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ એમ ચાર પ્રકારે અથવા એમા **'પ્રમાદ'** ભળીને પાચ પ્રકારે છે **મિથ્યાત્વ=**અતત્ત્વને તત્ત્વ માનવુ તે **અવિરતિ=**હિંસાદિ પાપો પ્રતિજ્ઞાપૂર્વક બ ધ ન કરવા તે **કષાય=**ક્રોધ – માન-માયા-લોભ – હાસ્ય-શોક વગેરે **યોગ=**મન-વચન-કાયાની પ્રવૃત્તિ આમા પહેલો હેતુ જે મિથ્યાત્વ, એના અનાભોગિકાદિ પાચ,

લૌકિકાદિ છ,-એવા ખાસ ખાસ પ્રકારો છે, અને એથી ચોકસ પ્રકારના કર્મનો બધ અવશ્ય થાય છે એ વસ્તુ તથા એનો વિસ્તૃત વિચાર શ્રી સર્વજ્ઞ પરમાત્માના શાસનમા જ વર્ણવાયો છે બીજાને તો મિથ્યાત્વના પ્રકારો અને એના સ્વરૂપની તથા એથી કેવી કેવી જુદી પરિસ્થિતિમા એટલે કે પૃથ્વીકાયાદિ એકેદ્રિય જીવો, દ્વીન્દ્રિયાદિ જીવો અને પચેન્દ્રિય જીવોના ચાર પ્રકારોમા કેવા કેવા કર્મના પ્રકારો બધાય છે એની કશી ખબર નથી ત્યારે બીજો અવિરતિ નામનો હેતુ અને એના પ્રતિપક્ષી તરીકેનો ગુણ જે 'વિરતિ' એ પણ તત્ત્વ શ્રી સર્વજ્ઞ ભગવાનની દૃષ્ટિમા જ છે

વિશિષ્ટ વિરતિવાદ —

બીજાઓ તો કહેશે કે પાપકાર્ય સેવીએ તો પાપ લાગે, તો અશુભ ભાગ્ય ઉપાર્જાય, ન સેવીએ તો કાઈ નહિ ત્યારે જૈન શાસન કહે છે કે ભલે પાપ કાર્ય સેવો નહિ, છતા જ્યાસુધી એના ત્યાગની પ્રતિજ્ઞા અર્થાત્ વિરતિ લઇ અનાદિ કાળથી ચાલી આવતી પાપ-કાર્ય સાથેની આત્માની આતરિક છેડા ગાઠ (અ-વિરતિ) ન ત્યજાય, ત્યાસુધી પણ અશુભ કર્મ આત્મા પર બધાવાનુ બને છે આમા યુક્તિ અને કારણ પણ છે પાપ ન સેવવા છતા, તેમ સેવવાનુ સારૂ ય ન લાગવા છતા, જો મન



પણ એ **પાપ સેવવાની અપેક્ષા છે,** તો તેથી તો પાપ-ત્યાગની પ્રતિજ્ઞામા ન આવતા છૂટા રહેવુ ગમે છે તેથી એ ભાવી પાપ-કાર્યની અપેક્ષા ઉપર કર્મબધનો થાય એ સહેતુક છે અથવા અજ્ઞાનતાના કારણે જ જો એ પ્રતિજ્ઞા નથી, તો એ પણ જીવની નબળાઇ છે, અને એથી ય ધરખમ કર્મના બધન આત્મા પર લદાય છે આ સિદ્ધાન્ત અવિરતિ-વિરતિવાદનો છે દા ત જિંદગીમા તમે દારૂ પીધો નથી, તેમ પીવાનુ પસદ પણ નથી કરતા, છતા જો 'જિંદગીભર દારુનો સર્વથા ત્યાગ' એવી પ્રતિજ્ઞા કરવાનુ કહેવામા આવે, તો કેમ પાછા હઠો છો? મનને એમ થાય છે ને કે 'દારૂ પીવો તો નથી, પણ કદાચ કયારેક દવા તરીકે પીવાનો પ્રસગ આવે તો શુ થાય? તેથી પ્રતિજ્ઞા તો ન કરવી, '-આવુ થાય છે ને? તો એટલી પણ કયારેક પાપ કરવાની દિલમા જે અપેક્ષા રહી એ પણ અવિરતિ નામનુ બધ-સ્થાનક છે! એવા અનેકાનેક પાપના અને પાપસાધનોના હિસાબે ઘોર અવિરતિ નામનો દોષ આત્મામા ઉભો રહ્યાથી થોકબધ કર્મબધ થાય છે માટે જ એ ટાળવા વિરતિ નામનો ગુણ અતિ જરૂરી છે અહીં એક ખૂબી એ છે કે કોઇએ અવિરતિ ટાળવા હિંસાદિ પાપ-ત્યાગની પ્રતિજ્ઞા લીધી પણ હજી એનામા ને મિથ્યાત્વ ઉભુ

છે તો ખરી રીતે એ અવિરતિવાળો જ છે, વિરતિનુ ગુણસ્થાનક એને નથી મળ્યુ એવુ જ ક્રોધાદિ કષાયો અગે સમજવુ કષાયોનો ત્યાગ પણ મિથ્યાત્વ જવા ઉપર અને અવિરતિ જવા ઉપર છે નહિતર તો બહા રથી તેવા કષાયો હોવાનુ ન દેખાતુ હોય, બહારથી તો ક્ષમાદિ ગુણ જણાતા હોય, છતા ય વસ્તુત અતર્ગત એ છાર્થી ભા'લા અગ્નિ જેવા કષાયોવાળો જ છે શ્રી સર્વજ્ઞ પ્રભુના વચનથી જ આ બધુ નક્કી થઈ શકાય છે અરિહત પ્રભુએ જો આ વિરતિમાર્ગ ન બતાવ્યો હોત તો જીવ કેવો ફોગટીયા કર્મથી બધાયો રહેત? ગૃહસ્થનો દેશવિરતિ ધર્મ અને સાધુનો સર્વ વિરતિ ધર્મ બતાવીને જ ઉપરના ગુણસ્થાનકોએ યાવત્ મોક્ષે ચઢાવવાનો અનત ઉપકાર એક માત્ર સર્વજ્ઞ શ્રી અરિહત પરમાત્માએ જ કર્યો છે

૫ ચાસ્તિકાય અને ષડ્દ્રવ્ય —સર્વજ્ઞ પરમાત્મા શ્રી તીર્થંકરદેવો કહે છે કે જગત એટલે ગુણપર્યાય વાળા છ દ્રવ્યોનો સમૂહ છે, અને જગતનુ સચાલન (Working) એટલે તે દ્રવ્યોની પલટાતી અવસ્થા ઓ છે, પલટાતા પર્યાયો છે છ દ્રવ્યોમા જીવ, પુદ્ગલ, આકાશ, ધર્મ, અધર્મ, કાળ આવે છે એમ કાળ સિવાયના પાચ દ્રવ્યોને અસ્તિકાય કહેવાય છે કેમકે એમા અસ્તિનો કાય છે, અર્થાત્

સમૂહ છે ત્યારે કાળ તો ગમે ત્યારે એક સૂક્ષ્મ સમય રૂપ જ મોજુદ મળશે, વધારે નહિ પચાસ્તિકાય પૈકી આકાશના લોક અને અલોક બે ભાગ છે તેમા લોકાકાશ જે અસખ્ય યોજનોપ્રમાણ છે, માત્ર એમા જ બીજા દ્રવ્યો રહે છે અલોકાકાશમા કાઈજ નથી એ માત્ર ખાલી જગાસ્વરૂપ છે, અને પ્રમાણમા અનત છે એકનયે કાલ સિવાયના પાચ અસ્તિકાય જ દ્રવ્ય છે

ઉત્પાદવ્યયધ્રૌવ્યનો સિદ્ધાન્ત —ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યયુક્ત હોય તે જ સત્ કહેવાય, આ જૈનદર્શન જ કહે છે સત્નુ આ લક્ષણ જ સાચુ છે કેમકે દ્રવ્ય દ્રવ્યપણે કાયમ રહીને ભિન્ન ભિન્ન પર્યાયો (અવસ્થાઓ) રૂપે ઉત્પન્ન થાય છે, ને નાશ પામે છે, પૂર્વ પર્યાયરૂપે નાશ પામી તે જ વખતે નવીન પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે પર્યાયો દ્રવ્યથી કાઈ એકાન્તે જુદી વસ્તુ નથી, પણ પૂર્વે કહ્યુ તેમ ભિન્નાભિન્ન છે એમા અભિન્નતાની અપેક્ષાએ દ્રવ્ય એ પર્યાયરૂપ કહેવાય, તેથી પર્યાયની ઉત્પત્તિએ દ્રવ્યની ઉત્પત્તિ, અને પર્યાયના નાશે દ્રવ્યનો નાશ કહેવાય આમ દરેકે દરેક દ્રવ્યમા સમયે સમયે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એક સાથે રહે છે છેવટે દરેક દ્રવ્યનો સમય પર્યાય તો પલટાયા જ કરે છે, એ હિસાબે

ધ્રુવ દ્રવ્યના દોરા પર સમયે સમયે ઉત્પાદ-વ્યયના મણકા છે જ આ જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તને સત કહેવાય છે, તેથી જ એ સાચુ છે કે સતનો અત્યત નાશ નથી થતો તેમ અત્યત અસતની કદી ઉત્પત્તિ નથી થતી મુખ્ય ધ્રુવ વસ્તુ ઉપર જ ઉત્પાદ વ્યય ગોઠ વાય છે નૈયાયિક વગેરે બીજાઓ પણ એક બાજુ સતનો અત્યત નાશ નહિ, અત્યત અસતની ઉત્પત્તિ નહિ, ,આ સિદ્ધાન્ત માનવા છતા, બીજી બાજુ એકમા જ એકી સાથે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની વ્યવસ્થા માનતા નથી, તેથી એમનો સિદ્ધાન્ત પોકળ ઠરે છે, એટલે જ એમના દ્રવ્યો અને એમના તત્ત્વો પણ વાસ્તવિક નહિ પણ માત્ર કાલ્પનિક ઠરે છે ઉત્પત્તિ-વિનાશ-ધ્રુવતાની મહાસત્તા ઠેઠ પરમાણુથી માડી મોટા મેરૂ તથા લોકાકાશ તો શુ, પણ સમસ્ત અલોક પર પણ વ્યા પેલી છે એનુ સાર્વત્રિક ભાન માનવીના મદ, શોક, મમત્વ, દીનતા, રાગ-દ્વેષ વગેરેને ઓગાળી નાખે એમ છે પચાસ્તિકાયના અનત પર્યાયો છે એ દ્રવ્ય-પર્યાયોની વિચારણા અને ધ્યાન ઠેઠ સર્વોચ્ચ શુક્લધ્યાન સુધી લઈ જઈ કેવળજ્ઞાન-સર્વજ્ઞતાએ પહોચાડવા સમર્થ બને છે આ પ્રકાશનાર દાતાર શ્રી સર્વજ્ઞ અરિહત પરમાત્માનો કેવો અને કેટલો બધો અનત ઉપકાર !!! વિચારો કે જો પરમાત્મા-આ આ

અનંત પર્યાયોના બતાવનારને બદલે બનાવનાર હોત તો જગતને દુઃખના પર્યાયોની કેવી મહાન ભયંકરતા બક્ષનાર ગણાત ?

સાત તત્ત્વ:—પરમાત્માએ શ્રેષ્ઠ એવા મોક્ષ-પુરુષાર્થની દૃષ્ટિએ જ્ઞેય-હેય-ઉપાદેય એમ ત્રણ પ્રકારના તત્ત્વ કહ્યા છે. એમાં જ્ઞેય તત્ત્વનું માત્ર જ્ઞાન કરવાનું, અર્થાત્ એના જ્ઞાનથી રાગ-દ્વેષ ન થવા દેતા એ જ્ઞાનને હેય તત્ત્વ તજવામાં અને ઉપાદેય તત્ત્વ આદરવામાં ઉપયોગી બનાવવાનું છે. અહીં જ્ઞેયમાં 'જીવ' અને 'અજીવ' એમ બે તત્ત્વ છે. હેયમાં 'આસ્રવ' અને 'બંધ' નામના બે તત્ત્વ તથા ઉપાદેયમાં 'સંવર' 'નિર્જરા' અને 'મોક્ષ' એમ ત્રણ તત્ત્વ છે. આ રીતે કુલ સાત તત્ત્વ થાય છે. આમાં પુણ્ય અને પાપને 'બંધ'માં સમાવેશ ન કરતા, જુદા ગણવામાં આવે તો 'નવ તત્ત્વ' પણ કહેવાય છે. **બંધ**=આત્માનું કર્મથી બંધાવું તે. **આસ્રવ**=કર્મબંધના કારણો. **સંવર**=કર્મબંધ અટકાવવાના ઉપાય. **નિર્જરા**=કર્મનો ઘસારો. **મોક્ષ**=સર્વ કર્મનો ક્ષય થઈ સંસાર ટળવા પૂર્વક આત્માને થતી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ. આ તત્ત્વજ્ઞાનને એ પરમદયાલુ શ્રી અરિહંત પરમાત્માએજ આપેલું છે, અને એ જ સાચું છે. એમાં સમસ્ત શાસ્ત્રજ્ઞાન સમાઈ જાય છે. હવે અહીં

પૂર્વે નયવાદ કહ્યો છતા સાત નયના નામ માત્ર આપેલા હતા તેનુ સ્પષ્ટીકરણ જરૂરી છે

સપ્ત નય —નય=વસ્તુ સ્વરૂપને ઓળખવા ને ભિન્ન ભિન્નરૂપે જાણવા માટેની દૃષ્ટિ મુખ્ય દૃષ્ટિબિંદુ સાત છે નૈગમ, સ ગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, સાપ્રત (શબ્દ), સમભિરુઢ, અને એવ ભૂત આમા નૈગમદૃષ્ટિ અનેકાનેક પ્રકારે વસ્તુના સામાન્ય સ્વરૂપને અને વિશેષ સ્વરૂપને જુએ છે, તો સ ગ્રહદૃષ્ટિ માત્ર સામાન્યને, અને વ્યવહારદૃષ્ટિ માત્ર વિશેષને જ મુખ્ય માને છે ઋજુસૂત્ર વળી ઉપયોગીને માનનાર હોવાથી પોતાની જ અને વર્તમાન જ સ્થિતિ જુએ છે ત્યારે સાપ્રત (શબ્દ) દૃષ્ટિ વસ્તુના નામ પર જાય છે, અને નામના પુલ્લિંગ સ્ત્રીલિંગ, એકવચન-દ્વિવચન વગેરેના ભેદે વસ્તુ ભિન્ન માને છે એથીય સૂક્ષ્મ એવો સમભિરુઢ નય તો કહે છે કે નામની વ્યુત્પત્તિવાળો અર્થ જે વસ્તુમા ઘટે, તે જ વસ્તુ તે નામવાળી છે દા ત દેવોનો સ્વામી તે જ ઇન્દ્ર છે પરતુ કોઈ મનુષ્યનુ નામ ઈન્દ્ર પાડ્યુ હોય, તો તે કાઇ સાચુ નથી સૌથી સૂક્ષ્મનય એવ ભૂતની દૃષ્ટિ એવી છે કે વ્યુત્પત્તિઅર્થ પણ વસ્તુમા જે વખતે ઘટતો હોય અર્થાત્ મોજુદ હોય તે જ વખતે તે નામવાળી તે વસ્તુ છે એમ માનવુ એટલે કોર્ટ-બ ધ થતા ન્યાયની ખુરસી

હો, છતા એને રાજા' કહેવામા અસત્ય ભાષણ નથી, સત્ય ભાષણ છે વસ્તુને તે રૂપે કહે તે સત્ય ભાષણ, તો નામ પણ વસ્તુનુ સ્વરૂપ છે, એમ માનવુ જ જોઇએ એટલે જ એ પણ એક રાજા વસ્તુ જ છે એમ રાજાના ફોટાને પણ રાજા જ કહેવાય છે, એટલુ જ નહિ પણ બજાર વચ્ચે રાજાના ફોટાને કોઈ તિરસ્કારમા બાળે-કરે તો એને ખુદ રાજાનો તિરસ્કાર કરનારો ગણી સજા થાય છે આમ ફોટો, ચિત્ર, આકૃતિ પણ રાજા છે,—સ્થાપના રાજા છે વળી સવારીમા કે દરબારે સિંહાસન પર બેઠેલો, ચામરે વીંઝાતો, મ ત્રી આદિના પરિવારવાળો એ ભાવરાજા છે એનામા રાજા શબ્દનો બરાબર ભાવ (અર્થ) છે ત્યારે એનો એ રાજા સવારી કે સિંહાસનેથી ઉતર્યા પછી દ્રવ્ય રાજા છે, એ ભાવરાજાનુ ઉપાદાનદ્રવ્ય છે, મુખ્ય કારણ છે. એમ જિન (તીર્થ કર)ના પણ ચાર નિક્ષેપા—નામ જિન, સ્થાપના જિન, દ્રવ્ય જિન, ભાવ જિન વળી કેટલાક પદાર્થમા તો ચારથી વધારે પણ વિભાગ (નિક્ષેપો) પડી શકે છે જેમકે, સ ચોગમા નામસ ચોગાદિ આ ચાર ઉપરાત ક્ષેત્રસ ચોગ, કાળ સ ચોગ, એમ પણ વધારે નિક્ષેપા છે તેથી જ કહેવાય છે કે મુ બઇમા બેતી માટે સ ચોગ નથી અર્થાત્ ક્ષેત્રસ ચોગ નથી એમ ચોમાસામા કેરી માટે

સયોગ નથી, અર્થાત્ કાળસયોગ નથી. તેમજ દેવ-પણામા ચારિત્ર માટે સયોગ નથી એટલે કે ભવ-સયોગ નથી નિક્ષેપાના જ્ઞાનથી પદાર્થનો ઉંડા અભ્યાસ અને વિવેક થઈ શકે છે આ બતાવનાર અરિહત નાથનો કેવો મહાન ઉપકાર!

અનુયોગ અનુયોગ દ્વાર — અનુયોગ=પદાર્થનુ વ્યાખ્યાન અનુયોગ દ્વાર=વ્યાખ્યાન કરવાના રસ્તા વ્યાખ્યાનરૂપી નગરમા પેસવાના દરવાજા અનુયોગ ચાર પ્રકારે છે-**દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ.** શ્રી સર્વજ્ઞ પરમાત્માનુ સકલ વાઙ્મય (સાહિત્ય) આ ચાર અનુયોગમા વહેચાયેલુ છે એમા દ્રવ્યાનુયોગ એટલે ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય સબધી નિરૂપણ એમા બધુ તાત્ત્વિક વિવેચન આવે છે એનો વિચાર અતિવિસ્તૃત અને સૂક્ષ્મતાભર્યો છે, તથા અનુત્તરવાસી દેવો ગીત નૃત્યાદિને બદલે દ્રવ્યાનુયોગાદિ તત્ત્વના ચિંતનમા મસ્ત રહી અસખ્ય વર્ષો વીતાવે છે એ શુકલધ્યાન માટે ખાસ ઉપયોગી છે એટલુ જ નહિ પણ દ્રવ્યાનુયોગના ચિંતનમા માણસ એવો લયલીન બને છે કે જ્યાથી દોષો અને વિકારો દૂર ભાગી જાય છે, દુખ અને ચિંતા ભૂલાઈ જાય છે, નવા પાપ અને કુવાસનાઓના બધનથી બચી છે

ચરણકરણાનુયોગમા ઉત્તમ પ્રવ્રજ્યા માર્ગ, સર્વ ચારિત્ર દેશચારિત્ર અને એના ઉત્તર ગુણોનો માર્ગ, ભૂલોના પ્રાયશ્ચિત્તોનો ને વિસ્તાર, ઉત્સર્ગ–અપવાદનો વગેરે ઘણો વિસ્તાર આવે છે ગણિતાનુયોગ, ધર્મકથાનુ યોગનો અર્થ સમજાય એવો છે

કોઈ પણ અનુયોગમા પેસવા માટે ઉપક્રમ નિક્ષેપ, અનુગમ અને નય એ ચાર દ્વાર છે ઉપક્રમ=ઉપો દ્ઘાત, અનુગમ=સૂત્ર અને એના વિવેચનરૂપ નિર્યુક્તિ સાથે અર્થનો સબધ જોડી આપવો તે નિક્ષેપ અને નયના અર્થ ઉપર કહેવાઈ ગયા છે આ ચારેય દ્વારા વ્યવસ્થિત સુદર અનુયોગ પામી શકાય છે

પ્રકરણો —પ્રકરણ=જુદા જુદા વિષય સર્વજ્ઞ શ્રી જિનેશ્વરદેવની વાણીએ વિશિષ્ટ કોટિના અનેક પ્રકરણો પર એવા વિશાળ અને સૂક્ષ્મ પ્રકાશ પાથર્યો છે, કે (૧) વર્તમાન કેટલીક પ્રયોગથી ઉપજાવાતી વૈજ્ઞાનિક શોધો પણ જેને અનુકૂળ ઉતરે છે, આધુ નિક સાબિતિ રૂપ થતી આવે છે, તેમજ (૨) વર્ત માન ભૌગોલિક કે ખગોળ સબધી કે બીજી માન્ય તાની ખામીઓનો જે બરાબર રદીયો પણ આપે છે, તથા (૩) જગતમા દુર્લભ એવા પદાર્થ–વિજ્ઞાનના દાન કરે છે દા ત

(૧) જૈન આગમમા આવે છે કે જલની વાયુ

ાનિ હોય છે તો આજના વિજ્ઞાને પણ શોધી કાઢ્યુ
છે કે H_2° હાઇડ્રોજન વાયુ બે ભાગ અને ઓક્
સીજનવાયુ એક ભાગ ભેગા થવાથી પાણી બને છે એમ
(૨) જિનાગમ કહે છે કે શબ્દ પુદ્ગલ છે, વિજ્ઞાન
શબ્દની રેકર્ડ પર અસર લે છે ન્યાયશાસ્ત્ર શબ્દને
ગુણ માને છે શબ્દ એ ગુણ નહિ પણ ખુદ પુદ્ગલ
દ્રવ્ય હોય તો જ બીજા દ્રવ્ય પર અસર કરી શકે
એવી રીતે (૩) જિનાગમ કહે છે કે દરેક પુદ્ગલમાથી
તેવા તેવા છાયા પુદ્ગલો નીકળે છે, ત્યારે વિજ્ઞાને
ફોટો લેવાનુ શોધ્યુ, એ આ છાયા પુદ્ગલોની
સાબિતિ રૂપજ છે એમ (૪) વનસ્પતિમા જીવ છે
એ જે વસ્તુ જિનવાણી અસખ્ય અનત કાળથી
કહેતી આવી છે એ વર્તમાનમા જગદીશચદ્ર બોઝે
પ્રયોગથી સાબિત કર્યું અહીં એક પ્રશ્ન એ થાય કે

પ્ર૦ —તો પછી જિનાગમે વસ્તુ કહેવા સાથે
એની આધુનિક જેવી સાબિતઓ અને એના કાર્ય
કેમ ન બતાવ્યા ?

ઉ૦ —પણ એનો ઉત્તર એ છે કે એમ કરવામ
જીવોની હિંસા થાય આરભ-સમારભ થાય, તથા જગ
તનો જડનો મોહ વધી જાય, માટે એ ન બતાવ

(૨) આધુનિક વિજ્ઞાનમા ઉભી થતી

પણ જિનાગમના પ્રતિપાદનોમા ઉભી નથી થતી દા ત વિજ્ઞાને પૃથ્વીને ગોળ માની, તો પ્રશ્ન એ થાય કે (૧) નીચેના અર્ધ ગોળા પર લોકવ્યવહાર કેવી રીતે હોય? (૨) તથા અમુક ગોળાર્ધ નીચેનો, ને અમુક ઉચેનો,-એ વ્યવસ્થા શી રીતે નક્કી થાય? કેમકે ગુરુત્વાકર્ષણના નિયમથી બધે જ પૃથ્વી પગ નીચે છે, અને આકાશ મસ્તક પર રહે છે એ આખા ગોળા પર સર્વત્ર સરખુ છે, પછી નીચે ઉચેનો ભેદ શી રીતે? જૈનમતે તો પૃથ્વી સપાટ હોવાથી આ આપત્તિ જ નથી વળી 'સૂર્ય સ્થિર અને પૃથ્વી ફરતી'ના નવા વિજ્ઞાનને પ્રશ્ન છે કે (૩) પૃથ્વી પોતાની ધરી ઉપર પણ ફરતી રહીને સૂર્યને પણ પ્રદક્ષિણા દેતી ફરે એ કેમ બને? બે સ્વરૂપમા સતત ફરવાનુ ન બને ભમરડો પણ પટકાવાના વેગના હિસાબે જરાક આગળ વધી પછી એક જ સ્થાને સ્થિર થઈ ખીલી પર ફર્યા કરે છે વળી (૪) સૂર્યની પૂર્વ કે પશ્ચિમમા ફરે ત્યારે તો સૂર્ય કિરણો ક્રમશ પૃથ્વીના ભાગો પર રેખાશ પ્રમાણે આવ્યા કરે પરતુ સૂર્યને પ્રદક્ષિણા દેતા ખૂણામા કે ઉત્તર-દક્ષિણે પૃથ્વી આવે ત્યા ધરી પર ફરતી પૃથ્વીને સૂર્યકિરણો કેવી દિશાથી મળે? ને કેવી રીતે વ્યાપી શકે? ... સ્ત સમયે

સૂર્ય લાલ કેમ દેખાય છે? જૈનદર્શન તો શિખવે છે કે સૂર્ય મેરુની આસપાસ ફરે છે, એમા ઉદય-અસ્ત સમયે લાલ નિષધ પર્વતના છેડા પર એ હોય છે, તે વખતે એ પર્વત પર પડેલા કિરણોથી ઉઠતા લાલ પ્રતિપ્રકાશ (Reflection) ની વચમાથી આપણને સૂર્યદર્શન થાય છે, તેથી સૂર્ય લાલ જણાય છે (૬) આજના વિજ્ઞાનમા પુદ્ગલ (Matter) થી જુદી આત્મા જેવી વસ્તુ નથી, તો પછી એને તો પૂર્વ જન્મ પણ ન હોય, તો વર્તમાનમા ય જે કોકને પૂર્વ જન્મનુ સ્મરણ થાય છે, અને તે પ્રત્યક્ષ મળતુ આવે છે એ કેમ બની શકે? જૈન શાસન તો આત્મવાદી હોવાથી આનુ સમર્થક છે

(૩) ત્યારે જગતમા દુર્લભ એવા જે પદાર્થોના પ્રકાશ શ્રી જિનેશ્વરદેવોએ પાથર્યા છે, તેમાના કેટલાક પૂર્વે સિદ્ધાન્તના તથા પદાર્થના વિભાગમા દર્શાવ્યા છે એમા જ અવાન્તર વિષયોમા જીવો સબધી વિસ્તૃત વિચાર, પુદ્ગલમા ઔદારિક-વૈક્રિય-આહારક તેજસ-ભાષા-શ્વાસોશ્વાસ-મન-કાર્મણ વર્ગણાઓ, કર્મબધના સૂક્ષ્માતિસૂક્ષ્મ વિવિધ કારણોનો વિચાર, સમસ્ત લોક-સસ્થાનનો વિચાર, વિશિષ્ટ-મન્ત્ર-તન્ત્ર વગેરેનો વિચાર તેમજ આગળ ઉપર કહેવાશે તે યોગ-ધ્યાન-જ્ઞાન-તપ-વિરતિ વગેરેનો

શ્રેષ્ઠ પ્રશસ્ત અને પૂજ્યપદે રહેનાર તે પરમેષ્ઠી કહે
વાય પ્રથમ પરમેષ્ઠી શ્રી અરહંત પરમાત્મા પોતે છે
એમના અરહંત, અરિહંત, અરુહંત એમ સરખા
જેવા નામ છે બીજા પણ જિનેન્દ્ર, પારગત, ત્રિકાલ
વિદ્, સાર્વ, તીર્થંકર, વગેરે નામો છે અરહંત એટલે
અષ્ટ મહાપ્રાતિહાર્યાદિની પૂજાને યોગ્ય અરિહંત
એટલે આંતર શત્રુને હણનારા અરુહંત એટલે જેમ
નામા સંસારબીજ એવા બળી ગયા છે કે જે હવે
કદી ઉગવાના નથી પ્રાકૃત વ્યાકરણના નિયમ મુજબ
અરિહંત અને અરુહંત શબ્દ અરહંત શબ્દને સમાન
હોવાથી એનો અરહંત જેવો પણ અર્થ થાય છે
આ અરિહંત પરમાત્માનુ વર્ણન ઠીક ઠીક થઈ ગયુ
છે જેના સાર રૂપે એમ કહેવાય કે એમના આત્મામા
અનાદિની વિશિષ્ટ યોગ્યતા પડેલી છે, સમ્યક્ત્વ પામ્યા
પછી વીસસ્થાનકની આરાધનાના બળે તીર્થંકરપણાનુ
વિશિષ્ટ પુણ્ય ઉપાર્જી ત્રીજે ભવે તીર્થંકરનો લોકો-
ત્તર દેહ પામે છે ત્યા એ જન્મથી જ અવધિજ્ઞાન-
વાળા હોય છે, ને ઇંદ્રો અને દેવોથી પૂજાય છે વળી
એ ચોત્રીશ અતિશય અને વાણીના પાંત્રીસ અતિ
શયોથી અલંકૃત હોય છે. ઉત્સર્ગનો વિશિષ્ટ ચારિત્ર
માર્ગ આરાધે છે। આંતરશત્રુ। રાગાદિનો નાશ કરી
સર્વજ્ઞ તીર્થંકરદેવ બને છે, અને ધર્મશાસનને સ્થાપી

ચારી અ તે મોક્ષમા જાય છે

૨ બીજા પરમેષ્ઠી શ્રી સિદ્ધ

બીજા પરમેષ્ઠી પદે શ્રી સિદ્ધ
છે જીવના મુખ્ય બે પ્રકાર સસારી અને
પૈકી, મુકત જીવો એ સિદ્ધ પરમાત્મા છે
એટલે શ્રેષ્ઠ યાને સર્વથા શુદ્ધ
બીજા નામ મુક્ત, પારગત,
અન ગ, પરમજ્યોતિ, સદાશિવ વગેરે
પ્રકારના કર્મના મળથી રહિત
અને નિરુપાધિક બન્યા હોવાથી
અન તજ્ઞાનાદિ આઠ ગુણ
છે તેથી એ સિદ્ધ છે
સાધવાનુ નથી, સાધી
છે, સિદ્ધ થયુ છે,
સિત=બાધેલા એવા જે
તેથી તે સિદ્ધ છે ચાર
જ્ઞાન, અન તદર્શન, અન ત
વીર્યાદિ લબ્ધિઓ પ્રગ
ચાર અઘાતી પૈકી
અવ્યાબાધ સુખ,
અમર સ્થિતિ, નામ

ક્ષી રૂપે
અર્થાત
થા મુકત
મથાળે
નિરજન–
, અવ્યય
શુદ્ધ જ્ઞાતા
છે, શાશ્વત
છે, નિત્ય-
છે, પરમ બ્રહ્મ
પરમ સદાશિવ
ક્ષયથી, સર્વ
થી અને સર્વ
રતા અન તગુણ
યોગનુ હોવાથી
મ અગોચર છે
ર્ય ભગવ ત –
તથી અલ કૃત
ગણધર,

ગોત્ર કર્મના અભાવથી અગુરુલઘુતા પ્રકટ થયેલી છે સંસારમા જે સારા-નરસા (શુભાશુભ) કર્મના યોગે યશ અને અપયશ, ઊંચ કુલ અને નીચ કુલ, સૌભાગ્ય ને દુર્ભાગ્ય, સારુ શરીર-નરસુ શરીર, આરોગ્ય અને રોગ, માન અને અપમાન, અજ્ઞાન અને મોહ, રાગ ને દ્વેષ, હર્ષ અને શોક, વગેરે દ્વદ્વો વેદવા પડે છે, તેમાનુ સિદ્ધ અવસ્થામા કાંઈ હોતુ નથી સંસારમા પણ આત્માના મૌલિક-આતરિક અપ્રકટ સ્વભાવમા તો ઉક્ત દ્વદ્વોથી તદ્દન વિનિમુક્ત (રહિત) એવી શુદ્ધ સ્થિતિ છે, પરંતુ પ્રગટપણે એ રાગદ્વેષાદિવાળી અશુદ્ધ સ્થિતિ છે કેમકે પ્રવાહથી અનાદિકાળ થયા આત્મપ્રદેશો સાથે એકમેક થઈ આત્માને મલિન કરનાર જે પૌદ્ગલિક કર્મ-સ્કંધો, તેના વિપાકને લીધે ઉક્ત યશ-અપયશ વગેરે દ્વદ્વોની વિચિત્ર પરિસ્થિતિ આત્મા પર ઊભી થાય એમા નવાઈ નથી એટલે ખરી રીતે વિચારતા, એ યશ-અપયશ વગેરે દ્વદ્વોના અનુભવની વચમા એનાથી તદ્દન નિરાળુ એવુ આત્માનુ અસલી શુદ્ધ સ્વરૂપ સ્વભાવગત કાયમ છે એ સમજીને રાગદ્વેષમા તણાયા વિના જીવન જીવી શકાય છે માટે પર ઉપાધિથી થનારા યશ કે અપયશ, આરોગ્ય કે રોગીપણુ વગેરે અવસ્થાઓને પરાઈ સમજી, એમા આત્મા ઉન્માદ

ધ્યાયજી મહારાજ સંસારત્યાગી સંયમી સાધુ તો છે જ, એટલે સાધુ તરીકેની એમની પંચાચાર વગેરે વિશેષતા પાંચમા સાધુપદમાં સમજાશે પરંતુ આચાર્ય તરીકેની એમની વિશેષતામાં શ્રી અરિહંત પ્રભુની ગેરહાજરીમાં શ્રી જિનશાસનનું સુકાન સંભાળી શકે એવા ગુણો અને એવું સામર્થ્ય એમનામાં હોય છે શ્રી જિનપ્રવચનની પ્રભાવકતા, સુરક્ષિત આમ્નાય-પરિપાટી, અનેક ભાષાઓનું જ્ઞાન, સ્વપરશાસ્ત્ર-કુશલતા, પ્રજ્ઞાપના-શક્તિ, સુયોગ્ય શિષ્ય-સમૂહનું નેતૃત્વ, ભવ્ય ઓજસ દેશનાલબ્ધિ, પંચાચાર-પ્રચાર, અપ્રમત્તતા, શુદ્ધ ધર્મકથા-કથન વગેરે અનેકાનેક વિશેષાઓને એ ધરનારા છે શાસ્ત્રીય પદ્ધતિ મુજબ યોગોદ્વહનાદિપૂર્વક સૂત્રનું તથા અર્થનું અધ્યયન અને દેશાટન કરી ગુરુએ આપેલી આચાર્ય પદવીને એ વરેલા હોય છે એ મંત્રપીઠાદિ પંચપ્રસ્થાને સૂરિમંત્રને આરાધનારા હોય છે શિષ્યોને ગ્રહણ આસેવન શિક્ષા આપવા-અપાવવામાં, એમજ જનતામાં ધર્મબોધ દ્વારા શાસન પ્રભાવના કરવામાં એ કુશલ હોય છે સારણા-વારણા-ચોયણા-પડિચોયણાથી ગચ્છને સાધનામાં ઉદ્યુક્ત રાખે છે ધર્મશાસનનું સામ્રાજ્ય ચલાવનારા એ સમ્રાટ રાજા છે રાજા આ રીતે છે-ઉપાધ્યાય એમના દિવાન છે સાધુઓ સુભટ

ધિનુ આરોગ્ય આપે છે આચાર્યના ઉપકારથી લોકનુ વ્યાવહારિક જીવન શાતિભર્યુ, ગ્રામારિક જીવન તૃપ્તિભર્યુ, નૈતિક જીવન ઉંચુ, કૌટુમ્બિક જીવન વિવેક વાત્સલ્યભર્યુ અને ધાર્મિક જીવન તત્ત્વપરિણુતિ-ઉલ્લાસ અને સ વેગભર્યુ બને છે

આચાર્ય એ ગુણુના ખજાના છે એમનામા ૩૬ ૩૬ ગુણોની એકેક છત્રીશી એવી છત્રીન છત્રીશી ગુણોની હોય છે એમા આગળ કહેવાશે તે સાધુજીવનના ૨૭ ગુણો, નવ બ્રહ્મ ગુપ્તિ, ૮ પ્રભાવકતા, ૮ બુદ્ધિગુણ, ૯ પાપનિદાન ત્યાગ, ૧૨પ્રતિમા, ૨૫ભાવના, ૧૪ પ્રતિરૂપાદિગુણો, સુરૂપતા, તેજ, યુગપ્રધાનતા, બહુશ્રુતતા, મધુર આદેય વચન, ગાભીર્ય, પરમ-સ તુષ્ટતા, ઉપદેશકતા, અપરિશ્રાવિતા-અન્યના મર્મનુ ગોપન-અપ્રકટન, સૌમ્યતા, ગચ્છોપધિ સ ગ્રહ, અગ મતા, અગમપટુ, અવિકત્થન (સ્વપ્રશ સા નહિ અને અચપલતા),-આવા આવા મહાન ઉચ્ચ ગુણો હોય છે

ત્રીજા પરમેષ્ઠી શ્રી ઉપાધ્યાયજી મહારાજ –

ઉપાધ્યાયજી સાધુઓને સૂત્ર સિદ્ધાન્તોના પાઠક હોય છે એમના પચીસ ગુણ કહેવાય છે તે આ રીતે -૧૧ અ ગ નામના આગમ+૧૪ 'પૂર્વ' નામના મહાશાસ્ત્ર (અથવા ૧૨ ઉપાગ+૧ ચરણસિત્તરી + ૧

કરણસત્તરી) એમ ૨૫ ના એ ભણાવનાર છે એથી પચીસ ગુણોને ધરનારા કહેવાય છે એમ તો પાચ મહાવ્રતની પચીસ ભાવના અથવા ૧ દનના પચીસ આવશ્યક, કે પચીસ ક્રિયા–આસ્રવના ત્યાગ, અથવા બાવીશ પરિસહમહન અને ત્રણ ગુપ્તિપાલન મળીને પચીસ ઈત્યાદિ ઈત્યાદિ લઈને પચીસ ગુણ થઈ શકે છે પરતુ તે તો સાધુમા પણ હોય છે બાકી ઉપા ધ્યાય વર્તમાન કાળે અ ગ, ઉપાગ, પયન્ના, છેદસૂત્ર, મૂળસૂત્ર વગેરે સૂત્રોને નિર્યુક્ત, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા સાથે ભણાવે છે એ રીતે શ્રુતપ્રવાહને વહેતો રાખ-નાર હોઇ શ્રી જિનપ્રવચનના એ સ્તભ છે પત્થર જેવા અબુઝ શિષ્યને પણ વિદ્યાથી પલ્લવિત કરતા હોઈ એ અજબ માનિક છે, મહા ઉપકારક છે શાતિ, સમતા અને ઉત્સાહથી શિષ્યોને તૈયાર કરતા હોઈ શ્રી સ ઘના મહાન આધાર છે એમની સુદૃષ્ટિ એવી છે કે–ચ્હાય રાજાપણામાથી આવેલ શિષ્ય હોય કે ર કપણામાથી, પરતુ બન્નેને નિષ્પક્ષપાત રીતે સૂત્ર દાન કરે છે સ્વય અહોર્નિશ દ્વાદશાગીના સ્વાધ્યા યમા લીન રહે છે ભવસાગરથી તરવા માટે એ અદ્ભુત નિર્યામક છે પરવાદીરૂપી ઉન્મત્ત હાથીઓ માટે સિંહસમા છે ઉપાધ્યાયના બીજા નામ વાચક, પાઠક, સ્થવિર, કુત્રિકાપણ (દેવતાઇ દુકાન), આત્મ

પ્રવાદી વગેરે છે

પાંચમા પરમેષ્ઠી શ્રી સાધુમહર્ષિ —

પાંચમા પરમેષ્ઠી પદે સાધુ મહર્ષિઓ બિરાજે છે ગૃહસ્થપણાનો ત્યાગ કરી લોકસંજ્ઞા મૂકી સર્વ પાપ વ્યાપારોને પ્રતિજ્ઞાપૂર્વક છોડવારૂપ અલૌકિક સાધુતાને અંગીકાર કરનારા એ હોય છે પાંચમહાવ્રતની ભીષ્મ પ્રતિજ્ઞા સ્વીકારી એ સૂક્ષ્મજીવની પણ હિંસા મનથી જાતે કરતા નથી, બીજા પાસે કરાવતા નથી, અને કરનારને સારો માનતા નથી એવી રીતે સૂક્ષ્મ પણ જૂઠ, ચોરી, વિષયસેવન કે પરિગ્રહધારણના એ નવ કોટિએ ત્યાગી હોય છે નવ કોટિ ત્યાગ એટલે મન, વચન, કે કાયાએ, ન કરવું, ન કરાવવું, કે ન અનુમોદવું પહેલા વ્રતના શુદ્ધ-પાલન માટે એ સ્વયં તો પચન-પચાવનના ત્યાગી હોય છે જ, પરંતુ સાધુ માટે બીજાએ રાંધ્યું હોય તો એ પણ ત્યજે છે, અને ગૃહસ્થ સાધુના ઉદ્દેશ વિના પોતાના ઉદ્દેશે બનાવેલી વસ્તુમાંથી વહોરાવે તો એ થોડુંક જ લેતા ઘર ઘર ફરી માધુકરી વૃત્તિએ ભિક્ષા ગ્રહણ કરનારા હોય છે એમને ઘર, માલ-મિલ્કત, કુટુંબ વગેરે કાંઈ હોતું નથી સ્ત્રીને તો એ અડતા પણ નથી મસ્તકના તથા દાઢી-મૂછના કેશ પણ હાથે ચૂંટી કાઢે છે ગાડી વગેરે વાહનમાં કદીય

બેસતા નવાં કાચું પાણી, માટી, અગ્નિ, વનસ્પતિ વગેરેને સ્પર્શતા પણ નથી જીવન આખું ય શાસ્ત્રાધ્યયન-ચિંતન-અધ્યાપન, ધ્યાન, ત્યાગ, તપસ્યા, ઇન્દ્રિયનિગ્રહ, મનશુદ્ધિ, ક્ષુધા-તૃષા-માનાપમાનાદિ પરિષહોનું સહન વગેરેમા પસાર કરે છે

સત્તાવીસ ગુણ સાધુના —

સાધુના સત્તાવીસ ગુણ ગણાય છે તે આ રીતે – અહિંસાદિ પાંચ મહાવ્રત અને એક રાત્રિભોજન-વિરમણ એમ વ્રત ૬+પૃથ્વીકાયાદિ સંરક્ષણ ૬+ઇન્દ્રિય નિગ્રહ ૫+ભાવવિશુદ્ધિ ૧+કષાયનિગ્રહ અને ક્ષમાદિ ૪+અકુશલ મન-વચન-કાયાના નિરોધ ૩+પરિસહ સહન ૧+ઉપસર્ગે પણ સમતા ૧=૨૭ અથવા બાહ્ય આભ્યન્તર તપ ૧૨+સુડતાલીસ દોષરહિત આહાર ૧+અતિક્રમાદિ દોષત્યાગ ૪+દ્રવ્યાદિ અભિગ્રહ ૪+ વ્રત ૬=૨૭ વગેરે આમા **બાહ્યતપમા** અનશન, ઉનોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ ને સંલીનતા,—એ છ આવે **આભ્યન્તરતપમા** પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ છ આવે **આહારના સુડતાલીસ દોષમા** ગૃહસ્થ થકી થયેલા ઉદ્ગમના દોષ ૧૬, સાધુએ લગાડેલા ઉત્પાદનના દોષ ૧૬ અને

૧૦, એમ ગવેષણા-ગ્રહણૈષણાના દોષ ૪૨, તથા માડલીના દોષ ૫ મળી કુલ ૪૭ આવે **અતિક્રમાદિ** ચારમા અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અના ચાર આવે **દ્રવ્યાદિ અભિગ્રહમા** દ્રવ્ય-ક્ષેત્ર-કાલ ભાવની અપેક્ષાએ વિવિધ પ્રતિજ્ઞાઓ આવે

અનુમોદનીય સાધુતા —

સાસારિક સર્વ સબધો અને સર્વ પ્રવૃત્તિઓ ત્યજી દીધી હોવાથી, સાધુ આત્મપરિણતિને વિશુદ્ધ કરવાની પ્રવૃત્તિમા જ મસ્ત રહે છે બીજાઓ માટે પણ એ ભાવદયાના ભડાર હોય છે (કર્મના ક્રૂર સકજામાથી જીવો કેમ બચે ? એ માટે, તથા મોહની માનસિક વૃત્તિ, વાચિક શબ્દ અને કાયિક વર્તાવથી કેમ છૂટે એ માટેની દયા તે ભાવદયા) વિષ, ગરલ અને સમૂર્ચ્છિમ અનુષ્ઠાનને ત્યજી તદ્દેતુ અને અમૃતક્રિયારૂપે પ્રીતિ, ભક્તિ, વચન અને અસગ અનુષ્ઠાનના ક્રમિક વિકાસને એ સાધનારા હોય છે એ માટે તેર કાઠીઆને તજી, આર્ત અને રૌદ્ર ધ્યાનને પરિહરી, કૃષ્ણાદિ અશુભ લેશ્યાને નિવારી, ચાર દુખશય્યા, સાત ભય, આઠ મદ, નવ પાપનિદાન, સક્લેશ વગેરેને તિલાજલિ આપી સામાયિક, ભાવ-સમાધિ, મૈત્ર્યાદિ ભાવના, આત્મતૃપ્તિ ક્ષમાદિ ધર્મો

વગેરેના અભ્યાસી બન્યા રહે છે સમિતિ ગુપ્તિ, પચાચાર, દ્વિવિધ તપ, ઇચ્છાકાર, અપરાધનો મિથ્યાદુષ્કૃત ગુરુવચન પર 'તથાસ્તુ' કરવુ,-વગેરે દશ પ્રકારની ચક્રવાલ સામાચારીનુ નિત્યપાલન કરે છે ટૂંકમા સાધુમહાત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપની ઉપાસનાનુ જ જીવન જીવે છે એમને પચમહાવ્રત એ નિવૃત્તિ માર્ગ છે, અને પચાચારનુ પાલન એ પ્રવૃત્તિમાર્ગ છે

ગૃહસ્થને સમ્યકત્વમૂલક બાર વ્રતરૂપ શ્રાવક ધર્મની જેમ સાધુને દશ પ્રકારે યતિધર્મ પાળવાનો છે તે આ પ્રમાણે-ક્ષમા, મૃદુતા, ઋજુતા, નિર્લોભતા, તપ, સયમ, સત્ય, શૌચ (મનની પવિત્રતા) બ્રહ્મચર્ય અને અપરિગ્રહ સાધુના બીજા નામ મુનિ, યતિ, યોગી, ભિક્ષુ, સાધુ, નિર્ગ્રન્થ, મહાવ્રતી, સન્યાસી, વાચયમ, મોહજયી, અકિંચન, શ્રમણ, ક્ષમાશ્રમણ, દીક્ષિત, પ્રવ્રજિત વગેરે છે

ઉપાસના માટે આવા અન્યત્ર અલભ્ય એવા પચ પરમેષ્ઠીના સ્વરૂપને બતાવનાર શ્રી અરિહંત પ્રભુ જ છે. પરમેષ્ઠી બનવાનુ એમના શાસનમા જ છે

મોક્ષ સાથે આત્માને જે યોજી આપે તેને

યોગ કહેવાય, અનેકાત પદ્ધતિએ એવા અનેક યોગો શ્રી અરિહત પ્રભુએ બતાવ્યા છે એમા મુખ્ય રત્નત્રયી યોગ, દર્શન-જ્ઞાન-ચારિત્ર યોગ છે જૈન-શાસનના વિશિષ્ટ યોગો જુઓ —

—. યોગ —

રત્નત્રયી યોગ આરાધના માર્ગ મોક્ષ-માર્ગ —ઉપાસનાના વિષયમા પરમેષ્ઠીની જેમ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે એ મોક્ષ ખરીદવા માટે સાચા ત્રણ રત્ન હોવાથી રત્ન ત્રયી તરીકે ઓળખાય છે સ સાર-ભ્રમણનો અ ત લાવી મુક્તિપદ પામવા માટે આજ ત્રણ સાધન છે, ને તે પણ ત્રણે ભેગા મળીને મોક્ષે પમાડવા સમર્થ છે તેથી સૂત્રકાર કહે છે, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ માક્ષમાર્ગ ।

નવ-પદ —

આમા ચારિત્રમાથી તપને જુદો પાડીએ તો દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચાર ઉપાસનીય બને, તે પૂર્વના પાચ પરમેષ્ઠીની સાથે ગણતા કૂલ નવ-પદ થાય તેને સિદ્ધચક્ર પણ કહેનાય છે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ દરેકનુ વિસ્તૃત સ્વરૂપ તટસ્થ રીતે જોતા જરૂર એમ લાગે કે આ રત્નત્રયી માર્ગ શ્રી જિનેન્દ્રશાસનની જ એક વિશેષતા છે બીજા તો

કોઈ ન્યાયદર્શન જેવા એકલા તત્ત્વજ્ઞાનથી [illegible] કહે છે, તો મિમાંસક જેવા ક્રિયાથી ([illegible]) [illegible] મોક્ષ કહે છે ત્યારે યોગદર્શન જેવા [illegible] મોક્ષ માને છે પણ જ્ઞાન કે ક્રિયા કે [illegible] એ બધુ અધુરૂ છે, અને એ માનેલ [illegible] કર્મકાંડ વગેરે યથાર્થ મોક્ષમાર્ગ બનવા [illegible] પણ નથી આ વસ્તુ જો કે પૂર્વે [illegible] વિષયોના વિસ્તૃત બોધથી બરાબર [illegible] એમ છે, છતા એટલુ ખરૂ કે [illegible] અને જે અજ્ઞાનયુક્ત અચારિત્ર, ([illegible] અને અવિરતિ)થી છે, તેને [illegible] સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ કે [illegible] ચારિત્રથી વિરતિભાવ, કષાયનિગ્રહ [illegible] નિરોધ થાય છે

[illegible] માર્ગ એ [illegible] રતિ=પાપથી [illegible] સામાન્ય [illegible] ભરે'-અર્થાત [illegible] ભરનો પડે,

૫ આચારયોગ —[illegible] [illegible] અરિ- મના માટે વિશિષ્ટ [illegible] માર્ગ છે એમા [illegible] પ ન આચરવા [illegible] દર્શનાચાર અને ચા[illegible] ન કરે ત્યાસુધ[illegible] તપાચાર અને છત્રીસ [illegible] કે પ્રતિજ્ઞા [illegible] વિવેચનનો અહીં [illegible] છે તે [illegible] પણ સમજવુ તેથી [illegible] આવે છે

વિશિષ્ટ સમ્યગ્દર્શન યોગ—

સમ્યકત્વ એટલે તત્ત્વશ્રદ્ધા છે પરંતુ સમ્યક્ત્વ એટલે તત્ત્વભૂત દેવગુરુ ધર્મ ઉપર શ્રદ્ધા કર્યાનુ કહેવા માત્રથી નથી પતતુ એ માટે જિનશાસન ૪ શ્રદ્ધાન, ૩ લિંગ, ૩ શુદ્ધિ, ૫ લક્ષણ, ૧૦ વિનય, ૮ પ્રભાવક, ૫ ભૂષણ, ૫ દૂષણ-ત્યાગ, ૬ ભાવના, ૬ આગાર, ૬ સ્થાન, અને ૬ યતના-એમ ૬૭ પ્રકારનો સમ્યકત્વનો વ્યવહાર પાળવાનુ શિખવે છે વળી શ્રદ્ધામા પણ ક્ષાયિક, ક્ષાયોપશમિક, અને ઔપશમિક સમકિત, તથા સંક્ષેપરુચિ, વિસ્તારરુચિ, બીજરુચિ વગેરે દશ પ્રકારની રુચિનો વિસ્તાર આવે છે

જ્ઞાનયોગ—જિનશાસનમા મુખ્ય પાચ જ્ઞાન છે એમા ૨૮ પ્રકારે **મતિજ્ઞાન ૧૪** (ઉત્તરભેદ ૩૪૦) પ્રકારે શ્રુતજ્ઞાન (અન્ય રીતે ૨૦ પ્રકારે પણ), ૬ પ્રકારનુ અવધિજ્ઞાન, બે પ્રકારે મન પર્યાયજ્ઞાન અને એક પ્રકારે સર્વજ્ઞતારૂપ કેવળજ્ઞાન—એ ૫૧ ભેદે વિશિષ્ટ કોટિની જ્ઞાન પ્રરૂપણા છે એમા પણ શ્રુતજ્ઞાનમા ચૌદ પૂર્વો, અગ, ઉપાગ, મૂળસૂત્ર, છેદસૂત્ર, પ્રકીર્ણક વગેરે **આગમ શાસ્ત્રો**, સન્મતિતર્ક—અનેકાત જયપતાકા, શાસ્ત્રવાર્તા, સ્યાદ્વાદ રત્નાકર વગેરે **દર્શનશાસ્ત્રો**, ઉપદેશમાળા, ઉપદેશ સપ્ત

નિકા, ઉપદેશ તરંગિણી, ઉપદેશ રહસ્ય, ઉ૦ રત્નાકર વગેરે ઉપદેશ ગ્રન્થો, લોક પ્રકાશ, પ્રવચન સારો દ્ધાર, જીવ-વિચાર, નવ-તત્ત્વ, સંગ્રહણી વગેરે પ્રકરણ ગ્રન્થો, પંચસંગ્રહ, કમ્મપયડી, કર્મગ્રન્થ, વગેરે કર્મસાહિત્ય, યોગબિન્દુ, યોગદૃષ્ટિ, ષોડશક, અધ્યાત્મસારાદિ યોગ-અધ્યાત્મગ્રન્થો, ઈત્યાદિ ઈત્યાદિ અનેકાનેક વિષયોના અનેક શાસ્ત્રોમા વર્ણવાયેલા વિશિષ્ટ પદાર્થોના આધારરૂપક શ્રી સર્વજ્ઞ જિનેશ્વર દેવો જ છે આ જૈન આગમ અને જૈન શાસ્ત્રોના જ્ઞાનયોગમા લીન થનારને અહીં મોક્ષનો અનુભવ થાય છે

ચારિત્રયોગ વિરતિયોગ —વિરતિમાર્ગ એ પણ જૈનશાસનની જ વિશેષતા છે વિરતિ=પાપથી વિરામ પામવાની પ્રતિજ્ઞા સાથે નિવૃત્તિ સામાન્ય સમજ એવી હોય છે ક 'કરે તે ભરે'-અર્થાત પાપાચરણ કરે તેને દંડ ભરવો પડે, ન કરે તેને કાંઈ નહિ શ્રી અરિહંત પરમાત્મા એમ કહે છે કે પાપ ન આચરવા છતા પાપત્યાગની જ્યા સુધી પ્રતિજ્ઞા ન કરે ત્યાસુધી પણ દંડ ભરવો રહે છે કારણ એ છે કે પ્રતિજ્ઞા ન કરવા દેનારૂ એક ખરાબ તત્ત્વ હૃદયમા ... પાપ પ્રત્યેનો અપેક્ષાભાવ 'વર્ત

તોય ભવિષ્યમા કદાચ તે પાપ સેવવુ પડે માટે પ્રતિજ્ઞા નહિ લઇએ'—આ વલણમા પાપની અપેક્ષા બેઠી છે તે પણ ગુનો છે તેનો ત્યાગ પ્રતિજ્ઞાથી થાય છે શ્રી અરિહ ત પ્રભુ પણ જન્મથી મહાવૈરાગી અને સ સારથી અલિપ્ત જેવા છતા એમને એમ સાધુજીવનમા ન પેઠા, પરતુ 'કરેમિ સામાઇઅ ' ની પ્રતિજ્ઞા કરીને પેઠા કેમકે તો જ પાપના બ ધ નથી બચાય વિરતિ બે પ્રકારે –વિરતિ સાધુમાર્ગની તે **સર્વવિરતિ**, અને ગૃહસ્થધર્મની તે **દેશવિરતિ** કહેવાય છે **સર્વવિરતિમા** હિંસા–જૂઠ–ચોરી–મૈથુન-પરિગ્રહ એ પાચ પાપોનો સર્વથા ત્યાગ કરવાની પ્રતિજ્ઞા હોય છે સર્વથા એટલે મન–વચન–કાયાથી જિંદગી ભર માટે તે તે પાપ કરવા, કરાવવા, કે અનુમોદવાના નહિ આને ચારિત્ર કહે છે, સ યમ કહે છે તે એક જ પ્રકારે છે **દેશવિરતિમા** સ્થૂલપણે પ્રતિજ્ઞા કરાય છે અમુક અમુક પાપ કરીશ નહિ, કે કરીશ–કરાવીશ નહિ તેમા અહિંસાદિ બારવ્રત આવે છે બધાનો મુદ્દો પ્રતિજ્ઞા સાથે પાપત્યાગ છે અનાદિના પાપસ ગ એમ જ છૂટે છે

અહિંસાયોગ —શ્રી અરિહ ત પ્રભુએ ફરમાવેલ અહિંસામાર્ગ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે ઈતરોમા સ સાર ત્યાગ કરી વાનપ્રસ્થ કે સ ન્યાસ લે તો પણ અગ્નિ–

પાણી-વનસ્પતિ વગેરેના આરભ ઉભા રહે છે જૈન સાધુદીક્ષામા તો એન અડવા જેટલી પણ હિંમાનો ત્યાગ હોય છે એટલુ જ નહિ, પણ ઉપર કહ્યુ તેમ મનથી ય હિ સાની અનુમોદના વર્જ્ય છે તેથી દા ત ભગતે સાધુ માટે કોઈ ચીજ રાધી તો તે પણ સાધુ લઈ શકે નહિ સાધુને તો નિર્દોષ અને નિર્જીવ આહાર મધુકરી વૃત્તિથી લેવાનો હોય છે નિર્દોષતા ત્યા સુધીની કે ગૃહસ્થ સાધુને વહોરાવતા કાચા સજીવ પાણી વગેરેને અડી જાય તો ય તેની પાસેથી સાધુ વહોરતા નથી એમ અપ્કાયની અહિ સા ત્યા સુધીની કે સૂર્યાસ્ત થવાના થોડા પૂર્વકાળથી માડી સૂર્યોદય પછીના થોડા કાળ પર્યંત આકાશમાથી જે સજીવ ઓમ પડે છે તેની ય દયા કરવાની હોય છે તેથી ન છૂટકે બહાર જવુ પડે તો ગરમ કામળીથી શરીર ઢાકીને જાય છે કવો ઝીણો અહિંસામાર્ગ પ્રભુએ બનાવ્યો! આવી અહિ સા સહિતનો સૂક્ષ્મકોટિનો વિરતિ માર્ગ એ ભવભ્રમણમા દુ ખથી રીબાતા સ સારી જીવોને ઉદ્ધરવા માટેની શ્રી અરિહ ત પરમાત્માની અલૌકિક બક્ષીસ છે અહો! અન ત ઉપકાર એ દેવાધિદેવનો! નહિતર કયાથી જીવો સર્વથા નિષ્પાપ બની કર્મરહિત થઇ શકત? કેવી રીતે મોક્ષ પામી શકત?

સ યમયોગ —ત્યારે વિશિષ્ટ કોટિનો સ યમ

માર્ગ પણ શ્રી સર્વજ્ઞ જિનેશ્વરદેવોની જ એક બક્ષીસ છે એમા ચરણસિત્તરી અને કરણસિત્તરી એમ બે વિભાગમા ૭૦-૭૦ ગુણોનો માર્ગ પાળવાનો હોય છે એમા પૂર્વે કહ્યા તે વિરતિમાર્ગના મુખ્ય પાચ મહા વ્રતોની સાથે ક્ષમાદિ શ્રમણધમ-પ્રેક્ષાદિસ યમ-વૈયા વચ્ચ-બ્રહ્મવાડ કષાયનિગ્રહ પિંડવિશુદ્ધિ સમિતિ ભાવના -ભિખુપ્રાતમા-ઇન્દ્રિયનિરોધ-પ્રતિલેખના-ગુપ્તિ અને દ્રવ્યાદિ અભિગ્રહો આવે છે આના વિસ્તારનો અભ્યાસ કરનાર સમજી શકશે કે આ બતાવવામા પણ અરિહ ત પરમાત્માનો જ અનુપમ ઉપકાર છે એ ઉપકારમાથી પછી ઝરણાઓ લઈને ઈતર મતવાળાઓએ અહિંસાદિનો ઉપદેશ કર્યો છે

તપો-યોગ —૧ અનશન, ૨ ઉનોદરિકા, ૩ દ્રવ્યસક્ષેપ,-વૃત્તિસ ક્ષેપ, ૪ વિગૃતિત્યાગ,-રસત્યાગ, ૫ પાદવિહાર લોચ, ૨૨ પરીસહ, અને ઉપસર્ગનુ સહનરૂપ કાયક્લેશ, ૬ મનોવાક્-ાયસ લીનતા આ ષડવિધ **'બાહ્યતપ'** છે, ૧ પ્રાયશ્ચિત્ત-૨ વિનય-૩ વૈયાવૃત્ય ૪ સ્વાધ્યાય-૫ ધ્યાન, ૬ કાયોત્સર્ગ-આ છ પ્રકારે **'આભ્યન્તર તપ'**નો માર્ગ, એ પણ માત્ર શ્રી તીર્થંકરદેવોની ભેટ છે! અરે! એકલા 'અનશન' નામના પહેલા પ્રકાર અ ગે જોઇએ તો હ મેશને માટે સૂર્યાસ્તથી સૂર્યોદય સુધીના સમયનો રાત્રિભોજનનો

ત્યાગ બીજે કયા જોવા મળે છે? ત્યારે બારે તપના વિસ્તારની સમજુતી લેવામા આવે તો શ્રી જિન શાસનની ખરેખર લોકોત્તરતા અને અનંત ઉપકારકતા જણાયા વિના રહે નહિ

ધર્મમાર્ગ —ઉપર કહેલ **વિશિષ્ટ કોટિના** અહિંસા, સંયમ અને તપોમાર્ગની ત્રિપુટીરૂપ ધર્મ જ ઠેઠ મોક્ષે પહોંચાડવા સમર્થ છે, તેથી એ મુખ્ય ધર્મમાર્ગ છે તો કહી શકાય કે એવા ધર્મમાર્ગને પણ શ્રી સર્વજ્ઞ પ્રભુએ જ બતાવ્યો છે

આસ્રવત્યાગ-સંવરનિર્જરોપાદાન યોગ -

આ પણ શ્રીઅર્હત્કથિત અનન્ય મોક્ષયોગ છે આસ્રવ=કર્મબંધના કારણ સંવર=કર્મબંધને અટકાવનારી ચર્યા, તકેદારી નિર્જરા=કર્મક્ષયના કારણ ઉપર કહેલા ધર્મમાર્ગને યથાસ્થિત પાળવા માટે જીવનમાથી કર્મબંધના હેતુભૂત આસ્રવોને ત્યજી સંવર-નિર્જરાનુ સેવન કરવાનુ હોય છે

આસ્રવોમા —મિથ્યાત્વ, ઈન્દ્રિયોની અવિરતિ, હિંસાદિ-અવિરતિ, ક્રોધાદિ કષાયો, કામ અને હાસ્યાદિ નોકષાયો, અપ્રશસ્ત મનવચન કાયાના યોગો અને આગળ વધીને અંતે પ્રશસ્ત પણ યોગો તથા એમા સમાતી પચીસ ક્રિયાઓ આવે છે એમાય જ્ઞાના

વરણીયાદિ કર્મો બધાવનારા પ્રત્યેકના પાછા નિર નિરાળા અનેક આસવો છે મુમુક્ષુએ એ બધું ત્યજવાનુ છે

સ વરયોગમા — ૫ સમિતિ અને ૩ ગુપ્તિનુ પાલન, ૨૨ પરીસહોનુ સમભાવે સ્વેચ્છયા સહન, ૧૦ યતિધર્મસેવન, ૧૨ અનિત્યાદિ ભાવનાનુ ચિંતન, ૫ ચારિત્ર-એમ સત્તાવન પ્રકાર પાળવાના આવે છે આમા સમિતિ ગુપ્તિને **અષ્ટ પ્રવચન માતા** કહેવાય છે સાગોપાગ તે પણ જે જિનશાસન વિના બીજે કયાય જેવા નથી મળતી, તો સ પૂર્ણ સ વરમાર્ગની તો વાતે ય શી?

નિર્જરાયોગમા ઉપર કહેલ બારે પ્રકારનો તપોમાર્ગ આવે છે મુમુક્ષુએ સ વર અને નિર્જરા માર્ગને સતત આદરવાના છે

શુદ્ધિયોગ (પ્રાયશ્ચિત્ત માર્ગ) — મોક્ષ માર્ગની આરાધના કરતા કરતા જાણે અજાણે માનસિક-વાચિક-કાયિક જે કોઇ દોષ સેવાઈ જાય, એ પણ નિર્મૂળ કરી શુદ્ધ થવા પ્રાયશ્ચિત્ત વિધિ છે દરેક દરેક દોષ કેવા કેવા પ્રકારે લાગે છે, કયા કયા સ યોગમા લાગે છે, અને તેની શુદ્ધિને માટે દરેક દરેકના કેવા કેવા પ્રાયશ્ચિત્ત હોય છે, એનુ પ્રતિપાદન પણ શ્રી

સર્વજ્ઞ ભગવતોએ જ કર્યું છે તેય એવા મહાવિજ્ઞાથી ને એવી સૂક્ષ્મતાવાળુ કર્યું છે કે જે બીજા જ્ઞાનનમા કયાય જોવા નથી મળતુ, માત્ર આ વિષયના પણ અનેક છેદગ્રન્થો નામના શાસ્ત્રો ભર્યા પડ્યા છે તેમા દોષના કલ્પ, દર્પ અને આકુટ્ટિ વગેરે પ્રકારો, દોષના પ્રતિસેવકોની યોગ્યતા, પૂર્વ પ્રાયશ્ચિત્તની બાકી, પ્રાયશ્ચિત્ત વહનના કાળ, પ્રાયશ્ચિત્તનુ પ્રમાણ, –વગેરે અનેકાનેક બાબતો આવે છે આમા પાછા અપવાદના પણ વિશિષ્ટ માર્ગ હોય છે, જેમા સ્વલ્પ પ્રાયશ્ચિત્ત આવે, કે જરાય પ્રાયશ્ચિત્ત ન આવે આ શુદ્ધિયોગ અપેક્ષાએ જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગાદિ કરતાય વિશેષતાવાળો છે

સાધનામાર્ગ —ઉપર કહેલા અનેકવિધ માર્ગને જીવનમા સરળતાથી અને સચોટપણે ઉતારવા માટે શ્રી વીતરાગ સર્વજ્ઞદેવોએ ક્રમિક સાધનાનો માર્ગ બતાવ્યો છે, એમા સામાન્યધર્મ અને વિશેષધર્મ એમ બે મુખ્ય ભેદ પડે છે પહેલામા શ્રી જિનના શાસનને નહિ પામેલો આત્મા પણ પાળી શકે એવો માર્ગાનુસારી જીવનનો પાત્રીસ ગુણની સાધનાનો માર્ગ આવે છે ત્યારે બીજા વિશેષધર્મમા અપુનર્બંધકદશાના ત્રણગુણપૂર્વક, ગૃહસ્થધર્મના સમ્યક્ત્વ સહિત, ૫ અણુવ્રત, ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રતની

સાધનાનો માર્ગ આવે છે એમાં ય આગળ વધતા શ્રાવકની ૧૧ પ્રતિમા (માસ-બે માસ ત્રણ માસ વગેરેના દૃઢ સમ્યક્ત્વ-સામાયિકાદિ સાધવાના ઘોર અભિગ્રહો) આરાધવાનું આવે છે તે પછી !! ઉચ્ચ વિશેષ ધર્મમાં સાપેક્ષ યતિધર્મ અને નિરપેક્ષ યતિધર્મ સાધવાનો હોય છે એમાં પહેલો ઉત્સર્ગ અને અપવાદરૂપે સાધુ સમુદાયમાં રહીને, અને બીજો તે પછી બાહ્ય-આન્તર સંલેખના-તુલનાદિ દ્વારા પરિપક્વ થયેલા આત્માએ અસહાય એકાકી વિચરીને ઉત્સર્ગ રૂપે આરાધવાનો હોય છે

યોગ્યતામાર્ગ—ઉપરોક્ત સાધના જો યોગ્ય આત્મા કરે તો જ તે સફળ બને છે એ માટે શ્રી જિન-શાસનમાં ભિન્ન-ભિન્ન યોગ્યતાના જુદા જુદા ગુણો બતાવ્યા છે એમાં દા ત શ્રાવકધર્મની યોગ્યતાના 'અક્ષુદ્રતા, પ્રકૃતિ સૌમ્યતા ' વગેરે એકવીસ ગુણો છે, અને સાધુધર્મની યોગ્યતામાં અઢાર દોષના ત્યાગ પૂર્વક વિશિષ્ટ જાતિ કુળસંપન્નતા, અવશુદ્ધ સંસાર નિર્ગુણતા વગેરે સોળ ગુણો છે

લક્ષણમાર્ગ—જેને અંતરાત્મામાં દેશવિરતિ ગુણ અને સર્વવિરતિ ગુણની સ્પર્શના થઈ હોય તે ક્રમશ ભાવશ્રાવક ને ભાવસાધુ કહેવાય છે એ દરે-

કના ક્રિયાગત અને ભાવગત મૌલિક તથા અવાન્તર (મુખ્ય અને પેટા) લક્ષણો હોય છે તેમા ભાવશ્રાવકના ૧ કૃતવ્રતકર્મા, ૨ શીલવાન, ૩ ગુણવાન, ૪ ઋજુવ્યવહારી ૫ ગુરુશુશ્રૂષક અને ૬ પ્રવચનકુશલ, એ ક્રિયાગત છ મૂળભૂત લક્ષણો છે એ દરેકના પાછા કોઇના પાચ, કોઇના ૭, ચાર એમ પેટાભેદ છે ત્યારે શ્રાવકના **ભાવગત ૧૭** લક્ષણ છે, તેમા શ્રાવકસ્ત્રી-ઇન્દ્રિય-અર્થ-સ સાર-વિષય-આર ભ ગૃહ વગેરે સત્તર બાબતોના દરેકના પારમાર્થિક સ્વરૂપનો સતત વિચારશીલ રહે છે **ભાવસાધુના ક્રિયાગત** ૭ લક્ષણોમા ૧ સકલ માર્ગાનુસારિણી ક્રિયા, ૨ ધર્મે પ્રવરશ્રદ્ધા, ૩ ઋજુપ્રજ્ઞાપનીયતા, ૪ ક્રિયામા અપ્રમાદ, ૫ શક્યાનુષ્ઠાન-પ્રાર ભ, ૬ મહાન ગુણાનુરાગ, અને ૭ ગુર્વાજ્ઞારાધન આવે છે એ દરેકના વળી અનેક અવાન્તર લક્ષણો છે તેમ ભાવગત અનેક લક્ષણ છે

પુરુષાર્થ યોગ —ચાર પુરુષાર્થમાથી અર્થ-કામ પુરુષાર્થનો ત્યાગ કરી ધર્મપુરુષાર્થ અને મોક્ષ પુરુષાર્થને આદરવાના છે, એ માટે ખાસ કરીને તામસ ભાવના અને તેનાથી મિશ્રિત રાજસભાવના લક્ષણો ત્યજી સાત્વિક ભાવના લક્ષણો કેળવવા સાથે વિશિષ્ટ કોટિના ૧ પ્રણિધાન, ૨ પ્રવૃત્તિ, ૩ વિઘ્નજય, ૪

સિદ્ધિ અને ૫ વિનિયોગ–એ પાચ આશયો આદરવા જોઇએ છે જૈન-દર્શને આની વિશિષ્ટ વિચારણા કરી છે આ પ્રમાણે ઉપરોક્ત માર્ગો અને યોગોની સાધના થાય તો જ સફલ બને છે

કર્તવ્યયોગ :— અનાદિ અન ત કાળથી ભવમા ભટકતા જીવને દુ ખમય, દુ ખફલક અને દુ ખાનુબ ધી સ સારમાથી છૂટવા માટે પાપકર્મોનો નાશ કરવા પૂર્વક શુદ્ધ ધર્મનો ઉદ્યમ કરવો પડે છે, અને તેનો પ્રાર ભ તથાભવ્યત્વાદિના પરિપાકથી થાય છે તે પરિપાક કરનારા ત્રણ સાધન છે,–ચતુ શરણગમન, દુષ્કૃતગર્હા, ને સુકૃતાનુમોદના એ કર્યા પછી આગળ કર્તવ્યમા અણુવ્રત સહિત અનેક ગુણસેવન તથા 'का मम कालो, किमेअस्स उचिअं'= આ મારે કયો અવસર છે, અને આને ઉચિત કર્તવ્ય શુ છે,'–એની સતત **ધર્મજાગરિકા** આવે છે એનુ નામ સાધુ ધર્મની પરિભાવના છે એમા પકવ થયે, પછીના કર્તવ્ય તરીકે માતા–પિતાને અનેક ઉપાયોથી પ્રતિ બોધ અથવા સમજુતી કરવાનુ, તે યાવત્ જરૂર પડયે અટવી ગ્લાન ઔષધ ન્યાયથી પરમાર્થથી અત્યાગરૂપ એમનો ત્યાગ અને ગુરુ આગળ સવિધિ પ્રવ્રજ્યા–ગ્રહણ આવે છે ત્યારબાદના કર્તવ્યમા ગુરુસેવા, સ્વાધ્યાયાદિ અનેકાનેક ઉપાસનાઓરૂપ પ્રવ્રજ્યા પાલન

આવે છે તે ઠેઠ સમન્તભદ્રતાદિ ગુણ સુધી પહોચે છે છેવટે પ્રવ્રજ્યાના અતિમ ફલ તરીકે અનત જ્ઞાન સુખાદિમય નિર્વાણપદ નીપજે છે આવો ક્રતવ્યમાર્ગ પણ શ્રી સર્વજ્ઞ અરિહત પ્રભુની અનુપમ કૃપાપ્રસાદી છે

ક્રિયાયોગ —મોક્ષમાર્ગના સાધક સાધુ અને ગૃહસ્થને ચોક્કસ પ્રકારની ક્રિયાઓ કરવાની હોય છે એમા **સાધુને** પૂર્વે કહેલા પચાચારમા આવતી વિવિધ ક્રિયાઓ, તથા એમા વિશેષે કરીને જીતવ્યવહાર સહિત સૂત્રોક્ત ઉત્સર્ગ–અપવાદના ચારિત્ર માર્ગ સાથે દશવિધ સામાચારી, ઓઘસામાચારી અને પદવિભાગ સામાચારીનુ પાલન કરવાનુ હોય છે ત્યારે **શ્રાવકને** અનેકાનેક દિનકૃત્યો, રાત્રિકૃત્યો, પર્વકૃત્યો, તથા ચાતુર્માસિક કૃત્યો, અને પર્યુષણા કૃત્યો, વાર્ષિક કૃત્યો અને જીવન કૃત્યોની ક્રિયા આચરવાની હોય છે આ પણ શ્રી સર્વજ્ઞ પરમાત્માની વાણીમા જ ઝગમગે છે

ઉત્ક્રાન્તિયોગ — સૌથી નીચેના પ્રથમ ગુણસ્થાનકે મિથ્યાત્વમદતાના અનેક ઉપાયો સાધતા મિથ્યાત્વનો ઉપશમ–ક્ષયોપશમ કરી ચોથા અવિરતિ સમ્યક્ત્વ ગુણસ્થાનકે ચઢવાનુ, તે પછી ઉત્તરોત્તર આતર રાગદ્વેષાદિ દોષોના વિશિષ્ટ વિશિષ્ટ નાશને સાધતા સાધતા પાચમે છઠ્ઠે એમ ઠેઠ તેરમે

સ્થાનકે ચઢવાનુ ત્યા સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે તે પછી અંતકાળે સર્વ કર્મ ખપાવતા મોક્ષ મળે છે આ ચૌદ ગુણસ્થાનકના આરોહણની વિશિષ્ટ પ્રક્રિયા છે એ બતાવવાનો અનન્ય ઉપકાર એક માત્ર શ્રી અરિહંત પરમાત્માનો જ છે

વિકાસયોગ — અનાદિ અનંત કાળથી જીવ ભાવમળથી યુક્ત હોઈને નવનવા કર્મો બાધી તિર્યંચાદિ ગતિઓમા ભમ્યા કરે છે એમા શ્રી સર્વજ્ઞ ભગવાને જે દર્શાવેલો અનંતા કાળચક્રમય જે મહાજંગી 'પુદ્‌ગલ-પરાવર્ત' કાળ તેવા પણ અનંતા વીતી ગયા પરંતુ જ્યારે જીવને મોક્ષે જવા પૂર્વે એક જ પુદ્‌ગલ પરાવર્તથીય ઓછો કાળ બાકી રહે છે, ત્યારે તે **ચરમાવર્તમા** અર્થાત્ ચરમ પુદ્‌ગલ પરાવર્તમા આવ્યો કહેવાય છે ભાવમળ અલ્પ થયેથી જ એમા આવી શકે છે તે પૂર્વનો કાળ ભવબાળકાળ છે એ વટાવ્યા પછી ચરમાવર્તમા જીવ આવે ત્યારે જ તે ધર્મ પામે છે, અને ત્યા એનો ધર્મ યૌવનકાળ ગણાય છે એમા એ આત્મવિકાસ સાધે છે આ આત્મવિકાસ કેવા કેવા ક્રમે થાય છે તેનુ પણ વિશિષ્ટ વિવેચન શ્રી અરિહંત પ્રભુએ જ કરી બતાવ્યુ છે એ આત્મવિકાસમા બીજ-અંકુર-કાંડ-પત્ર-પુષ્પાદિ રૂપે હેય-ઉપાદેયાદિ ભાવોનુ જ્ઞાન-હેયનો ત્યાગ અને

આર્ત અને રૌદ્ર દુર્ધ્યાનને ટાળી ધર્મધ્યાન અને શુકલધ્યાન ધ્યાવવાનુ આવશ્યક છે ધર્મધ્યાનમાં આજ્ઞાવિચય-અપાયવિચય-વિપાકવિચય, અને સસ્થાનવિચય, તથા શુકલધ્યાનમાં પૃથક્ત્વ સવિતર્ક સવિચાર એકત્વ અવિતર્ક અવિચાર-સૂક્ષ્મક્રિયાનિવૃત્તિ સમુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી-એમ ચાર ચાર પાયા છે ધ્યાનનો આ નક્કર અને પ્રથિ યોગ છે એમા શુક્લધ્યાનના પહેલા બે પાયા ધ્યાવવા માટે જરૂરી એવુ દ્રવ્યો અને એના પર્યાયોનુ જે સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વરૂપનુ જ્ઞાન, તે ચૌદ પૂર્વોમા વર્ણવેલુ મળે છે તથા ધર્મધ્યાન માટે પણ જરૂરી પદાર્થોનુ યથાસ્થિત વર્ણન શ્રી જિનવાણી દ્વારા જ મળે છે ધ્યાનમા આરૂઢ થવા માટે પુન પુન અભ્યાસ જરૂરી છે એ માટે ૧ જ્ઞાન, ૨ દર્શન, ૩ ચારિત્ર અને ૪ વૈરાગ્યની 'અનિત્યતા'દિ ભાવનાઓને, મ શય, મ મોહ, અન્યાસ ગ અને ભયનો નાશ કરીને, ખૂબ ભાવતા ભાવતા ધ્યાના રોહણુની યોગ્યતા આવે છે એમા બાહ્યાર્થની નિસ્પૃહા અને તત્ત્વચિ તનનુ પુન પુન આવર્તન દ્વારા મનો નિગ્રહ કરવો પણ બહુ જરૂરી છે ધ્યાન માટે સ્થાન સ્ત્રી પશુનપુ સક કુ શીલથી રહિત જોઇએ બાકી કાળ અને આસન ગમે તે હોઈ શકે છે માત્ર પોતાના મન, વચન અને કાયાના યોગો સમાધિમા રહેવા જોઇએ

ધ્યાનની ભૂમિકા માટે આલબન તરીકે ધ્યાનનો અભ્યાસ ૧ આદર તથા સૂત્રાર્થ વાચનાદિ ક્રિયા અને સદ્ધર્મના આવશ્યકોમા (૨) ઓતપ્રોતના જોઇએ આ ઉપરાત કૃષ્ણ–નીલ–કાપોત લેશ્યા ત્યજી પીત, પદ્મ કે શુક્લ લેશ્યાનો અભ્યાસ તથા આગમશ્રદ્ધા વિનય અને સદ્‌ગુણસ્તુતિ પણ જિનહરીફ જીવન પ્રાપ્ત બને એ જરૂરી છે

ધ્યાનના વિષયમા પૂર્વે કહ્યુ તેમ આર્તધ્યાનના વિષયો- (૧) ઇષ્ટનો સયોગ કે અવિયોગ, (૨) અનિષ્ટનો વિયોગ કે અસયોગ, (૩) રોગમા વિહ્વળતા (૪) પૌદ્‌ગલિક નિદાન (આશસા)-આ ચારે મન. ચિતનનો જરાય સ્પર્શ ન જોઇએ અર્થાત્ આ ચારેય પૈકીના કોઇની પણ મનમા ગડમથલ ન જોઇએ એ નવી એનુ પ્રમાણ એ કે ઇષ્ટાનિષ્ટ કથાપ્રીતિ, પરપ્રશસ્તિ પ્રશસા, પરપ્રાર્થના, હર્ષ, શોક, પશ્ચાત્તાપ, રુદન, આચરેય ગૃદ્ધિ, ધર્મપરમુખતા વગેરે ન હોય, જો એ નહિ તો રૌદ્રધ્યાનના વિષયો—(૧) પ્રહારવધ બધનાદિચિંતન, - અસત્ય-મિથ્યા ભાષણની લેશ્યા, ૩ માયા ચોરી અનીતિનુ હાર, સર્વત્ર આશકા તથા ધનાદિના રક્ષણની ચિંતા, અને દ્વેષ ચિંતાચિંતના—એ તો ન જ કરવા જોઇએ એ સમજાય એવુ છે એથી જ એના લક્ષણ તરીકે નિર્દયતા,

દોષબહુલતા, અનાચાર, હિંસાદિપ્રવૃત્તિ, ગર્વ, અમર્ષને અન્ન તાપ, પરદુખમા આનદ, વગેરેનુ યનામ નિશા ન હોવુ જોઈએ આ તો થ઼ોડાદબાકીના વિસ્તારની વાત, કે ધ્યાનના વિષયમા શુ શુ ન ફુરકવુ જોઈએ, હવે એ જોઈએ કે ધ્યાનના વિષય તરીકે શુ શુ આવવુ જોઈએ એમા પૂર્વોક્ત ધર્મધ્યાન અને શુકલ ધ્યાનના વિષયો જોઈએ એમા પહેલા ા ચાર વિષય - આજ્ઞા-અપાય વિપાક સસ્થાન **આજ્ઞા** એટલે નય નિક્ષેપ, અનુગમ, સપ્તભગી, પ્રમાણ, હેતુ, દૃષ્ટાન્ત વગેરેથી પૂર્ણ એવુ શ્રી જિનવચન; **અપાય** એટલે રાગદ્વેષાદિના કટુફળ, **વિપાક** એટલે સ્વકૃત પૂર્વ કર્મના જ ફળનો ભોગવટો, તથા **સસ્થાન** એટલે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યની મહાસત્તાથી વ્યાપ્ત એવા અનેક દ્રવ્યો અને તેની વિવિધ પરિસ્થિતિઓથી ખૂણે ખૂણે ભરચક એવો સમસ્ત ચૌ૦ રાજલોક આનુ ધ્યાન કરવાનુ દા ત લોકમા પોતાનો આત્મા કર્મનો કર્તા, સ્વકર્મનો ભોક્તા, ભિ ૧ ભિ ૧ ગતિમા જન્મ મરણથી સ સર્તો (ભટકનારો) છતા મૂળસ્વરૂપે અરૂપી, અવ્યય, શુદ્ધ જ્ઞાનાદિ લક્ષણવાળો છે, એ ચિંતવે અથવા એકાગ્ર પણે વિચારે કે સસાર એક સમુદ્ર છે એમા કષાય રૂપી પાતાલકલશો, જન્મજરામૃત્યુરૂપીપાણી, ને મહા મોહના આવર્ત છે તેમ, કામનો વડવાનલ, આશાપવન,

અને વિક પોરૂપી મોજા છે ઇંદ્રિયોના આવેગની ભરતી, અજ્ઞાન-દુર્દિન, કદાગ્રહ વ ટોળ, દોષની ભેખડો, આધિ વ્યાધિ વગેરે જળજંતુઓ છે આવા સમુદ્રને તારવા એક માત્ર ચારિત્ર વહાણ સમર્થ છે પણ એમા જ્ઞાન સુકાની છે, બહુ દઢ-શીલાંગના મજબુત પાટીયા, દઢ-સમ્યકત્વના બંધન, આસ્રવના છિદ્રો બંધ કરી સંવરના ઢાકણ દેવાનું સદ્યોગ (પ્રવૃત્તિ) રૂપી કૂપ સ્તંભ, તપોનુકૂલ પવનથી સંવેગનો વેગ, ને અસંખ્ય સદ્દઆરાયોરૂપી યોદ્ધાઓ જોઇએ એમા, સમ્યગ્દર્શન મિથ્યાત્વનો નાશ કરે, પ્રશમાદિ એ કષાયનો, શીલ કામનો નાશ કરે, વૈરાગ્ય હાસ્યાદિનો, શાસ્ત્રઉદ્યમ નિદ્રાવિકથાદિનો, ઇન્દ્રિયદમન અસંયમનો, ધર્મ એ રાગદ્વેષ મોહનો, ધર્મશુકલ ધ્યાન એ આર્ત રૌદ્રનો, અને પુણ્યોદય એ આશાતાદિનો નાશ કરે આમ ચારિત્ર જહાજ આગેકૂચ કરતુ જીવને મોક્ષનગરે પહોચાડી દે છે શુકલધ્યાનનો વિષય બહુ ઊંચો છે, તેનો નામનિર્દેશ પૂરો કર્યો છે, ચૌદ પૂર્વ જે કહેવાય એ મહાશાસ્ત્રના જ્ઞાતા એ સારી રીતે કરી શકે છે

આમ મહાગંભીર એવો વિશિષ્ટ કોટિનો નક્કર, સક્રિય અને સફલ ધ્યાનમાર્ગ સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્માએ જ બતાવ્યો છે, અને એમ કરીને જગત પર અનંત ઉપકાર વરસાવ્યો છે

ભક્તિયોગ-વિશિષ્ટ ભક્તિમાર્ગ પણ એજ પ્રભુની બક્ષીસ છે ભક્તિ બે પ્રકારની દ્રવ્યભક્તિ અને ભાવભક્તિ દેવની દ્રવ્યભક્તિમા એક સામાન્ય અજલિ જોડવા રૂપ કે એક સ્તુતિ બોલવા રૂપ નમસ્કારથી માડી અભિષેક, ચદન-કેશર, પુષ્પ, વસ્ત્ર-આભરણાદિ પૂજા, વાસચૂર્ણ પૂજા, પુષ્પવૃષ્ટયાદિ પૂજા, ધૂપ દીપ અક્ષત ફલ નૈવેદ્ય પૂજા, સ્તવન ગીત વાજિંત્ર નૃત્યાદિ પૂજા, જાપ સ્તોત્રાદિ, સ્નાન, શાતિસ્નાત્ર બૃહતસ્નાત્ર, અજનશલાકા પ્રતિષ્ઠાવિધિ, અષ્ટાહ્નિકા ઉત્સવ, મહાપૂજા વગેરેના વિધાન છે, ભાવભક્તિમા શ્રી અરિહત પરમાત્મા સબધી શુભ અધ્યવસાયથી માડી નિષ્કામ હૃદયે એક માત્ર કર્મનિર્જરા અને આત્મશુદ્ધિના હેતુથી કરાતા જિનાજ્ઞાપાલનના અનેક પ્રકારો આવે છે

યોગમાર્ગ—શ્રી જિનેશ્વરદેવના શાસનમા મુખ્ય રાજયોગ છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો એને એકમાત્ર સયમયોગ અર્થાત્ સામાયિકયોગમા સમાવી શકાય, અથવા શ્રુતધર્મયોગ અને ચારિત્ર ધર્મયોગમા સમાવી શકાય એને સાધવાની ત્રણ કક્ષા છે (૧) ઇચ્છાયોગ, (૨) શાસ્ત્રયોગ અને (૩) સામ ર્થ્યયોગ એને આરાધવાના ઈચ્છા-પ્રવૃત્તિ-સ્થૈર્ય અને સિદ્ધિ એમ ક્રમશ ચાર પ્રકારના યોગથી બને છે

ચોગની પાચ ભૂમિકા છે –૧ અધ્યાત્મ, ૨ ભાવના, ૩ ધ્યાન, ૪ સમતા અને ૫ વૃત્તિસક્ષય એ પાચ ને પણ ચોગ કહેવાય છે પ્રાથમિક અભ્યાસી માટે એટલે કે નિરતિચાર ચારિત્રનિષ્ઠતા નથી આવી ત્યા સુધી સામાયિક – ચતુર્વિંશતિસ્તવ – વદન–પ્રતિક્રમણ–કાયોત્સર્ગ–પ્રત્યાખ્યાન, એ ષડાવશ્યક યોગ છે બાકી સવિકલ્પ–નિર્વિકલ્પ યોગ, સાપેક્ષ–નિરપેક્ષયોગ, વગેરે પણ યોગો છે, આમ એકવિધ, દ્વિવિધ, ત્રિવિધ, ચતુર્વિધ, પચવિધ, ષડ્વિધયોગના મહાવિસ્તારવાળા સ્વરૂપ, જેવા કે યોગલક્ષણ, પૂર્વસેવા, અપુનર્બંધક, સમ્યગ્દષ્ટિ યોગભેદ, યોગવિવેક, યોગાવતાર, યોગ માહાત્મ્યાદિ, એને સાધવાની પદ્ધતિ–પ્રક્રિયા, એમા ઉપસ્થિત થતા વિઘ્નોનો પ્રતિકાર તથા એનાં ફળ–આ બધાનો ભવ્ય પ્રકાશ કે જે અન્યત્ર દુર્લભ છે, અને જે વિશિષ્ટ કોટિનો છે, તે ભવ્ય પ્રકાશ સર્વજ્ઞ શ્રી અરિહત પરમાત્માએ આપ્યો છે આવશ્યક, યોગશાસ્ત્ર, યોગબિન્દુ, યોગવીશી, બત્રીશ બત્રીશી વગેરે ગ્રન્થોમા એનુ વર્ણન મળે છે

યોગદષ્ટિમાર્ગ —યોગસાધના માટે આત્માએ અનાદિની ભવાભિનદીપણાની અર્થાત્ સસારરસિકતા **ની ઓઘદષ્ટિના વલણુ મિટાવી દઈને ઉત્તરોત્તર વિશુદ્ધ વિશુદ્ધ યોગદષ્ટિના બોધાત્મ-**

વવાની જરૂર છે એ યોગદષ્ટિ મિત્રા-તારા બલા-દીપ્રા-સ્થિરા-કાન્તા-પ્રભા-પરા, એ નામે **આઠ યોગ દષ્ટિ** છે તેને ક્રમશ સિદ્ધ કરતા સાથે સાથે વિશિષ્ટકોટિના યમ-નિયમ-આસન-ભાવ પ્રાણાયામ-પ્રત્યાહાર-ધારણા - ધ્યાન-સમાધિ, - એ **આઠ યોગાઙ્ગ**, અદ્વેષ જિજ્ઞાસા શુશ્રૂષા-શ્રવણ-બોધમિમાંસા-પ્રતિપત્તિ-પ્રવૃત્તિ એ **આઠ ગુણસ્થાન**, તથા ખેદ-ઉદ્વેગ-ક્ષેપ - ઉત્થાન - ભ્રાન્તિ - અન્યમુદ્-રોગ-આસંગ, એ **આઠ દોષનો ત્યાગ**, એ બધુંય સિદ્ધ કરવાનું હોય છે આ ચારે ય અષ્ટકના બનાવ મુદ્દા પૈકી પ્રત્યેકનું અદ્ભુત પ્રતિપાદન પણ શ્રી અરિહંત પ્રભુના શાસનની વિશેષતા છે યોગદષ્ટિસમુચ્ચય વગેરેમા એનુ વર્ણન મળે છે

જ્ઞાનપરિણતિમાર્ગ —આ પણ એક વિશિષ્ટ કોટિનો આરાધ્ય માર્ગ છે અલ્પ કે અધિક જ્ઞાન આત્મામા જો પરિણામ પામ્યુ, પચ્યુ, ઉન્નતિકારક બન્યુ, તો એના (૧) ચરમ મુખ્ય ફળ રૂપે આત્મામા પૂર્ણતાની સર્વોચ્ચ સ્થિતિ બની આવે છે, અને (૨) અવાતર ફળ તરીકે મગ્નતા, સ્થિરતા, મોહત્યાગ, જ્ઞાન, શમ, ઇન્દ્રિયજય, ત્યાગ, વિવેક, ક્રિયા, તૃપ્તિ, નિર્લેપતા, નિસ્પૃહતા વગેરે અનેકાનેક ગુણો ખીલી ઉઠે છે ,એ વિશિષ્ટ કોટિના જ્ઞાનપરિણતિના

માર્ગનો પ્રકાશ પણ શ્રી અરિહંત દેવનો ઉપકાર છે

અધ્યાત્મમાર્ગ —

પ્ર૦– અધ્યાત્મ એટલે શું ?

ઉ૦–ગતમોહાધિકારાણામાત્મા માનમધિકૃત્ય યા।
પ્રવતતે ક્રિયા શુદ્ધા તદધ્યાત્મ જગુર્જિના ॥

શ્રી સર્વજ્ઞ જિનેશ્વરદેવો કહે છે કે આત્માની મોહનો અધિકાર છોડી દઈને આત્માને આશ્રીને જે શુદ્ધ ક્રિયા પ્રવર્તે છે તે અધ્યાત્મ છે અનાદિ કાળથી જીવ જે પ્રવૃત્તિ કરતો આવ્યો છે તે મોહને આધીન થઈ દા ત પૈસા લેવા ગયો તે લાભથી, ખાધું તે ગગથી, બોલ્યો તે ક્રોધથી કે ગર્વથી, બીજાને બોલાવ્યા તે માયાથી — આમ મોહના અધિકાર નીચે રહીને પ્રવૃત્તિઓ કરી, તે પણ પાપ પ્રવૃત્તિઓ કરી અહીં કહે છે કે આત્માને આશ્રીને શુદ્ધ ક્રિયા કરાય તે અધ્યાત્મ કહેવાય ક્રિયાનો ઉદ્દેશ આત્મા જોઈએ દેવદર્શન કર્યા આત્માના પાપ ધોઈ આત્માને નિર્મળ કરવા, તપ કર્યો આત્માને કર્મબંધનોથી મુક્ત કરવા મુનિએ આહાર વાપર્યો સ્વાધ્યાય આદિ માટે આત્માને સશક્ત બનાવવા તો આ બધી પ્રવૃત્તિ અધ્યાત્મમા ગઈ મોક્ષ માટે જ નહી પણ જગતમા ય સુખ અને

તિ માટે અધ્યાત્મની જરૂર છે કેમકે અધ્યાત્મીજ સાચા સુખી અને ઉન્નત હોય છે આધ્યાત્મિકને બદલે આધિભૌતિક ને આધિમોહિક પ્રવૃત્તિ કરનારા તો બિચારા મહાદુખી અને અવનતિની દશામા હોય છે

આ અધ્યાત્મનો પણ એક વ્યવસ્થિત માર્ગ છે એમા ઘણુ ઘણુ સમજવાનુ હોય છે, જેમકે, અધ્યાત્મનો મહિમા, અધ્યાત્મનુ સ્વરૂપ, અધ્યાત્મ કયાથી શરૂ થાય, કયા કયા ઉત્તરોત્તર વધતો અધ્યાત્મ, વિષય આત્મા અનુબ ધ શુદ્ધકર્મ, દભત્યાગ, ભવસ્વરૂપ, વૈરાગ્યની શુદ્ધ વ્યાખ્યા અને સ્વરૂપ, જ્ઞાનગર્ભિતાદિ ત્રિવિધ વૈરાગ્ય, વૈરાગ્યના વિષયો, મમતાત્યાગપૂર્વક સમતા, વિષ-ગરલાદિ પ ચવિધ શુદ્ધ-અશુદ્ધ અનુષ્ઠાન, મન શુદ્ધિ મિથ્યાત્વત્યાગ-સમ્યકત્વ, અહિંસાદિ યમનિયમની કયા સિદ્ધાન્તવાદમા શકયતા, અસદ્ગ્રહત્યાગ, કર્મયોગ-જ્ઞાનયોગ, ધ્યાન, વ્યવહારદષ્ટિ-નિશ્ચયદષ્ટિ, શુદ્ધ આત્મસ્વરૂપ-નિશ્ચય, નયો તત્ત્વવ્યવસ્થા, આત્માનુભવ

આવા ભવ્ય વિશિષ્ટ અને વિશુદ્ધ અધ્યાત્મ માર્ગનુ યથાર્થ પ્રકાશન અન તજ્ઞાની શ્રી અરિહ ત પરમાત્માએ કરીને અન ત ઉપકાર કર્યો છે

આ રીતે બહુ સ ક્ષિપ્ત અને આછા સ્વરૂપમા

શ્રી અરિહંત પરમાત્માના સ્વરૂપ, ગુણ, શક્તિ અને ઉપકારનું અવલોકન કર્યું કે તે ઉપકારના વિષયમાં તે તે જ્ઞાન પ્રકાશનો વિસ્તાર વર્ણવવા બેસીએ તોય પાર ન આવે, તો પછીના સંબંધમાં તો પૂછવાનું જ શું ? આવા સ્વરૂપાદિવાળા પરમાત્મા એજ ખરેખર પરમ આત્મા છે, એ આ ભવ-પરભવ અને ભવોભવના હિતકારી, કલ્યાણકારી અને સુખકારી છે આ જગત ઉપર જે આવા પરમાત્મા ઓળખવા-સમજવા મળે છે, તો એ સિવાયને પરમાત્માનું બીજું ત્રીજું નામધારી કલ્પનું સ્વરૂપ કે જીવન-ગુણો વગેરે શા સારૂ માનવું ? અને, અન્ય દેવદેવી ઉપરેય શી આસ્થા રાખવી છે? તેમજ, એ વિશુદ્ધ પરમાત્મા પર પૂર્ણ શ્રદ્ધા અનુસરણ અને આત્મસમર્પણ કર્યા વિના ન્હોતા કંઈ ય નથી માટે જ એક ક્ષણના ય વિલંબ વિના એમના વચન પર પણ અસ્થિમજ્જા દૃઢ શ્રદ્ધા કરીને એમણે આદરેલા મોક્ષોપયોગી અનેક પ્રકારના યોગો, તથા વિવિધ માર્ગોની આરાધના જ આ ઉચ્ચ માનવતત્ત્વમાં કરી લેવી જોઈએ. બીજી આળપંપાળ બધીય માત્ર ફોગટ છે એટલું જ નહિ, કિન્તુ એ આ અલૌકિક જ અહીં ગુમાવીને જીવને ભવિષ્યના દીર્ઘકાળ સુધીય આવી તકથી

રાખી ઉપરથી દુર્ગતિના વિવિધ ત્રાસમાં

નાખનારી છે માટેજ શ્રી અરિહંત પ્રભુના શરણને જ સ્વીકારી એમની આજ્ઞાનું શક્ય જીવન બનાવવું હિતાવહ છે

[સમાપ્ત.]

